कर भला होगा भला
- છગનભા

વર્ષ : 1 ✦ અંક : 3
મે-જૂન, 2011

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

The bottom line is that world class universities look outward and think beyond conventional boundaries today. The students that we educate today will have opportunities to go on to live and work in a range of cultures. We must equip them for this life by teaching, offering other types of experiences, meeting their contemporaries elsewhere and so on. The question of bringing about transformation in Indian universities so that they become really examples of international diversity is going to be quite challenging. As a first step, we could experiment with bringing in several diverse cultures that this country offers to be brought within the ambience of a university environment so that a broader national outlook is made possible.

**- K Kasturirangan**

The highest-ranked universities are the ones that make significant contributions to the advancement of knowledge through research, teach with the most innovative curricula and pedagogical methods under the most conducive circumstances, make research an integral component of undergraduate teaching, and produce graduates who stand out because of their success in intensely competitive arenas during their education and (more important) after graduation. It is these concrete accomplishments and the international reputation associated with these sustained achievements that make these institutions world-class.

**- Jamil Salmi**



# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત છાત્રાલયો




વિદ્યાર્થી આશ્રમ-૧, કડી



સંતોકબા હાયર એજ્યુ. બૉઈઝ હૉસ્ટેલ, કડી



શ્રીમતી શકરીબહેન ડાહ્યાભાઈ પટેલ હાયર એજ્યુ, ગર્લ્સ હૉસ્ટેલ, કડી



રઈબહેન ગોપાલદાસ સાયન્સ કૉલેજ હૉસ્ટેલ, કડી



માણેકબહેન સી. કે. પટેલ હાયર એજ્યુ. બૉઈઝ હૉસ્ટેલ, કડી



ટેક્નિકલ સ્કૂલ હૉસ્ટેલ, કડી



ઘ.મો. ટેક્નિકલ હાઈસ્કૂલ છાત્રાલય, કડી



શ્રીમતી ઊર્મિલાબહેન ગોવિંદભાઈ દેસાઈ કન્યા છાત્રાલય, કડી

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧, અંક : ૩, મે-જૂન, ૨૦૧૧

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ

| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | સંસ્થા પરિચય | ૫ |
| | – ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર | ૫ |
| ૩. | India's Educational... | ૮ |
| ૪. | મને સાંભરે રે... | ૧૪ |
| ૫. | છાત્રાલય : ઉચ્ચ શિક્ષણનું લૂલું અંગ | ૨૨ |
| ૬. | સ્મરણીય સ્વાનુભવ | ૨૬ |
| ૭. | ખરા વાચનવીર | ૨૯ |
| ૮. | ઇન્ટરવ્યૂ આપતા સમયે... | ૩૧ |
| ૯. | ગ્રંથસૌરભ | ૪૩ |
| | – વાચકની દીવાદાંડી | ૪૩ |
| ૧૦. | સંસ્થા-વૃત્ત | |
| | – યુનિવર્સિટી/કૉલેજ વિભાગ | ૪૬ |
| | – શાળા વિભાગ | ૪૭ |
| ૧૧. | વિનોદ માધુરી | ૪૮ |

**પત્રવ્યવહારનું સરનામું**

**મણિભાઈ પ્રજાપતિ**

ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

GATS કરારોના અમલીકરણના પગલે પગલે ઉદારીકરણ, વૈશ્વિકરણ અને ખાનગીકરણ સર્વ ક્ષેત્રોમાં પ્રવેશી ગયું. પરિણામસ્વરૂપે વિકસતા દેશોએ અનેકવિધ પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. GATS અંતર્ગત શિક્ષણને પણ વ્યાપારની ચીજ તરીકે ગણના કરવામાં આવતાં વિકસતા દેશોએ પોતાની શિક્ષણપ્રણાલીમાં આમૂલ પરિવર્તનો લાવવાની ફરજ પડી. વિકાસશીલ દેશો પણ પોતાનાં શિક્ષણસંસ્થાનોને વધુ સજ્જ કરી રહ્યા છે. ઉચ્ચશિક્ષણ એ સામાજિક સંરચના, રાષ્ટ્રીય વિકાસ અને આર્થિક સમૃદ્ધિની કેન્દ્રિય ધરી હોવાથી વિશ્વના કેટલાક દેશો પોતપોતાની યુનિવર્સિટીઓને World-class University તરીકે પ્રસ્થાપિત કરવા કટિબદ્ધ બન્યા છે. જો કે World-class University કોઈ જાદુઈ ચિરાગથી રાતોરાત ઊભી કરી શકાય નહિ. આ માટે તો વર્ષોની કઠોર સાધના, વિપુલ ધનરાશિ અને ધ્યેયનિષ્ઠા અનિવાર્ય બની રહે છે. ૧૯મી સદીના અંત ભાગમાં જ્હોન ડી. રોકફેલર એ હાર્વર્ડ યુનિવર્સિટીના તત્કાલિન પ્રેસિડેન્ટ ચાર્લ્સ ડબલ્યૂ. એલિયટ સાથેની વાતચીત દરમ્યાન

પૃચ્છા કરેલ કે World-class University બનાવવા માટે કેટલો ખર્ચ અને સમય લાગે ? એલિયટે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે ૫૦ મિલિયન ડૉલર અને ૨૦૦ વર્ષ. જો કે હાલમાં World-class University બનાવવા માટે ૭૦૦ મિલિયન ડૉલરથી અધિક ખર્ચનો અંદાજ છે. પાકિસ્તાન સરકાર આગામી થોડાંક જ વર્ષોમાં ૭૦૦ મિલિયન ડૉલરના ખર્ચે એક એવી ત્રણ વર્લ્ડ કલાસ યુનિવર્સિટીઓ (એન્જિનિયરિંગ, સાયન્સ અને ટેકનોલોજી) સ્થાપવાનું આયોજન કરી રહી છે.

કેમ્બ્રિજ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ (૨૦૦૪–૨૦૦૯) પ્રો. એલિસન રિચાર્ડના મતે World-class University બનાવવા માટે ૪ ઘટકો મહત્ત્વપૂર્ણ છે. – ૧. માનવ જિજ્ઞાસાનાં બધાં જ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટતા માટે પ્રતિબદ્ધતા તથા માત્ર પસંદગીનાં કેટલાંક ક્ષેત્રોમાં જ તેનાં ઉચ્ચધોરણો માટે તે જાણીતી હોય તે બરાબર નથી. ૨. અધ્યાપનની સાથે સાથે યુગપ્રભાવક સંશોધનોમાં વ્યસ્ત તેમજ જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં નેતૃત્વ પૂરું પાડે તેવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા, ૩. સંશોધકોને સંશોધનો માટે પૂર્ણ સ્વતંત્રતા બક્ષવી અને છેલ્લે ૪. દિશાઓ વિસ્તરણશીલ હોય, અર્થાત્ આંતરવિધાશાખાકીય સંશોધનો, ઉદ્યોગો સાથે ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન પૂરું પાડવું.

વિશ્વમાં યુનિવર્સિટીઓને ગુણાનુક્રમે ક્રમનિર્ધારણ કરતી ત્રણ મુખ્ય સંસ્થાઓ છે. Times Higher Education Supplement ૨. Shanghai Jiao Ting University અને ૩. Webometrics. આ બધી સંસ્થાઓ ક્રમનિર્ધારણ માટે જે તે યુનિવર્સિટી પાસેથી કે અન્ય સ્રોતોના આધારે વિષયનિષ્ઠ તેમજ વસ્તુનિષ્ઠ ડેટા પ્રાપ્ત કરે છે. જેમાં જે તે યુનિવર્સિટીની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ, યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોની સંખ્યા, ભરતી પ્રક્રિયા, ભૂતપૂર્વ છાત્રધન અને અધ્યાપકો, ગુણવત્તાપૂર્ણ અધ્યાપન, આર્થિક સદ્ધરતા, આવકનાં સ્રોતો, સંશોધનો, પ્રકાશનોના ઉલ્લેખો (citation), મેળવેલ લબ્ધપ્રતિષ્ઠ ઍવૉર્ડ્સ વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

અધ્યાપકોની ભરતીમાં પ્રખર બૌદ્ધિકતાને જ World-class Universityમાં પ્રાધાન્યતા આપવામાં આવે છે. તે કયા પ્રાંત, દેશ, ભાષા કે ધર્મનો છે તે સાથે કોઈ જ નિસબત રાખવામાં આવતી નથી. ઉદા. તરીકે હાર્વર્ડ યુનિવર્સિટીમાં મેડિકલ વિષયના અધ્યાપકો સહિત ૩૦% અધ્યાપકો વિદેશી છે, જ્યારે ઑક્સફર્ડ અને કેમ્બ્રિજમાં અનુક્રમે ૩૬% અને ૩૦% અધ્યાપકો બહારના દેશોના છે. વર્લ્ડ કલાસ ઑક્સફર્ડ યુનિવર્સિટીએ તેના પ્રવર્તમાન કુલપતિ તરીકે અમેરિકાની યેલ યુનિવર્સિટીના Provost Prof. Andrew Hamiltonની પસંદગી કરી કે જેઓ ઑક્સફર્ડના સ્નાતક પણ નથી, તેમજ ન્યુઝીલેન્ડના વતની છે. પસંદગી સમિતિના અધ્યક્ષ અને ઑક્સફર્ડના ચાન્સેલર Lord Pattenએ આ પસંદગી સંદર્ભે કહ્યું હતું કે Hamilton had a remarkable combination of proven academic leadership and outstanding scholarly achievement that makes him an exceptional choice to help guide us in to the second decade of the 21 Century' આપણી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ કે અધ્યાપકોની પસંદગીમાં આવી નખશીખ ગુણવત્તા જ શિક્ષણનું અને શિક્ષણ સંસ્થાનું ગૌરવ વધારી શકે તે ધ્યાને રહેવું જોઈએ. આ સંદર્ભે આપણી માનસિકતા કેટલાક અપવાદો બાદ કરતાં પ્રાયઃ સંકુચિત કે વિપરીત જોવા મળે છે. હા, હવે ભવનો ભવ્ય અને લોભામણાં

બનાવવામાં આવે છે ખરાં, પરંતુ તેના કુલપતિશ્રી, આચાર્યશ્રી, અધ્યાપકો, સમૃદ્ધ ગ્રંથાલય અને અદ્યતન પ્રયોગશાળા અને અન્ય ટેકનોલોજી કેટલી ગુણાત્મક રીતે ઉપલબ્ધ છે તે તપાસનો વિષય બની રહે છે. આપણી યુનિવર્સિટીઓમાં સંશોધન પ્રવૃત્તિ પણ નહિવત્ માત્રામાં જોવા મળે છે. આ વૈશ્વિકરણના યુગમાં આપણું શિક્ષણ વૈવિધ્યપૂર્ણ, વૈશ્વિક અને સ્પર્ધાત્મક રાખવા માટે અધ્યાપકો અને કુલપતિઓની પસંદગીમાં લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાનોનો કોઈ વિકલ્પ નથી જ તે હંમેશાં નજર સમક્ષ રાખવું જોઈએ.

J. Alden and G. Linએ તેમના ગ્રંથ 'Benchmarking the Characteristics of a World-Class University'.. (૨૦૦૪)માં વિશ્વ–સ્તરની યુનિવર્સિટીઓની ચાવીરૂપ લાક્ષણિકતાઓ સૂચવેલ છે જે Jamil Salmiએ તેના ગ્રંથ The Challenge of Establishing World-Class Universities' (૨૦૦૯)ના પરિશિષ્ટ-Dમાં ઉદ્‌ધૃત કરી છે, જે નીચે મુજબ છે.

- પોતાનાં સંશોધનો અને અધ્યાપન માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી હોય
- ઘણાબધા લબ્ધપ્રતિષ્ઠ સંશોધકોની ઉપસ્થિતિ અને પોત–પોતાના વિષયક્ષેત્રોમાં ટોચનું નેતૃત્વ પૂરું પાડવાની સામર્થ્યતા હોય.
- માત્ર અન્ય વિશ્વ–સ્તરની યુનિવર્સિટીઓ દ્વારા સ્વીકૃતિ જ નહીં (ઉદા. તરીકે U.S. Ivy League પરંતુ ઉચ્ચશિક્ષણના ક્ષેત્ર બહારની સંસ્થાઓ દ્વારા પણ સ્વીકૃતિ પામેલી હોવી જોઈએ.
- વિશ્વ–સ્તરના ઘણા બધા વિભાગો હોય (બધા જ વિષયોના વિભાગો હોવા જોઈએ તે જરૂરી નથી).
- પોતાનાં ઓજસ્વી સંશોધનો થકી ઓળખાતી હોય અને તેની ઓળખ સંશોધનોથી જ ઊભી થયેલી હોય તેમજ વિશિષ્ટ ખ્યાતિ ધરાવતી હોય. (અર્થાત્ તેના રસક્ષેત્રના પ્રમુખ વિષયોમાં).
- નવીન વિચારો પેદા કરવા અને બુનિયાદી તથા પ્રયોજિત સંશોધનો વિપુલમાત્રામાં ઉત્પન્ન કરવાં.
- સીમાચિહનરૂપ સંશોધનો કરવાં કે જે પ્રતિષ્ઠિત પુરસ્કારોથી અલંકૃત થયેલાં હોય (ઉદા. તરીકે નૉબેલ પ્રાઈઝ).
- તેજસ્વી વિદ્યાર્થીઓને આકર્ષવા અને ઉત્તમ સ્નાતકો બહાર પાડવા.
- પ્રતિભાસંપન્ન અધ્યાપકોને આકર્ષી શકે અને નિયુક્ત કરી શકે.
- આંતરરાષ્ટ્રીય માર્કેટમાંથી અધ્યાપકો અને વિદ્યાર્થીઓની ભરતી કરી શકે.
- અધ્યયન અને સંશોધનકાર્ય માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં આકર્ષે.
- વિદેશોના વિદ્યાર્થીઓને મોટા પ્રમાણમાં આકર્ષે.
- વૈશ્વિક માર્કેટમાં કાર્ય કરે અને ઘણી બધી પ્રવૃત્તિઓ આંતરરાષ્ટ્રીય હોય (ઉદા. તરીકે સંશોધન સંપર્કો, વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો વિનિમય પ્રોગ્રામ અને મુલાકાતીઓ આંતરરાષ્ટ્રીય સ્તરના હોય).
- નાણાંકીય પૂર્ણ સદ્ધરતા હોવી.
- માતબર દાન અને આવક મેળવવી.
- આવકના વિવિધ સ્રોતો હોય (ઉદા. તરીકે સરકાર, ખાનગી કંપનીઓ, સંશોધનોની આવક અને વિદેશોના વિદ્યાર્થીઓની ફીની આવક).

- પોતાના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાશીલ અને ઉત્સાહપૂર્ણ સંશોધન અને શૈક્ષણિક પર્યાવરણ પૂરું પાડતી હોય (ઉદા. તરીકે સાધનસંપન્ન સગવડોથી ભરપૂર ઉત્કૃષ્ટ ભવનો તથા રળિયામણું પરિસર).
- પ્રથમ કોટિની દૃષ્ટિસંપન્ન સંચાલન સમિતિ અને અમલીકરણ આયોજનો હોય.
- એવા સ્નાતકો પેદા કરવા કે જે અંતતઃ પ્રભાવશાળી દરજ્જો ધરાવતા હોય અને અથવા સત્તાધારી હોય (ઉદા. તરીકે વડાપ્રધાન, રાષ્ટ્રપતિ).
- ચઢિયાતી ઉપલબ્ધિઓનો સુદીર્ઘ અને ગૌરવપૂર્ણ ઇતિહાસ ધરાવતી હોય (ઉદા. તરીકે યુનાઈટેડ કિંગડમમાં ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ યુનિવર્સિટી અને અમેરિકામાં હાર્વર્ડ યુનિવર્સિટી).
- સમકાલીન યુગ અને સમાજને ઘણુ મોટું પ્રદાન કર્યું હોય.
- વૈશ્વિક સ્તરે ઉચ્ચ યુનિવર્સિટીઓ અને અનુસ્નાતક વિભાગો સાથે સતત માનદંડ જાળવી રાખતી હોય.
- પોતાની કાર્યસૂચિ પ્રસ્થાપિત કરવાનો આત્મવિશ્વાસનો રણકો સતત ધબકતો હોય.

(અહીં સમાવિષ્ટ વિગતો વર્લ્ડ બેંકના હ્યુમન ડેવલપમેન્ટ નેટવર્કના કો-ઓર્ડિનેટર Jamil Salmiના ઉપર દર્શાવેલા પુસ્તકના આધારે સાભાર નોંધવામાં આવી છે.)

**મણિભાઈ પ્રજાપતિ**

ઇડિથ ક્વેલ એક અંગ્રેજ નર્સ હતી. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તે ઘાયલોની સેવા કરવા માટે તે બેલ્જિયમ આવી હતી. તે મિત્ર હોય કે શત્રુ, દરેકની એકસરખી સેવા કરતી હતી. તેને એક વાતની તકલીફ હતી કે, જર્મની સૈનિક બેલ્જિયમના નાગરિકોને પોતાના દેશની વિરુદ્ધ કામ કરાવવા માટે લાચાર બનાવતા હતા. વિજેતા જર્મની દ્વારા નાગરિકોને ગુલામ બનાવવાનું પણ તેનાથી સહન થતું ન હતું. આવી સ્થિતિમાં તે પીડિત લોકોને પોતાની શિબિરમાં આશરો આપતી હતી. એક દિવસ જર્મન સૈનિકો તેને આમ કરતા જોઈ ગયા. તેને કેદ કરવામાં આવી. બંને તરફના સૈન્યમાં હાહાકાર મચી ગયો. તેને મૃત્યુદંડ આપવાની ઘોષણા થઈ. અનેક દેશોના રાજદૂતોએ માનવતા અને નૈતિકતાના ધોરણે આ સજાનો વિરોધ કર્યો, પરંતુ જર્મન ન્યાયતંત્રે આ બધાની અવગણના કરી. મૃત્યુ વખતે ઇડિથના અંતિમ શબ્દો હતા – 'ઈશ્વર અને સત્ય સાક્ષી છે કે માત્ર દેશભક્તિ જ માણસ માટે પૂરતી નથી. દેશભક્તિનો અર્થ એવો નથી કે, પોતાના દેશનું માન વધારવા માટે બીજા દેશના નાગરિકોને હેરાન કરવામાં આવે. કોઈ પણ જીવ માટે મારા મનમાં નફરત કે કડવાશનો ભાવ નથી.' મૂળ વાત એ છે કે, સાચો પરોપકારી તે જ છે જે ધર્મ, જાતિ, વર્ગના વાડામાંથી ઉપર ઊઠીને માણસને માણસની દૃષ્ટિથી જુએ અને તેના કલ્યાણ માટે કામ કરે. આપણી વર્તણૂક કે કાર્યપદ્ધતિ જ એવી હોય, જેનાથી બીજાઓ મોટે ભાગે હેરાન જ થાય, તો તેને સવેળા સુધારી લેવી જોઈએ. બીજાનું કલ્યાણ ન ઇચ્છનાર વધુ સમય સ્વીકૃત રહી શકતો નથી.

('દિવ્ય ભાસ્કર' તા. ૨૩ માર્ચ, ૨૦૧૧માંથી સાભાર)

# સંસ્થા પરિચય

## ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર

ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનની સ્થાપના ઈ.સ.૧૯૯૯માં સંસ્થાના ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલ અને સંસ્થાના હાયર એજ્યુકેશન વિભાગના ચેરમેન સદ્‌ગત શ્રી નરસિંહભાઈ કે. પટેલના પ્રયાસોથી કરવામાં આવી હતી.

વિસનગરના રાજકીય–સામાજિક ક્ષેત્રના અગ્રણી કાર્યકર તથા વિસનગરને ઉચ્ચશિક્ષણની વિદ્યાનગરી તરીકે પ્રતિષ્ઠા અપાવનાર શ્રી ભોળાભાઈ સી. પટેલે આ કૉલેજ માટે દાન જાહેર કરતાં કૉલેજ સાથે તેમનું નામ જોડવામાં આવ્યું છે.

અભ્યાસની સાથે સાથે સંસ્કાર ઘડતરના ધ્યેયને વરેલી 'સર્વ વિદ્યાલય' તેના મૂળ સ્થાપક પૂજ્ય શ્રી છગનભાના કર્મમંત્ર : 'કર ભલા, હોગા ભલા' અનુસાર આ કૉલેજ ચાલી રહી છે. છેલ્લાં ૧૨ વર્ષમાં કૉલેજે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે અને ગુજરાતની આગળ પડતી બી.બી.એ. કૉલેજોમાં સ્થાન મેળવ્યું છે. અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ નોકરી–વ્યવસાયના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને સરળતાથી સ્થાન મળી રહે તેવા અભિગમથી કૉલેજનું વાર્ષિક સમયપત્રક તૈયાર કરવામાં આવે છે.

આ કૉલેજની ઇમારત સંપૂર્ણપણે અભ્યાસલક્ષી માળખાગત સુવિધાઓ ધરાવે છે. પર્યાપ્ત હવા ઉજાસવાળા ૧૫ વર્ગખંડો, સેન્ટ્રલ પબ્લિક એડ્રેસ સિસ્ટમ, સમૃદ્ધ ગ્રંથાલય, અદ્યતન ટેકનોલોજીથી સજ્જ ૯૦ કમ્પ્યૂટરની લેબ, સ્પોર્ટસરૂમ, કેન્ટિન, સંસ્થાકીય કાર્યક્રમોનાં આયોજન માટે વિશાળ મેદાન તથા બહારગામના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે સગવડતાથી સજ્જ અલાયદી હોસ્ટેલ જેવી સુવિધાઓ સંસ્થા દ્વારા ઉપલબ્ધ કરાઈ છે.

વિદ્યાર્થીઓને સતત શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાના હેતુથી સંસ્થાની લાઈબ્રેરી વહેલી સવારથી મોડી સાંજ સુધી ખુલ્લી રહે છે. વિશાળ સંખ્યામાં ઉપલબ્ધ પાઠ્યપુસ્તકો, વિવિધ પ્રકારના સંદર્ભગ્રંથો, સામયિકો, અખબારો ઉપરાંત અનેકવિધ ઈ-રિસોર્સ પણ અહીં ઉપલબ્ધ છે. આ કમ્પ્યૂટરાઈઝડ લાઈબ્રેરીમાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને અભ્યાસર્થે અલાયદી વ્યવસ્થા હેતુ ક્યુબીકલ્સની વ્યવસ્થા ઉપરાંત ઇચ્છિત વાંચન સામગ્રીની ઉપલબ્ધતાની તપાસાર્થે કમ્પ્યૂટર ટર્મિનલ પણ સુલભ છે.

પ્રવર્તમાન ઔદ્યોગિક જગતની માંગને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓનો રોજગારલક્ષી અભિગમ કેળવાય તે લક્ષ્યને કેન્દ્રમાં રાખીને બી.બી.એ. નો અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો છે. મેનેજમેન્ટ, કમ્પ્યૂટર તથા એકાઉન્ટન્સ જેવા મહત્ત્વના ત્રણેય વિષયોને આવરી લેતો અભ્યાસક્રમ રિસર્ચ મેથોડોલોજી તથા કેપસ્ટોન પ્રોજેક્ટ જેવા વ્યવહારુ વિષયોની તાલીમ દ્વારા વધુ સમૃદ્ધ બન્યો છે. સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમ્યાન તમામ સેમેસ્ટર્સમાં નિયમિત વર્ગો લેવાય, વિદ્યાર્થીઓની પ્રત્યેક લેકચરમાં હાજરી લેવાય તે ઉપરાંત સંસ્થાના તમામ નિયમોનું શિસ્તપૂર્વક પાલન થાય તેની દેખરેખ રાખવામાં આવે છે. આ

સામૂહિક પ્રયત્નોના પરિણામસ્વરૂપે સંસ્થાના વિદ્યાર્થીઓ ઉચ્ચ પરિણામો પ્રાપ્ત કરી સંસ્થા તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ વધારે છે. દર વર્ષે સંસ્થાનાં પરિણામો સરેરાશ ૮૦%થી ૯૦% વચ્ચે આવે છે.

નિયમિત અભ્યાસકાર્યને ખલેલ ન પહોંચે તે રીતે, વિદ્યાર્થીઓની આંતરિક પ્રતિભાને બહાર લાવવા તથા તેમના વ્યકિતત્વનાં છૂપાં પાસાંઓને અભિવ્યકિતની તક આપવાના હેતુસર સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન અનેક શૈક્ષણિક તથા સાંસ્કૃતિક અભ્યાસલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. વિદ્યાર્થીઓની લેખનશકિતને વાચા આપવા માટે વર્ષ ૨૦૦૮થી 'ફેસ્કોસ' નામથી વાર્ષિક મેગેઝીન પ્રકાશિત કરવામાં આવે છે, જેમાં વિદ્યાર્થીઓની કૃતિઓનો સમાવેશ કરવામાં આવે છે. 'આઈના' નામથી સને ૧૯૯૯થી ચાલતો સંસ્થાનો વાર્ષિકોત્સવ પણ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનાં કૌશલ્યની અભિવ્યક્તિને તક આપે છે. આ ઉપરાંત સને ૨૦૧૦થી 'મેગ્નેટ' નામથી સંસ્થા દ્વારા મેનેજમેન્ટ એક્ઝીબીશન શરૂ કરવામાં આવેલ છે, જેમાં બી.બી.એ.ના અભ્યાસક્રમમાં આવરી લેવાતા વિષયોનું વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવતા ચાર્ટસ, મોડેલ્સ ત્યાં પ્રેઝન્ટેશન દ્વારા તેઓને વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમ્યાન ટીચર્સ ડે, ટ્રી પ્લાન્ટેશન ડે, બ્લડ ડોનેશન કેમ્પ, થેલેસેમિયા ચેક એન્ડ અવેરનેસ કેમ્પ, યોગાસન તથા મેડિટેશનના કાર્યક્રમો ઉપરાંત ડીબેટ, ગૃપ ડિસ્કસન, સેમિનાર, પ્રેઝન્ટેશન, કેસ-સ્ટડી જેવા અનેક કાર્યક્રમો તથા સ્પર્ધાઓનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓના ઘડતર અને કારકિર્દી વિકાસ માટે સદાય તત્પર રહેતી અધ્યાપકોની ટીમ આ કૉલેજનું સબળ જમા પાસું છે. કૉલેજના નિયામકશ્રી તેમજ કેટલાક અધ્યાપકો એમ.ફીલ., પીએચ.ડીની ડિગ્રીઓ ધરાવે છે, તેમજ બાકીના અધ્યાપકો પણ ઉચ્ચ અધ્યયન અને સંશોધન ક્ષેત્રે કાર્યરત છે. છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન આ કૉલેજનાં પ્રાધ્યાપકો દ્વારા ૬ થી વધુ પુસ્તકો તથા ૨૫ રિસર્ચ પેપર્સ વિવિધ જર્નલ્સ તેમજ પુસ્તકોમાં છપાયાં છે. નેશનલ તથા ઈન્ટરનેશનલ સેમિનાર તથા કોન્ફરન્સમાં અવારનવાર આ કૉલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા રિસર્ચ પેપર રજૂ કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૬માં NAAC કમિટી દ્વારા સંસ્થાના અભ્યાસલક્ષી અભિગમ, પ્રવૃત્તિઓ, માળખાકીય સુવિધાઓ જેવા અનેકવિધ પાસાઓની સમીક્ષા કરી કૉલેજને B ગ્રેડનો દરજ્જો આપવામાં આવેલ છે.

અભ્યાસકાર્યની સાથે સાથે વિદ્યાર્થીઓ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવતી રમતગમતની સ્પર્ધાઓમાં પણ ઉત્સાહભેર ભાગ લે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧માં જ બી.બી.એ. બોયૂસની ટીમ કબડ્ડી સ્પર્ધામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે વિજેતા રહેલી જ્યારે અનેક રમતગમતમાં રનર્સ-અપ તરીકે ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. શૈક્ષણિક વર્ષના પ્રારંભમાં યુનિવસિર્ટી દ્વારા યોજવામાં આવેલ યુથ ફેસ્ટિવલ રેલી સ્પર્ધામાં સંસ્થાનાં વિદ્યાર્થીઓ દ્વિતીય ક્રમ મેળવી સંસ્થાની સફળતાની પરંપરા જાળવી શક્યા છે. આ ઉપરાંત અન્ય સંસ્થાઓ દ્વારા યોજાતી અનેક શૈક્ષણિક-સાંસ્કૃતિક તથા રમતગમતની પ્રવૃત્તિઓમાં સંસ્થાનું પ્રતિનિધિત્વ કરી વિધાર્થીઓએ પ્રથમ તથા દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યા છે.

રોજગારલક્ષી અભિગમ કેળવવાના હેતુથી સંસ્થા દ્વારા બી.બી.એ. સાથે સાથે ચાલતા CA, CS, ICWA જેવા અભ્યાસક્રમો અંગે માર્ગદર્શક વર્ગોનું આયોજન પણ કરવામાં આવે છે. આ ઉપરાંત બેંક, વીમા જેવી સરકારી તથા અર્ધસરકારી

સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે પણ અવારનવાર માર્ગદર્શન તથા પ્રશિક્ષણ આપવામાં આવે છે. પરિણામસ્વરૂપે આ સંસ્થાની વિદ્યાર્થિની કુમારી ભૂમિકા પટેલે UPSC પરીક્ષામાં સફળ થઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસાર્થે આપવી પડતી પરીક્ષાઓ જેવી કે GSET તથા IELTS અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ જવા માંગતા વિદ્યાર્થીઓ માટે ખાસ સેમિનારનું પણ આયોજન કરવામાં આવે છે. સંસ્થાની એક આગવી વિશેષતાએ છે કે સાપેક્ષ રીતે અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ પરત્વે હકારાત્મક અભિગમ રહેવા પામ્યો છે. ગુજરાતી માધ્યમમાંથી આવતા વિદ્યાર્થીઓને અભ્યાસમાં મુશ્કેલી ન પડે તે ઉદ્દેશથી આવા વિદ્યાર્થીઓ માટે ખાસ વર્ગો ઉપરાંત પર્સનલ કાઉન્સેલીંગ કરવામાં આવે છે. પરિણામે વિદ્યાર્થીઓ ખૂબ જ ટૂંકાગાળામાં અંગ્રેજી ભાષા પરત્વે સક્ષમતા કેળવી લે છે તેમજ તેમનામાં કારકિર્દી તથા રોજગારલક્ષી વિચારસરણીનાં બીજ રોપાય છે.

સમગ્રતયા શૈક્ષણિક અને માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધિ, અધ્યાપકોની સજ્જતા અને તેમની વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં રસ-રુચિ તથા નિષ્ઠાના પરિણામે આ કૉલેજ બી.બી.એ. કૉલેજોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી છે.

## સાહિત્યનો સાચો સેવક – હ્યુ એન સંગ

બૌદ્ધધર્મના મૂળ ગ્રંથો મેળવીને અભ્યાસ કરવાના હેતુથી શ્રી હર્ષના સમયમાં ચીનથી એક મુસાફર આવ્યો હતો. તેનું નામ હ્યુ એન સંગ. તે પંદર વર્ષ સુધી હિંદુસ્તાનમાં રહ્યો ને પછી ચીનમાં ગયો. બુદ્ધદેવની ૧૫૦ યાદગાર વસ્તુઓ, એક સોનાની મૂર્તિ, એક ચંદનની મૂર્તિ, એક ચાંદીની મૂર્તિ ને ૬૫૭ પુસ્તકો; આટલો સામાન લઈ તે ચીનમાં પાછો વળ્યો. ચીનના શહેનશાહે તેને એક પ્રાંતના હાકેમની જગ્યા આપવા કહ્યું; પણ હ્યુ એન સંગે જવાબ વાળ્યો : ''મારે તો ચીન દેશની સેવા કરવી છે.''

હ્યુ એન સંગે પોતાનું કામ એક ચિત્તથી શરૂ કર્યું. બરાબર બીજાં ૨૦ વર્ષ સુધી એણે બૌદ્ધધર્મનાં પુસ્તકોનો ચીનાઈ ભાષામાં અનુવાદ કર્યો. આવી રીતે એણે ૭૪ પુસ્તકોનો અનુવાદ કર્યો. જ્યારે એને લાગ્યું કે હવે વખત ભરાઈ ગયો છે ને શરીરમાં શ્રમનાં ચિહ્ન જણાય છે, ત્યારે પોતાના એક મિત્રને બોલાવી તે બધા અનુવાદો સાંભળવા લાગ્યો. જે દિવસે પોતાના બધા અનુવાદો સાંભળી રહ્યો તે દિવસે શાંતિથી પોતાની જન્મભૂમિ માતા-ચીનના ખોળામાં એ સૂઈ ગયો. બસ, આ એનો છેલ્લો દિવસ બન્યો. પોતાના સાઠ વર્ષના જીવનમાંથી પહેલાં પચીસ વર્ષ વિદ્યાભ્યાસમાં ને છેલ્લાં પાંત્રીસ વર્ષ દેશસેવામાં ગાળનાર હ્યુ એન સંગની સમાધિ હજી ચીનમાં ભક્તિપૂર્વક સચવાઈ રહી છે.

ખરેખર, શુભ સંકલ્પમાં અપાર શક્તિ છે. ફળ મળે વા ન મળે, પણ મનુષ્યમાં ઈશ્વરે જે અમર સંસ્કાર મૂક્યો છે, તેને ઈશ્વરી ન્યાય (થાપણ) માની, એ સંસ્કારને વિકસાવી, તેને માનવજાતના હિતમાં મદદગાર બને તેમ કરવા, એ સનાતનધર્મ હ્યુ એન સંગના જીવન ઇતિહાસમાં ભર્યો છે.

(વાચકની દીવાદાંડી ભાગ-૧) – **ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી**

# INDIA'S EDUCATIONAL SCENARIO : MEETING THE MULTIPLE CHALLENGES THROUGH RESEARCH

**Dr D. A. Ghanchi**

**THE PRESENT SCENARIO** : India today has the third largest education system in the world, the first two being those of USA and China. Just as the Indian system is humungous, so are its problems. It has been so, particularly since 1947, when the country won its freedom from the British. From then onwards, thanks to various contributory factors like the changing demography in favour of the youth who now number around 60 crore, are silient as well as upswinging economy, a fractured but functioning polity, and heterogeneous yet blending socio-cultural changes, the system has been assuming kaleidoscopic features almost bordering on chaos, but retaining its roots intact.

The scenario is a product of a conglomeration of numerous factors working both to the advantage as well as disadvantage of the system. It has encountered countless hurdles like financial constraints, explosion of number, unplanned proliferation, deficient infrastructure, political interference, poor academics, parochialism of umpteen types, and rampant malpractices of various sorts. Despite all these the system has survived and is functioning, by and large, continuing in the status quoistic mode.

Thanks to the traditional culture of stability and preference for conformity and a sense of faith in the karmic philosophy of perseverance, the system has been working and is not dysfunctional as would happen in a failing state. Consequently, according to the census report (2011), the general literacy rate has reached 74%, and the enrolment at primary stage is almost 95% in many states. The GER at higher education stage is now about 12% something to be really proud of in the given circumstances.

To add to our sense of satisfaction there is now a wider curriculum offering and there are a few islands of excellence in the system in the form of the *Nav Ratna* institutions like the IIM's, IIT's, etc. Thus ours has been a journey of mixed fortunes in the realm of education brought about by hard work, dedication, sacrifice, commitment and, of course, a burning hope in the heart of the *AAM AADMI* for a brighter future. We can proudly echo the spirit of the hard journey the poet Dr Mohammad Iqbal expressed in these immortal words :

*Kis tarah tay ki hain hamneyn manzeeleyn,*
*Gir padey gir kar uthey, uth kar chaley!!!*

**THE CHALLENGING PRESENT** :

The country has, already, entered the second decade of the 21st century - a century that has heralded the *KNOWLEDGE AGE,* a century promising astounding economic development, a century with the potential of launching three epoch making revolutions in the domains of science and technology, namely the *GNR* revolution. The first, namely G, stands for the Genetics Revolution; the second, namely N, stands for the *Nanoscience* and *Nanotechnology Revolution,* and the third, namely R, stands for the *Robotics Revolution.*

And mistake not, it also simultaneously portends a century of ominous evils like pollution, climate change, global warming and its inevitable but unpredictable impacts like the recent earthquake and tsunami disasters that struck Japan, cross-border migrations, economic disasters like the recent recession in the Western world, crime, terrorism, ethnic frictions, and unpredictable geo-political tsunamis, like the peoples' uprisings witnessed in the Arab world! A convergence of these forces, both benign and malignant, can unsettle any society. Such a fate can be stalled only by an appropriate cultural response led by proactive education. India needs such an imaginative educational enterprise as would prepare the human resource of the country to meet the requirements of a multifaceted development of the country in the face of the numerous emerging challenges.

Obviously, in the context of the multiple challenges of frightening complexities the required educational response shall have to be unconventional in conception, in approach as well as in operation. In conception it will have to be inclusive of several dimensions, like intellectual, physical, moral, spiritual, emotional, vocational, and broadly globally humanistic. In approach it will have to be democratic, inclusive and progressive. In operation it will have to be open, transparent, autonomous, accountable, impartial, economical, proactive, and result oriented.

It is, indeed, a challenging prospect for the system to undertake the adventure of assuming an altogether new multifaceted *AVATAR,* as it would demand of it a torturous exercise of discarding the old dead wood, and generating a genetic mutation giving birth to new forms, new culture, new ethos, and a new vision of life in the 21st century of the knowledge age and a global human society. This proposed exercise has to confront a long period of confrontation with grave challenges. Let's have a sketchy idea of the gathering challenges.

**THE SEVEN-S CHALLENGES**: In the context of the above-mentioned grim prospects, Indian education has to grapple with grave challenges in at least seven domains. They are listed below.

1. *CHALLENGES OF THE SYSTEM.* We have inherited the peculiar system of education from the British rulers. It is a colonial hangover with all its trappings unsuited for a free democracy. It needs total

democratization *Ab Novo.*

2. *CHALLENGES OF THE STRUCTURE* : Our system is a confusing mix of complicated structures and substructures at different levels. Add to them the inadequacies of the basic infrastructure, both of the hard type and the soft type. It's a mess that hamstrings the academics of the system.
3. *CHALLENGES OF THE SUBSTANCE* : This deals with the curriculum, syllabuses, teaching-learning courses, programmes, socio-cultural activities, extension services for the society in general and research activities. Education has to be substantial in muscle and message. This should get reflection in the system's vision and mission statement.
4. *CHALLENGES OF THE STAKEHOLDERS* : These are the human participants in the process called EDUCATION- students, faculty, para-professionals, administrators, parents, employers, society, government, business, industries and NGO's. All of them have a stake in education. It's now a veritable market place of ideas and knowledge with stake holders jostling for maximum space and benefits.
5. *CHALLENGES OF THE STUDIES* : This pertains to what actually happens in the system, the process of change and transformation brought about by interaction among all the players. Methods of teaching and testing, examinations and evaluation, materials and technology, social audit etc.It is the overall delivery system whose products and services must be of the highest possible quality.
6. *CHALLENGES OF THE SPIRIT* : The climate both physical and academic to promote learning, the vibrancy and dynamism of pursuits, the accountability and sensitivity, and above all the human concern - all these constitute the spirit of education which, unfortunately has been suppressed by the mechanistic world view of an examination centric educational scenario prevailing all-over.
7. *CHALLENGES OF THE SICKNESSES AND SINS* : These are the maladies the system has accumulated over the past several decades and is currently suffering from; they may be academic, administrative, procedural, moral and legal; there may be outright crimes, corruption, aberrations or deviations and failings. And they are multiplying day by day. Just watch the media!!

The litany of challenges can be longer. The seven listed above are the most critical ones. They threaten the very existence of the system and its moral justification. They require urgent attention, and remediation. What should be done to treat them?

**THE R & D APPROACH** : All human ailments and failings require scientific investigation that is *RESEARCH* for appropriate diagnosis,

medication and restoration of full health. Indian education, too, has been periodically, but sporadically, subjected to such investigative research since 1947. The various Commissions and Committees, right from the University Education Commission (1948-1949) to the National Knowledge Commission (2005-2009) are the cases in point. Anyway, they symbolize the concern that the nation feels about the challenges that beset our education.

Let's plough our concern into the larger enterprise of educational research of a world class quality and creditability to be undertaken in the days to come, so that teaching, learning, extension, research and systemic rejuvenation become the organic ingredients of a dynamic education system of the country. Towards this aim we need to adopt the R & D approach which has been successfully tried out in many areas of productive activities, like business, industry, science and technology. As we know, education is a man-making, productive activity deliberately designed to help individual learners to realize their potential maximally by passing through the process of education. And with the active participation of such fully developed individuals in the various tasks of societal development communities also realize their maximum potential.

Obviously both these foci of education, namely the individual and his society, need special educational inputs for their development on desired lines. However, this does not happen without glitches and hindrances. The seven areas of problems of higher education in India are a case in point. Education being an organic, community-based activity is vulnerable to the threats and challenges of umpteen types coming in the wake of its implementation depending upon the contexts of actual life of the people. It's a complicated phenomenon as it involves the interplay of numerous factors- social, cultural, financial, managerial, political, bureaucratic etc. - which can be both malignant and benign. In studying their impact, therefore, one has to try to understand the unique interplay of various forces and their consequences. Here comes the role organized research.

Looking to the organic relationship between research and the process of development, research should be made an integral part of the system. Unfortunately research has been a much neglected area of our academics, particularly of the higher education level. During his recent visit to Gujarat in May 2011, even the MHRD minister Mr. Kapil Sibal expressed his deep dissatisfaction with the marginal status given to research in our higher education system. It is because of the lack of research endeavour that India's higher education has failed to develop world class quality so far.

To remedy this deficit, we need to institute a three-tier research mechanism in the system.

**Tier-I** : National and state level research mechanism to undertake ongoing research in vital areas of educa-

tion policy in the context of national and global parameters. National level bodies like the UGC, NCERT, NCTE, MCI, NAAC etc. and the state level bodies like Boards of education, text-books, examination etc. should pursue a comprehensive programmed of both reactive and proactive research to improve as well as develop designs of curricula, structures of management etc. on a continuing basis.

**Tier-II** : Research at institutional level at universities, colleges, and related bodies, dealing with various issues of education, particularly in areas of curriculum, syllabuses, human resource development, evaluation, systemic structures, teaching-learning resources, finance, management etc.

**Tier-III** : Research at individual level, particularly by students and faculty members both as a part of academic requirement and as an activity of promoting quality, excellence and higher standards. A large chunk of research at this level will have to be of action research type focusing on classroom problems, problems of behaviour and of institutional management.

A very clear mandate will have to be given to conduct focused research at all levels designed to seek solutions to problems and challenges on one hand and on the other there will be a futuristic thrust to search for innovative approaches to myriad problems and potentials of education.

**SUPPORTIVE MEASURES FOR R & D** : Research can thrive and be of immense practical application for the development of specific areas of educational enterprise ranging from the macro field of policy formulation to the micro level tasks like classroom teaching methodology, testing of specific behaviours, specific social behaviours of students, job satisfaction of the faculty etc. This can happen only if research is incorporated into the entire body organic of education by nurturing it through the inputs like the following.

1. Building an environment conducive, promotive and supportive for research and development in education.
2. Establishing an in-house research cell in every institution under the leadership of faculty to organize all types of research activities on a permanent footing.
3. Injecting graded elements of research in the curriculum at all stages both for teaching and learning tasks.
4. Providing training in research to students and the faculty on a regular basis.
5. Building up a rich and varied repertoire of different types of tools and resources for conducting research quantitative and qualitative, as also basic and applied.
6. Ensuring systematic dissemination of research findings on a wide scale and their implementation in actual educational practices.
7. Establishing live mutual relation-

ships between research and the market, which may include institutions, government, corporate bodies, individuals etc.

8. Providing adequate moral, material, administrative and monetary support to the entire research enterprise keeping in mind that India's record in respect of support to research has been woefully meager and requires considerable boosting.

**CONCLUSION :** As we know, India has long relied on ad hoc, sporadic, and perfunctory approach to research as a means of promoting improvement as well as proactive development of education. Most of the efforts have been cosmetic, nominal and often, of a token type. A large part of research endeavour is intended to help a person earn a promotion in job, or get a minimum qualification for entry into the teaching profession or get some status in the society.

Consequently, our education system has lacked a solid scientific support for research, both experimental and empirical. We need to integrate research as an organic component of education as a holistic entity. It's high time we changed the present scenario of education by infusing in it the R and D element, and thereby converting it into a national enterprise of human resource development of a world class quality. The earlier the better.

**REFERENCES**


1. GOI (2009).National Knowledge Commission-Report to the Nation, NKC, New Delhi : GOI
2. GOI (2009).Report of the Committee on Renovation and Rejuvenation of Higher Education, New Delhi : GOI
3. UNESCO (1996). "Learning, the treasure within," The Report of the International Commission on Education in the 21st Century. Paris : UNESCO
4. UNESCO (1998)." Higher Education in the 21st Century : Vision and Action "The Final Report of the World Conference on Education. Paris : UNESCO



[**Dr D. A. Ghanchi,** Formerly
Pro-Vice-Chancellor,
Hemchandracharya
North Gujarat University,
Patan (N.G.)].
Bajar, Near Tower,
Kalol (N.G.)-382721
M. 9427279755


વિદ્યાર્થીઓ તો પરિસ્થિતિનું આભલું છે. તેમનામાં દંભ નથી, દ્વેષ નથી. જો તેમની અંદર પુરુષાર્થ નથી, સત્ય નથી, અપરિગ્રહ નથી, તો એ દોષ તેમનો નથી; દોષ માબાપનો છે, અધ્યાપકોનો છે. પ્રજાના દોષ વિદ્યાર્થીવર્ગમાં નીતર્યા છે અને તેથી તે વિદ્યાર્થીમાં સ્પષ્ટરૂપે જોઈ શકાય છે.

**મો૦ ક૦ ગાંધી**

('ગાંધી-ગંગા' : ૧માંથી સાભાર)

# મને સાંભરે રે...

## ઉમાશંકર જોશી

મિત્રો,*

તમારી વચ્ચે તમે મને બોલાવીને તમારા આનંદ, ઉલ્લાસ, આદર્શો, ભાવનાઓ, વીતકો, વિટંબણાઓ, અપૂર્ણતાઓ, અધીરાઈઓ – છાત્રજીવનની અનેક નાનીમોટી વિગતો વિશે તમારી વતી બોલવાનો અધિકાર આપ્યો છે એ માન માટે તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. છાત્રો એટલે મુખ્યત્વે તો ગામડાંમાંથી અભ્યાસ માટે કસબામાં કે શહેરમાં આવીને રહેતા વિદ્યાર્થીઓ. અત્યારે ગુજરાત-કાઠિયાવાડની શોભારૂપ ઠેરઠેર વેરાયેલાં સુંદર છાત્રાલયોમાં તો નહિ પણ સામાન્ય બોર્ડિંગોમાં સાત-આઠ વરસ હું રહ્યો છું એટલે અત્યારે તમારી વચ્ચે જવાબદારીના ડરનો ડોળ કર્યા વગર આવીને ઊભો છું; પણ એક છાત્ર તરીકે જ, છત્ર તરીકે નહિ.

તમને જોઉં છું ને તરત મને વરસો પહેલાંની એક સાંજ યાદ આવે છે, જ્યારે ઊંટ પર ચઢી બેસીને મારા ગામના ડુંગરા મેં છોડ્યા હતા. તમને જોઉં છું ને અનેક ગામડાંનાં અનેક પાદરો મારી નજર આગળ તરવરે છે. હોંસભરી બા 'ડાહ્યો થજે બેટા' કહી બાળકને હાથે બચી કરી વિદાય આપે છે. દૂર ઝાડીમાં રસ્તાના વળાંક પાછળ સૌ એકમેકને દેખાતાં બંધ થાય તે પછી પણ 'માસ્તરનું કહ્યું માનજે બેટા' એવો બાનો અવાજ આવે છે તો સામેથી છોકરો, તોફાની હોય તોપણ એ ઘડીએ તો ઠાવકો બનીને, 'વારુ' એમ ટહુકો કરે છે. બધી ધમાલમાં વૃદ્ધ માતાજીએ એને એક બાજુ લઈ જઈ આંખમાં પાણી લાવીને શું કહેલું ? 'બેટા, દેશાવર ખેડે, પણ આપણી ઝૂંપડી ભૂલીશ મા. ઉગમણે બારણે આપણું ઘર છે.' આ બધાં હેત લાડ આંસુ આશાઓ, બધું સંભારતો સંભારતો વિદ્યાર્થી છાત્રાલય ભણી કોડભર્યો ચાલ્યો જાય છે. આવા તો કેટલાય વિદ્યાર્થીઓ અનેક ગામેથી નીકળી અનેક છાત્રાલયો ભણી ચાલ્યા આવે છે. નથી જોતા શિયાળાની ઠંડી, નથી જોતા ચોમાસાની રેલ. ઉનાળો તપતો હોય, નવા નવા ખરીદેલા જોડા સવારના પહોરમાં જ ઉત્સાહથી પહેરતાં ડંખ્યા હોય એટલે રેતી તપે ત્યારે તો હાથમાં ઉપાડીને પગે થનગનતા ચાલે. નાનકડી કોઈ લીંબડી મળી જાય તો તેની નીચે જઈ થોડો વિસામો લે. અર્ધાઅર્ધા ગવાતા હોલાના ગીતને અણસારે જળાશય કલ્પીને તે તરફ બપોર ગાળવા માટે જાય. પણ નમતો પહોર થતાં કોયલોને સામો અવાજ કરી ચીડવતા ચીડવતા, સાંજ પડતાં તો શંભુ મહારાજની બનાવેલી ભાખરી ખાવા છાત્રાલયમાં આવીને હાજર થઈ જાય છે. હોળીગાળે કેસૂડાંની રંગલીલા માણતા ટેકરીઓ ચઢતા-ઊતરતા, વસંતની મસ્તીનો ફાગ લલકારતા ઘર તરફ આંટો મારી આવે છે, તો ચોમાસે વળી બાજરીનાં વિશાળ ખેતરો તરી ઊતરી નદીનાળાં પાર કરી શ્રાવણના મેળા માણી આવે છે. અને વૅકેશન પૂરી થતાં ? મુસાફરીમાં એકાદ ટટ્ટુ હોય તો કયા બે જણા સવાર થાય, કોણ આગળ બેસે, કોણ પાછળ, કોણ લગામ પકડે ને કોણ સોટી ચમકાવે એના રમૂજી

* ડિસેમ્બર ૧૯૩૫માં [સર્વ વિદ્યાલય] કડી [કૅમ્પસમાં યોજાયેલ] છાત્રસંમેલનમાં પ્રમુખ તરીકે છાત્રોને ઉદ્‌બોધન.

કજિયા ચલાવતા, રસ્તે આંબા પરથી સાખો પાડતા, પરબવાળી પાસેથી એક પૈસામાં પાંચ જણા પાણી પીતા, કરોળિયાનાં જાળાં પાંપણોમાં ભરાઈ જાય તેને હટાવતા, કલ્લોલ કરતા છાત્રાલય ભણી ચાલ્યા આવે છે. કુદરતમાંથી અને મનુષ્યોમાંથી દુનિયાને ખબર ન પડે એમ, અખૂટ આનંદ-ઉલ્લાસ પીને પ્રજાજીવનનાં આ નવાણો કદી કૂદતાં, કદી પછડાતાં, ક્યાંક છલંગ મારતાં, ક્યાંય ઠોકરાતાં, કોઈ સુકાતાં તો કોઈ બમણા વેગથી છલકાતાં અને આગળ ધપ્યે જતાં અત્યારે મારી સામે તરવરી રહે છે – અત્યારે તમને જોઉં છું ત્યારે.

તમારામાંથી કોઈ ડાહ્યો હશે તે કહેશે કે આ તો અમારી વેદના ઉપર કવિતાના કૂચડા ફેરવે છે. છાત્રાલય માટે આટલો બધો ઉમંગ અમને કે દી હતો ? હા. હું પણ એમ જ કહું છું. છાત્રાલય માટે મનેય કદી ઉમંગ રહ્યો નથી. તક મળી છે કે છાત્રાલયને મેં છોડ્યું છે. છતાં છાત્રાલયમાં રહીએ તેટલા સમયમાં જે અનુભવો મળે છે તેનો આનંદ તો ખરેખર દસબાર જિંદગી સુધી વાગોળ્યાં કરીએ તોયે ન ખૂટે એટલો ઊંડો અને અનેકરંગી હોય છે. ભલે માબાપો દીકરાને 'વગે' કરવા અને પોતે સ્વતંત્ર રહી મોજ કરવા બાળકને છાત્રાલયમાં ધકેલતાં હોય, અને નવી વહુને સાસરે જવું પડે તેમ અચકાતો–મલકાતો એ છાત્રાલયમાં આવ્યો હોય. એને તો એમાં લાભ જ છે. ઘરનો ઉંબરો છોડ્યો એટલે કૂવાનો દેડકો મટી જઈને છાત્રાલયની એક બહોળી દુનિયામાં એને સહેલ કરવા મળે છે. અસહકારીઓ હાઈસ્કૂલોને કેળવણીની દુકાનો કહેતા. એવી દુકાનોના ગોદામ (વખાર) જેવું છાત્રાલય ભલેને હોય. વિદ્યાર્થી તો કોઈ ગૂઢ ગ્રહણશક્તિથી દુનિયાનો મોંઘો અનુભવ થોડાં વરસોમાં અહીં રહીને મેળવવા પામે છે. ભલેને છાત્રાલય માત્ર વીશી જેવું હોય, અથવા તેથીયે ભૂંડું હોય, અત્યારે એનો અભ્યાસ તો કથળતો નથી. મોટો થશે એટલે નિરાંતે બધા પર પેટ પકડીને હસી લેશે.

ખરેખર, હું તો એમ માનું છું કે, અત્યારે તમને જે અનુભવો મળે છે તેનો વધારે સાચો આનંદ તો હજી થોડાં વરસ પછી તમને સમજાશે. તમારી જ નહિ પણ તમારાથી મોટેરાઓનીય મૂર્ખાઈઓ, કમજોરીઓ વગેરે મોટા થશો ત્યારે જો તમને સાંભરશે તો તમે હસી હસીને વાંકા થઈ જશો. તમે બ્રાહ્મણ હો, ને પરણેલા હો, તો પહેરામણીમાં મળેલું પીતાંબર ફરકાવતા શેરીમાં થઈને જ્ઞાતિભોજન માટે કેવા વિજયકૂચ કરી રહ્યા હતા એ તમને યાદ આવવાનું. તમે જૈન હશો તો તમને સાંભરશે કે શિષ્યવૃત્તિ મળે તે માટે તમારે કેવી ધાર્મિક પરીક્ષાઓ આપવી પડતી હતી, અને છ વાગ્યા પહેલાં જમી લઈને બટાકાની કાતરી કે ડુંગળીનાં ભજિયાં માટે કોઈ મિત્રના ઘર તરફ (કે મિત્રનીયે મિત્ર હોટેલ તરફ) લટાર મારી આવવાની તમને આદત પડી ગઈ હતી ! તમે કોઈ પણ હો. સવારની ગુલાબી નીંદરમાંથી ઝબકાવી - જગાડીને તમારી પાસે પ્રાર્થનાને નામે રાગડા તણાવવામાં આવતા ને તમે વચ્ચે વચ્ચે રીંગણાં તોળવા મંડી જતા એ બધું આગળ ઉપર સાંભરશે તો ખરું જ. ને ત્યારે તમે હસ્યા વગર શી રીતે રહી શકશો ?

ખરેખર, હસવા જેવી જ સ્થિતિ છે. કારણ કે રડવા જેટલું આપણી આંખોમાં પાણી નથી. છાત્રાલયો સમાજની સાવકી સંસ્થાઓ છે. ક્યાંક સારાં છાત્રાલયો હશે. છાત્રાલયોની સ્થિતિ અત્યંત તિરસ્કાર ઉપજાવે એવી છે. સમાજ કેટલીક ધર્માદા સંસ્થાઓ ચલાવે છે. ધરમની પાઈ જુદી કાઢી દવાખાનાં, પરબો, પાંજરાપોળો ચલાવે છે, તેમ છાત્રાલયો પણ ચલાવે છે. એટલે છાત્રાલય નથી તો આદર્શ વીશી થઈ શકતું, નથી આદર્શ સામાજિક સંસ્થા થઈ શકતું. છાત્ર નથી ઘરનો રહેતો, નથી સમાજનો ભાવી નાગરિક રહેતો. મેં

હમણાં છાત્રજીવનનાં બણગાં ફૂંક્યાં, પણ તે જુદા અર્થમાં. છાત્રોને થોડા સમયમાં અખૂટ અનુભવ મળે છે એ ખરું, પણ તે અત્યંત મોટી કિંમતે. છાત્રોની દશા અત્યારે તો ધણી વગરના ઢોર જેવી છે. ઘેરથી તો જાણે છૂટ્યા જ. ને જ્યાં ગયા ત્યાં તો આફત સમા. કૂવામાંથી ઘડો કાઢવો હોય ત્યારે બોર્ડિંગવાળા સાંભરે, સાપ નીકળ્યો હોય ને પકડવો હોય ત્યારે બોર્ડિંગવાળા સાંભરે. ઘરમાં પંદર વરસનો કેલૈયો મરી ગયો હોય ને નાતનું કોઈ પાણી સુધ્ધાં બોટવા તૈયાર ન હોય ત્યારે બારમા–તેરમા પર બોર્ડિંગવાળા સાંભરે. ઉત્તરાયણ ઉપર દાનપુણ્ય કરવું હોય ત્યારે બોર્ડિંગવાળા યાદ આવે. જામફળીની વાડી કોઈ બીજા-ત્રીજા જ વેડી ગયા હોય પણ ખેડુ પહેલાં એક વાર તો બૂમ પાડી ઊઠવાનો : 'હરામખોર બોર્ડિંગવાળા જ ?' મામલતદારની મોટર ખોટકાઈ ગઈ હોય ને હડસેલાવવી હોય તો 'બોર્ડિંગવાળાને.' કોઈના માનમાં મોટો જલસો કરવાનો હોય ને નાટકતમાશા કરવા હોય તો બોર્ડિંગવાળા ક્યાં નથી ? સમાજનું પોતાની જાત પ્રત્યે આ અત્યંત ઘૃણાભરેલું વર્તન છે. વિદ્યાર્થીઓ, ખાસ કરીને ગામડામાંથી આવતા છાત્રો, સમાજની મૂડી છે. સમાજની શાખ અથવા નાદારીનો આધાર એમની ઉપર જ છે. આપણો સમાજ પોતાની અણમૂલ મૂડી સમા વિદ્યાર્થીઓ પ્રત્યે જે ઉપેક્ષા અને અણગમો સેવે છે, એમાં જ એની અવનતિનાં મૂળ હશે. એ દિવસ સોનાનો હશે, જ્યારે સમગ્ર સમાજ (એટલે કે સમાજની ઉત્તમોત્તમ સંસ્થા – રાજ્યસંસ્થા – સ્ટેટ) પોતાની આ અમૂલ્ય મિલકતની સંભાળ લેશે; બાળકોને, કુમારોને, યુવાનોને અપનાવી લઈ, એમના ઘડતરની જવાબદારી ઉઠાવી લઈ, એમને સમાજ પ્રત્યે પૂરા જવાબદાર બનાવશે. ત્યારે છાત્રોને, વિદ્યાર્થીઓને, આજે જીવવું પડે છે તેમ, વાલીઓએ, ધનિકોએ, ધર્માદા કે કોમી સંસ્થાઓએ ફેંકેલા ટુકડા પર જીવવાનું નહિ રહે; ત્યારે એમના ઓશિયાળા જીવનનો અંત આવશે, એમનું હીર બળી જતું અટકશે, નાનમની લાગણી તેઓ ખંખેરી નાખશે, અને પોતાને ઘડનાર સમાજને પૂર્ણપણે ઘડવા તેઓ કમર કસશે.

શિક્ષણ, ઉત્તર પ્રકારનું શિક્ષણ, રાજ્યસંસ્થા (એટલે કે સમગ્ર સમાજ) જ આપી શકે એમ કહીને કદાચ આપણા મુરબ્બી કેળવણીકારોને હું હસવાનું કારણ આપતો હોઈશ. આપણે હમણાં હમણાં શિક્ષણના ક્ષેત્રમાં પાંચ હજાર વરસ પૂર્વેની પ્રણાલી લાવવા મથતા હતા. ઋષિમુનિઓના આશ્રમોની કલ્પના કરી ઘણા સેવાવીરોએ ઠેરઠેર આશ્રમો સ્થાપ્યા પણ છે. પરિણામે ભવાં ઊંચાં ચઢાવીને મોટી મોટી વાતો કરતા ફિલસૂફ જેવા છાત્રો આપણને જોવા મળ્યા હશે; ક્યાંય મોઢા પર ઝલક કે લોહીમાં ખુમારી જવલ્લે જ જોવા મળી. સમાજની દયા પર જિવાડીને આપણાં બાળકોને શી રીતે તેજસ્વી બનાવી શકીશું ?

પણ અત્યારે તો સમગ્ર સમાજ પોતે જ સ્વાધીન ન હોવાથી પોતાનાં બાળકોના વિદ્યાર્થી જીવનની જવાબદારી સ્વીકારી શકે એમ નથી. એ સંજોગોમાં આપણે ત્યાં જેવાં છાત્રાલયો ચાલે છે તેવાંમાં પણ છાત્રજીવનને પોષક કયાં કયાં તત્ત્વો દાખલ કરી શકાય અને કયાં કયાં અનિષ્ટ તત્ત્વો દૂર કરી શકાય તેની, છાત્રોની દૃષ્ટિએ, વિચારણા કરીએ.

છાત્રાલયો કોમવાદ ઊભાં કરવામાં સગવડ છે એ વાત સાચી. પણ કોમના મદદગાર ધનિકોએ બીજી કોમોના વિદ્યાર્થીઓને પણ છાત્રાલયમાં દાખલ કરવાની ઉદારતા દર્શાવવી જોઈએ. છાત્રાલયની સ્થાપના દઢપણે કરવામાં મદદ મળે એટલા પૂરતું કોમ પ્રત્યે લક્ષ આપી, એના ઉપયોગ વખતે તો બારણાં સૌ કોમ માટે ખુલ્લાં રાખવાં જોઈએ. નહિ તો સરવાળે સમાજને લાભ કરતાં

નુકસાન વધારે થવાનો સંભવ છે. છાત્રોને હું વિનંતી કરું છું કે તમે એક વાર ઘર છોડો છો તો પછી બહારની દુનિયાનો પૂરેપૂરો લાભ લો. કૂપમંડૂક કાં રહો ? તમને આગ્રહ રાખવાનો હક છે કે તમારી આસ-પાસ કોમની દીવાલો ચણવામાં ન આવે. કોણ જાણે કયો વિદ્યાર્થી તમારે માટે જીવનભરની અમૃતભરી મૈત્રી હૃદયમાં લઈને આવતો હશે ? કોણ જાણે કોમકોમની વાડોને લીધે એનો ને તમારો ભેટો જ થવા ન પામે. તમારે તો ચાલ્યા આવતા પ્રત્યેક છાત્રને વધાવવા ઈંતેજાર રહેવું જોઈએ. સત્યકામ જાબાલ કરીને એક પતિત વિદ્યાર્થી ગુરુ કને આવ્યો ને 'મારા પિતાના ગોત્રની મારી બાને પણ જાણ નથી' એમ કહીને ઊભો રહ્યો ત્યારે કવિ કહે છે કે સૌ અભ્યાસીઓ તિરસ્કારથી બેફામ હસી પડ્યા ને લોષ્ઠ (ઢેફાં) ઉછાળવા લાગ્યા. એવું વર્તન તમે તમારા છાત્રબંધુ પ્રત્યે કરશો તો તમારે જ પસ્તાવું પડશે, – ગુરુ ગૌતમ ઊભા થઈને 'તારું ગોત્ર ઉત્તમ છે. તું સત્યવક્તા છે, બેટા' કહી જાબાલને ભેટી પડ્યા ત્યારે પેલા હસનારા પસ્તાયા હતા તેમ. અને ધારો કે તમારા સંચાલક ગુરુ ગૌતમ જેટલા ઉદારદિલ ન હોય તોયે શું ? તમે જ દોડીને તમારા છાત્રભાઈને ભેટી પડો.

જુદા જુદા ધાર્મિક રાજકીય સંપ્રદાયોનાં છાત્રાલયો પોત-પોતાને અનુકૂળ બીબાંમાં કુમળા વિદ્યાર્થીનું માનસ ઢાળે છે એ ચોખ્ખી કુસેવા જ છે. શિક્ષણને નામે બાળમાનસની સ્વતંત્રતા હરી લેવી એથી વધારે મોટો અત્યાચાર ભાગ્યે જ બીજો કોઈ હશે. નાનાં નાનાં છોકરાં પર ધર્મનાં મોટાં મોટાં પુસ્તકો લાદવાનું, સવારે વહેલા જગાડી એમની પાસે પ્રાર્થના ગગડાવવાનું વેળાસર બંધ કરી દેવાની જરૂર છે. જો એમનાં હૃદયમાં પ્રવેશવાની પરમેશ્વરને કોઈ પણ વખત સાચી તક આપવી હોય, તો એમને ન સમજાય, ન રુચે, એવી ફરજિયાત ધાર્મિકતામાંથી એમને બચાવી લેવાં જોઈએ...પણ તે સાથે છાત્રોને સંગીતથી વંચિત રહેવાની સજા ખમવી ન પડે એય જોવાનું છે. છાત્રોને સંગીતમાં તરબોળ રાખવા જોઈએ. કિશોરોના આત્માને મુલાયમ રાખવા માટે ભાગ્યે જ સંગીત કરતાં અદકો કીમિયો હશે. છાત્રોના જીવનને અનુકૂળ કૂચગીતો, ભાવનાગીતો, રાષ્ટ્રગીતો, કિશોરગીતોથી છાત્રાલય ગુંજી રહેવાં જોઈએ, સંગીતની ફોરમ છાત્રને ન મળી એનો અર્થ એ કે માનું ધાવણ જ એ ચૂક્યો.

બીજું, અત્યારના છાત્રોને યોગ્ય ગૃહપતિઓ મેળવી આપવાની જરૂર છે; કારણ કે છેવટે તો છાત્રજીવનનો કર્ણધાર ગૃહપતિ જ છે. ગૃહપતિ ધારે તો છાત્રોને આદર્શ યુવાનો બનાવી શકે, ધારે તો એમને ખંડેર હાલતમાં લાવી મૂકી શકે. પણ ઘણું ખરું, દર મહિને પૈસા ઉઘરાવે, સાંજસવાર હાજરીપત્રક ભરે, હિસાબના ચોપડા સાચવે એવા કોઈ પણ રિટાયર્ડ કારકુનને ઉપાડી આણી ગૃહપતિ તરીકે બેસાડવામાં આવે છે; કોઈ કોઈ ઠેકાણે શાળાના શિક્ષકને એ 'વેઠ' સોંપવામાં આવે છે; તો કોઈ વાર કાયદા (લૉ)ના અભ્યાસીને ટેકો દેવા આટલું 'કામ' આપવામાં આવે છે. આ ઘટના ખરે જ ચિંતાજનક છે. દસથી વીસ વચ્ચેનો વિદ્યાર્થીનો વિકાસ એ આથી કરીને ગમે તેવા અનિષ્ટ સંજોગોમાં થાય છે. કિશોરવય (ઍડોલેસન્સ) ના અનેક મૂંઝવતા પ્રશ્નોનું જેને સહેજ પણ ભાન હશે તે સહેલાઈથી સમજી શકશે કે પ્રત્યેક કિશોરદીઠ એકેક નિષ્ણાત ગૃહપતિ હોય તોયે માંડ પૂરા પડી શકાય. પણ હું આવી અવ્યવહારુ વાત રજૂ કરવા નથી માગતો. હું જાણું છું કે આપણાં આદર્શ છાત્રાલયોને પણ ગૃહપતિઓ માથે અનેકવિધ ફરજો નાખી ત્રણ બળદે બે હળ ચલાવવા જેવું કરવું પડે છે, છતાં કહેવાનો આશય એ છે કે જો આપણે છાત્રના જીવનના સંક્રાન્તિકાળના પ્રશ્નોને

પૂરપૂરો ન્યાય ન આપી શકીએ એમ હોય તો પછી બહેતર છે કે એવો ડોળ કરવો છોડી દઈએ. અને છાત્રાલયનો અખતરાખાના તરીકે ઉપયોગ કરવા પણ ન લલચાઈએ. ચારે વેદ કેટલી ઉંમરે ને કેટલા ગાળામાં મોઢે કરી શકાય, હાથઉદ્યોગનો પ્રયોગ સફળ કરી શકાય કે કેમ, પંદર વરસ સુધીના વિદ્યાર્થીઓમાંથી કેટલા ટકા સ્વજાતીય પ્રેમથી પીડાય છે વગેરે વગેરે પ્રયોગો છાત્રોને ભોગે ચલાવવાની કશી જરૂર નથી. છાત્રોની બિલકુલ સંભાળ ન લેવી એ એક ભૂલ, અતિસંભાળ લેવી તે એથીય ભૂંડી બીજી ભૂલ. છાત્રોના સ્વતંત્ર વિકાસ આડે ઓછામાં ઓછા આવવું એટલું ગૃહપતિઓ શીખી શકે (અને એમણે ખરેખર શીખવવા કરતાં શીખવાનું જ ઝાઝું છે), તો મોટી સેવા કરી ગણાશે. એક આડવાત : આ ગૃહપતિઓ તે 'પતિ' શેના ? છાત્રો પિયર (પિતૃઘર) છોડી અહીં સાસરે આવીને રહે છે એમ અર્થ ઘટાવવો ? આપણે એમને ગૃહપાલ કે ગૃહાધ્યક્ષ કે એવું કંઈ નામ આપીએ તો વધારે સારું...જોકે સૌથી વધારે સારું તો એ જ છે કે સ્વયંનિર્ણય અને સ્વાવલંબનના આ જમાનામાં છાત્રો પોતે જ પોતાના ગૃહસ્વામી બને. હિસાબકિતાબ વગેરે કામ એ માટે નીમેલું છાત્રમંડળ કરે. ન છૂટકે જ ગૃહપાલને રાખે. ગૃહપાલો પણ છાત્રમંડળને અરજી કરે ત્યારે પોતે પહેલાં જ્યાં જ્યાં કામ કર્યું હોય ત્યાંના છાત્રોની ભલામણચિઠ્ઠીઓ અને પ્રમાણપત્રો અરજી સાથે સામેલ રાખે એવો શિરસ્તો પાડી શકાય.

પણ આ તો ત્યારે બને જ્યારે છાત્રો પોતે પૂરી લાયકી કેળવે. મારે જો આ લાંબી લાંબી વાતને બે શબ્દમાં જ સમાવી દેવી હોય તો હું તો કહું કે છાત્રજીવન એટલે કડકમાં કડક 'શિસ્ત' અને છતાં સાથોસાથ અફાટ મસ્તી, છલોછલ 'લીલામયતા'. શિસ્ત અને મસ્તી વિરોધી તત્ત્વો છે એમ કોઈને લાગશે. પણ ખરું જોતાં શિસ્ત હોય ત્યાં જ મસ્તી આવકારલાયક થઈ પડે, ને મસ્તી હોય ત્યાં જ શિસ્તમાં રસ આવે. પહેલાંના સમયમાં ધાર્મિકતાને લીધે જીવનમાં શિસ્ત સચવાતી. અત્યારે શિસ્તને નામે ધબાય નમઃ છે. અને પરિણામે છાત્રો વિદ્યાર્થીજીવન પાર કરી ગયા પછી માયકાંગલા જેવા, જીવનમાં નિરાધાર થઈ ગયા હોય એવા, અપંગ થઈને બહાર આવે છે. માણસની ઓલાદ બગડતી ચાલે છે એમાં છાત્ર-જીવન પણ પોતાનો પૂરો ફાળો આપવાનું ચૂકતું નથી. તેથી આપણાં છાત્રાલયોમાં જો શારીરિક હાલત પૂરતી – ઊંઘ, આહાર, કસરત, આંખો, આરોગ્ય પૂરતી – શિસ્ત જાળવવામાં આવે તો પ્રજાની શરીરસંપત્તિ સચવાશે. છાત્રાલયમાંથી બહાર આવે ત્યારે વિદ્યાર્થી તંદુરસ્તીથી નીતરતો, બે ઘડી જોઈ રહેવા જેવો, યુવાન હોય એ સ્થિતિ ક્યારે આવશે ?

અને મનદુરસ્તીથી ચમકતો, બુદ્ધિના તેજથી ઝબકારા મારતો યુવાન જોવો હશે તો એને કિશોરવયમાં મનની સંપૂર્ણ મોકળાશ માણવા દેવી જોઈશે. મસ્તી, લીલામયતા (હિલૅરિટી), દુનિયામાંથી આનંદ મેળવવાની શક્તિ એનામાં ખીલવા દેવી જોઈશે; તો એનો આત્મા દબાઈ નહિ જાય, નાનમની લાગણી એનામાં વસી શકશે નહિ, મનોવૃત્તિઓ કચડાઈ-કરમાઈ જશે નહિ. આજે એના ચિત્તમાં છે તેવી વ્યગ્રતા ચાલી જશે. પોતાના કામમાં આજે એ એકાગ્રતા દાખવી શકતો નથી તેને બદલે એ સોળ-અઢાર કલાક કામ કરવા છતાં થાક શું તે જાણવા પામશે નહિ. 'પુસ્તકોમાં એ દુનિયા વાંચશે ને દુનિયામાં એ પુસ્તકો વાંચશે.' ખોટા, તકલાદી, પરપોટિયા આદર્શો પાછળ લોભાવાને બદલે નક્કર હકીકત ઉપર મુસ્તાક રહેતાં શીખશે. ટૂંકમાં, સમાજને એક અણમૂલ નવાજેશ જેવો માણસ બની રહેશે.

આ બધું જ કન્યાછાત્રાલયો વિશે પણ

સમજવાનું છે. કન્યાછાત્રાલયો વિશે વિગતવાર કંઈ કહેવાની મારી પાસે તમે આશા ન રાખી શકો. છતાં અત્યારે મને શ્રી રામભાઈ પાઠકની પ્રેરણાઝરતી નવલકથા 'પચાસ વર્ષ પછી' સાંભરે છે. બાળકો અને બાલિકાઓ, કિશોરો, કુમારો, યુવાનો, યુવતીઓ સૌનું 'ગૃહ' એક જ હોય, એક જ માળાનાં સૌ પંખી હોય, એ મનોરમ ચિત્ર અચાનક યાદ આવે છે. ભાઈશ્રી પાઠકને એ ચિત્ર દોર્યાને હજી તો માંડ પાંચ વરસ થયાં છે એટલે કૃષ્ણાકુમારીઓની રાહ એમના અંદાજ પ્રમાણે પણ પિસ્તાળીસ વરસ જોવી રહી.

આવા અંદાજોને ધૂળ મેળવનાર, ક્યારે ક્યાંક પાપ થાય ને પોતાને એના સારાસારનાં શાસ્ત્ર રચવા મળે એમ ટાંપી રહેનાર ચોખલિયા વૃત્તિ આપણા ઘણા કેળવણીકારોના મગજમાં ઘર કરી બેઠી છે. મનુષ્યપ્રાણીને એ મુરબ્બીઓ ચીપિયા વડે અડતાં પણ ખંચાય છે. કૉલેજિયનોના જીવનની અર્ધકલ્પિત કથાઓથી એ પોતાની ધગશને સચેત રાખે છે. કૉલેજિયનના છાત્રજીવન વિશે (એના તમામ પ્રકારના જીવન વિશે) કંઈ અલકમલકના ખ્યાલો સૌ સેવતું લાગે છે. કોઈ એને પંપાળે છે, કોઈ એને ઓલિયો જ કલ્પે છે, કોઈ કાં તો એને ફટકારે છે, કાં તો લખાણના કાચા માલ તરીકે વાપરે છે. પણ કોઈ એને સમજવા ભાગ્યે જ પ્રયત્ન કરે છે. હું પોતે કૉલેજમાં છું, એટલે હું કંઈ પણ કહેવા જઈશ તો બચાવનામા જેવું લાગશે. એટલું જ કે કૉલેજિયનોને સમજવાનો સાચો પ્રયત્ન થતો નથી એમાં એને નુકસાન નથી, નુકસાન છે ન સમજવા માગતાઓને, કારણ કે ભવિષ્ય એને ચરણે છે. જેવી સમાજની લાયકાત એવાં એનાં છાત્રાલયો. અપૂર્ણતા છે એમ કહી દઈને એમની સ્વતંત્રતા પર કોઈ કાપ ન મૂકે એની પૂરતી ચોકી રખાવી જોઈએ – અને પછી સાથે સાથે સ્વતંત્રતાને પોષક શિસ્ત દાખલ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

'અમે ચેલા બધા ઘેલા જગતની પાઠશાળાના' એ લીટી તમે સાંભળી હશે. મૂળમાં 'પ્રભુની પાઠશાળાના' છે પણ આપણે આપણને જગતની પાઠશાળાના કહીશું, કેમ કે પ્રભુને આપણા પ્રેમની પરવા હશે તો તે ઘણોયે આપણી આજુબાજુના જગતમાં આવીને વસશે. પણ એ તો આપણે બીજે પાટે ચઢી ગયા. મારે એ કહેવું હતું કે આપણે સૌ જગતની પાઠશાળાના ચેલા છીએ. આપણામાંથી કેટલાકને હમણાં આ વિશાળ પાઠશાળામાં અભ્યાસ કરતાં કરતાં વચ્ચે બે વિચિત્ર પ્રકારનાં છાત્રાલયોનો અનુભવ થયો છે. એ છાત્રાલયો તે છાવણીઓ અને જેલો. તમે અનુભવ્યું હશે અથવા સાંભળ્યું હશે કે આ બંને જાતનાં છાત્રાલયોમાં કપરી શિસ્ત જાળવવી પડતી અને છતાં ત્યાં આપણે જેવો કિલ્લોલ કર્યો છે તેવો કદાચ આગલી સામટી સાત પેઢીઓએ પણ ભાગ્યે જ કર્યો હશે. ટૂંકમાં, શારીરિક જીવનમાં પૂરતી શિસ્ત અને માનસિક જીવનમાં લીલામયતા જેમ જેમ આપણે લાવીશું તેમ તેમ આપણું જીવન પ્રફુલ્લિત બનશે.

આને અંગે ગૃહપાલે શું કરવું તે અહીં વિસ્તારથી ન કહી શકાય, 'છાત્રાલય સંમેલન'માં એની વિચારણા થાય. છતાં છાત્રો પૂરતું એટલું કહું કે તમને તમારાં માબાપને પાછા સાજાતાજા સોંપી દેવાના દાગીનાની જેમ 'ગ્લાસ વિથ કૅર' રાખવામાં આવે તો તમે એનો વિરોધ કરજો. છાત્રોને સહેજ ઝાડ ચઢતાં, તરતાં, પર્વત ચઢતાં, નાનું અમથું જોખમ ખેડતાં શા માટે અટકાવવામાં આવતા હશે એ હું કદી સમજી શક્યો નથી. કિશોરવયમાં જ સાહસવૃત્તિ ટૂંપાઈ જાય એટલે જીવનમાં રહ્યું શું, કૂચા? ... બીજું, છાત્રોને દેશપરદેશની અનેક હિલચાલોની વીરકથાઓ ગમે તે પ્રકારે મળવી જ જોઈએ. મને યાદ છે કે મને રાષ્ટ્રપ્રેમના પદાર્થપાઠ અમારી બોર્ડિંગના રસોઇયા

પાસેથી મળ્યા તે પહેલાં કોઈએ આપવાની દરકાર કરી ન હતી. અસહકારનો પ્રથમ જુવાળ આવતો હતો. વાતાવરણ બધે ગરમ દેખાતું, પણ માંડીને વાત કોણ કહે ? એક વાર પીરસી આવી, રોટલીની મોટી થપ્પી પર, તબલા ઉપર લગાવતો હોય એમ, ઠોક લગાવીને મોટી મુછાળો અમારો રસોયો છટાથી કોઈ એક 'મા'ત્મા'નું આછું-ઊડતું રેખાચિત્ર દોરી દેતો અને એણે બડા ગવંડરને કેવા કેવા ચમત્કાર કરી બતાવી માત કરી દીધો હતો એના દિલ ઉશ્કેરનારા કિસ્સા કહેતો. એ યાદ આવે છે ને મને પારાવાર ચિંતા થાય છે કે અત્યારેય તો આવું નહિ હોય ને ? અત્યારનાં સમાજવાદ વગેરે નવાં બળો વિશે વિદ્યાર્થીઓને ઇદંતૃતીયમ જ સાંભળવું પડતું હશે ? એમની જિજ્ઞાસાને ગૃહપાલો વરતી શકતા હશે ? પોષી શકતા હશે ?

પણ મિત્રો, તમે બીજાઓ પર આધાર જ શા માટે રાખો ? અત્યારે સાધનોની ઊણપ નથી. દોરેલાં તો મેંઢાં આગળ જાય. તમે તમારો રસ્તો જાતમેળે કરી લો. તમારા ગૃહપાલોને પણ દોરો. આજે ગૃહસ્થાપકોને, સંચાલકોને નવો પ્રકાશ બતાવવો, એમને કેળવવા એ છાત્રોની પવિત્ર ફરજ છે. અને શાળાઓમાં તમને જે ભણતર ન મળી શકે તે છાત્રાલય મારફત મેળવવું એ તમારા હાથની વાત છે. છાત્રાલય નાનકડા સમાજમાં રહ્યા રહ્યા તમને સંસારસુધારો કરવાની પણ તક છે.

પણ તમારે શું કરવું, શું ન કરવું તે બધું એક મોટા ભાઈની પેઠે કહેવા અહીં આવ્યો નથી. મને કોઈ એક વસ્તુનો તિરસ્કાર હોય તો એ આવી માની લીધેલી ગુરુગીરીનો જ. આજે તો છાત્રજીવનને લગતા વિશાળ પ્રશ્નોને તમારી આગળ મેં જાત અનુભવ અને હૈયાઉકલત પ્રમાણે સહેજ માત્ર સ્પર્શ્યા છે. આટલું કહ્યું છે તે પણ તમારા અનુભવ સમજવામાં મારો અનુભવ જરૂર કંઈ કામ આવશે એમ માનીને. તમારો અનુભવ જુદો પણ હોય, પણ એની કલ્પના મેં મારા અનુભવ પરથી કરી છે, કેમ કે જોડાના પહેરનારને ખબર પડે કે ક્યાં એ ડંખે.

છતાં અત્યારે તમે મને તક આપી છે તો એક વાત તો સીધી કહીશ જ. તે એ કે તમે આગળ ઉપર હાઈકોર્ટો ધ્રુજાવો કે યુનિવર્સિટીના શિખર પર કળશ થઈને દીપી રહો, ધારાસભા ગજાવો કે મોટી મોટી મેદનીઓ ડોલાવો, ભારે અફસર થાઓ કે મહાપુરુષ બની જાઓ, આટલું કદી ભૂલશો નહિ કે તમે અહીં અત્યારે ભણો છો એ એક અકસ્માત જ છે. આ કમભાગી દેશમાં સોમાંથી માંડ દસ-વીસ બાળકો પાટીપેન દેખવા પામતાં હશે. તમે અહીં ભણો છો ને તમારી ઉંમરના ગોઠિયાઓ ખેતરે માળા પર ચઢી પંખીડાં ઉડાડે છે, શહેરોનાં કારખાનાંમાં બેવડ વળી જાય છે, વીશીઓનાં અંગીઠાં આગળ શેકાય છે અથવા તો મુંબઈની ચોપાટી પર પગચંપી કરે છે. કોઈ અકસ્માતથી તમે એને ઠેકાણે હોત, એ તમારે ઠેકાણે હોત. પણ તમને ભણવા મળે છે ને આગળ ઉપર તમે મોટા તિસ્મારખાં બની જાઓ તો આટલું આ જરી ભૂલશો નહિ. અનેક લાલચો અને પ્રલોભનો હોય પણ પેલા વાંદરાએ મગરને કહ્યું હતું તેમ કહજો કે મારું કાળજું તો, અરે, ત્યાં રહી ગયું ! – ત્યાં, જ્યાં કુમળાં બાળકો ટોયા બની પંખી ઉડાડે છે, કપરી મજૂરીમાં ઘસાઈ જાય છે, પોતે ન સમજી શકે એવાં છાપાં વેચતા ફૂટપાથ પર દોડે છે. આંખમાં આંસુ સાથે માએ કહેલું તે માતૃ-વતને પણ કહ્યું માનજો : 'ઊગમણે બારણે આપણું ઘર છે.' એટલું એક ભૂલશો મા.

લો, વળી હું મોટોભાઈ થઈ જઈશ. આગળ ઉપર તમારે શું કરવું તે અત્યારે તમને હું કહેનાર કોણ ? પણ હા, અત્યારે તમારું જીવન અરસપરસ તો એટલું હેતાળ અને માણસાઈભર્યું રાખી શકો કે આગળ જતાં આજે સાથે રહેનારા કોઈ બે છાત્રમિત્રો મળો ત્યારે એકબીજાના દરજ્જાનો ખ્યાલ પણ આવવા ન પામે. આપણા પેલા બે ઉત્તમ

છાત્રો – સુદામા અને કૃષ્ણ તો તમને યાદ હશે. કૃષ્ણ મોટે મોભે ચઢીને બેઠો હતો. ને સુદામાની તો બિચારાની તુંબડી પણ કાણી હતી અને લાકડીય તે ખોખરી થઈ ગઈ હતી. છતાં બે જણા કેવા પ્રેમભેર એકબીજાને ભેટી રહ્યા હતા ! તમે પણ તમારું અત્યારનું જીવન એટલું ભાવનાભર્યું રાખી શકો કે આગળ ઉપર બે છાત્રબંધુઓ મળો ત્યારે છાત્રનિવાસ વિશે ભરઉમળકાથી કૃષ્ણસુદામાની પેઠે તમે પણ ગાઈ રહો :

'તને સાંભરે રે ?'

'મને કેમ વીસરે રે ?'

ડિસેમ્બર ૧૯૩૫

(લેખક કૃત 'કેળવણીનો કીમિયો'
પૃ. ૭૨-૮૫માંથી સાભાર)

## પુસ્તકોના સંરક્ષણ અર્થે પ્રાણત્યાગ

હ્યુ એન સંગે બાર વર્ષ ભારતમાં ભ્રમણ કરીને જ્ઞાન પિપાસા છિપાવી. તેને ખાતરી થઈ ગઈ કે નાલંદા વિદ્યાલયમાં તેણે બૌદ્ધ ધર્મ, ભારતીય સંસ્કૃતિ, કળા તથા જ્ઞાનવિજ્ઞાનનું અધ્યયન કર્યું છે. તેના દ્વારા તે અંધકારમાં પડેલા ચીનને નવો પ્રકાશ આપી શકશે.

તે જ્યારે ચીન જવા માટે બંગાળની ખાડીમાં જહાજ પર ચડ્યો ત્યારે તેની સાથે પુસ્તકોથી ભરેલી એક પેટી હતી. નાલંદા વિદ્યાલયના તેના બે સહપાઠીઓ જ્ઞાનગુપ્ત તથા ત્યાગરાજ પણ તેની સાથે હતા.

જહાજ થોડેક દૂર જ ગયું હતું ત્યાં તો ભયંકર ગર્જના કરતાં ઝંઝાવાતથી તે હાલી ઊઠ્યું. મુખ્ય ખલાસી બોલ્યો, "જહાજ સંકટમાં છે. સુરક્ષા માટે પ્રવાસીઓ પોતાનો વધારાનો સામાન જળમાં ફેંકી દે", તેણે હ્યુ એન સંગ પાસે જઈ પૂછ્યું – "આ પેટીમાં શું છે ?"

"પુસ્તકો" – હ્યુ એન સંગે વ્યાકુળતાથી ઉત્તર આપ્યો,

"એને ફેંકી દો" ખલાસીએ કહ્યું. હ્યુ એન સંગ ધ્રૂજી ઊઠ્યો. તેની આંખો આંસુથી છલકાઈ ગઈ. કોઈ ઉપાય નહોતો, અનાયાસેજ તેનો હાથ પેટી પર ગયો ને તે વિરોધ ના કરી શક્યો. ત્યારે જ્ઞાનગુપ્ત ગંભીર અવાજથી બોલ્યો, "ખલાસી પુસ્તકોની પેટી રહેવા દો. એને બદલે અમે બંને અમારા શરીરનો ભાર ઓછો કરી દઈએ છીએ." આશ્ચર્યથી હ્યુ એન સંગ બોલી ઊઠ્યો, "આ શું કરો છો ભદ્ર ?"

"અમે ઉચિત જ કરીએ છીએ. આયુષ્યમાન, નશ્વર શરીરનો ઉત્સર્ગ કરીને પવિત્ર જ્ઞાન નિધિનું સંરક્ષણ કરવું અમારું પ્રથમ કર્તવ્ય છે. આ પેટીના પુસ્તકોથી એક એવા જનસમાજને જીવન મળશે જે સદીઓથી તિમિરમાં લટકી રહ્યો છે. આટલા પવિત્ર ધ્યેય માટે અમારો ઉત્સર્ગ જ ઉચિત છે." અને બંને ભારતીય સ્નાતકો બીજી ક્ષણે સમુદ્રનાં મોજાંઓમાં અદશ્ય થઈ ગયા. હ્યુ એન સંગ ભાવાવેશમાં બોલી ઊઠ્યો ધન્ય ધન્ય ! મહાન ભારતે મને આ અંતિમ જ્ઞાન આપ્યું છે. જ્ઞાનના રક્ષણ ખાતર શરીરનો ત્યાગ જ મહાન ધર્મ છે અને તેની આંખોમાં રહેલાં આંસુ આ બે મહાન સ્નાતકોની અમર યાદમાં વહી નીકળ્યાં.

(વાચકની દીવાદાંડી, ભાગ-૨માંથી સાભાર)

– રતિલાલ મંડલી 'તથ્ય'
(અધ્યયન – અધ્યાપન)

# છાત્રાલય :
# ઉચ્ચ શિક્ષણનું લૂલું અંગ

**ઉમાશંકર જોશી**

ઉચ્ચ શિક્ષણનો વિચાર કરીએ છીએ ત્યારે એમ લાગ્યા વગર રહેતું નથી કે એનું છાત્રાલયનું અંગ લૂલું છે. માધ્યમિક શાળાઓનાં છાત્રાલયો સંતોષકારક રીતે ચાલતાં હોય તો ગનીમત.

આ વસ્તુ એટલા માટે ખટકે છે કે ચાળીસ-પચાસ વરસ પહેલાં ગુજરાતના જુવાનોના જીવનઘડતરમાં છાત્રાલયોનો (તેમ જ વ્યાયામશાળાઓનો) મોટો ફાળો હતો. મારા જેવાના જન્મ પૂર્વે ભાવનગર શામળદાસ કૉલેજમાંથી ઇતિહાસના અધ્યાપકના પદેથી છૂટા થઈ નાનાભાઈ ભટ્ટે એક છાત્રાલય ઉઘાડીને કેળવણીનો નવ-પ્રયોગ આદર્યો હતો. પ્રજાસેવક મોતીભાઈ અમીને પેટલાદમાં છાત્રાલય કાઢી કરુણાશંકર માસ્તર જેવા શિષ્યવત્સલ શિક્ષકને બેસાડ્યા હતા. વિદ્યાર્થીઓ જમી આવે પોતપોતાને ઘેર, રહે ગૃહપતિ પાસે, એવી યોજના કરીને એમણે છાત્રાલયનું સંચાલન સરળ પણ કર્યું હતું. સુરતમાં અનાવિલ આશ્રમ દ્વારા કલ્યાણજીકાકા આદિ સેવકોનો ફાળો, પાટણમાં પંડ્યાગૃહની પ્રવૃત્તિ, કડી સર્વ વિદ્યાલયમાં બાપુભાઈ ગામીની પ્રેમાળ સૃષ્ટિ, – ગુજરાતના નવોત્થાનનાં એ બધાં વિશિષ્ટ પગલાં છે.

તે વખતનાં છાત્રાલયો રાષ્ટ્રીય જાગૃતિનાં કેન્દ્રો હતાં. અનેક રીતે વિદ્યાર્થીઓને તેઓ સંસ્કારપોષણ આપતાં.

છાત્રાલયપરિષદો ભરાતી. ભાવિ માર્ગદર્શન માટે અહેવાલો પ્રગટ થતા. છેક ૧૯૩૫માં કડીમાં નાનાભાઈના પ્રમુખપદે છાત્રાલયસંમેલન ભરાયું હતું. તેની સાથે જ છાત્રસંમેલન ભરાયેલું, જેનો મને પ્રમુખ બનાવવામાં આવેલો. (મારું તે પ્રસંગનું ભાષણ 'મને સાંભરે રે' આની પહેલાં આપ્યું છે.) મારા સ્વાગતપ્રમુખ હતા દશમા ધોરણમાં ભણતા, તે વખતે પણ જરીક ગોળમટોળ લાગતા, મોટી મોટી નિર્દોષ આંખોવાળા પીતાંબર પટેલ.

જોતજોતામાં એ પ્રવૃત્તિ શિથિલ થઈ. છાત્રાલયોનો નવો ઘાટ ક્યાંક ક્યાંક ટકી રહ્યો હશે, પણ જૂનાં રાબેતા મુજબનાં છાત્રાલયો ચાલુ જ રહ્યાં. એના બે પ્રકાર હતા : એક તો ભાડાના મકાનની, લૉજ-વીશીની સગવડ માંડ આપી છૂટનારાં અને બીજાં એનાથી ઊલટી જ જાતનાં – થોડીક ખોટી મોટાઈનો ખ્યાલ મગજમાં ઘુસાડનારાં.

અમારી કૉલેજના છાત્રાલયના વિદ્યાર્થી અંગે સાંભળેલી એક વાત છે. ત્રણ દરવાજે જઈ એણે બૅડમિન્ટન રમવાનું રૅકેટ ખરીદ્યું. હૉસ્ટેલ સુધી એ લઈ આવવા માટે નબીરાએ મજૂર રોક્યો !

ખોરાક અંગે પણ હૉસ્ટેલમાં રહેનારના ખ્યાલો જુદા જ. મેઘાણીભાઈનો દીકરો મહેન્દ્ર હૉસ્ટેલમાં રહેવા આવ્યો અને રોજ રોજ સાંજે પૂરીથી તંગ આવી જઈ એણે ભાખરીની માગણી કરી. એણે બાજરીના રોટલાનું નામ લીધું ત્યાં તો હૉસ્ટેલવાસીઓથી ન જ રહેવાયું : 'શું બાજરીના રોટલા ખાવા હૉસ્ટેલમાં આવ્યા છીએ ?'

આપણે ત્યાંની શિક્ષણપરંપરા પ્રજાજીવનથી

વિદ્યાર્થીને વિમુખ કરનારી. છાત્રાલયો પણ એમાં પોતાનો ફાળો આપે એમાં શી નવાઈ ? ખાસ કરીને સંચાલનમાં વિશિષ્ટ દોરવણી આપનારાં તત્ત્વોની નરદમ ગેરહાજરી હોય ત્યારે.

કૉલેજનાં સંચાલક મંડળો, અને કદાચ આચાર્યશ્રીઓ પણ, વિદ્યાર્થીઓની રહેવા-જમવાની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ અને એક અધ્યાપકને એ ભાળવી દીધી એટલે હૉસ્ટેલ અંગેની કામગીરી પૂરી થઈ એમ, સામાન્ય રીતે, માની લેતા લાગે છે. પણ એવી કામગીરીની શરૂઆત જ એ તો છે એ તરફ ધ્યાન ખેંચાવું જોઈએ. સ્વરાજ મળ્યા પછી છાત્રાલયો સુધરવાને બદલે કથળ્યાં, એ અંગે જાગ્રત થઈ છાત્રાલયો પ્રજાજીવનનું એક નરવું અંગ બની રહે એ માટે મથવું જોઈએ.

છાત્રાલયમાં રહેનારો વિદ્યાર્થી ઘરથી – માબાપથી છૂટો પડીને આવ્યો છે. ઘર સાથે હોડમાં ઊતરવું એ છાત્રાલય માટે, માબાપ સાથે સ્પર્ધા કરવી એ ગમે તેવા ગૃહપતિ માટે પણ, ઘણી કપરી કસોટી છે. પણ એવી કસોટી એ પરિસ્થિતિમાં રહેલી જ છે. એની તરફ આંખ મીંચીને ચાલવું ઠીક નથી. મારી દૃષ્ટિએ છાત્રાલયમાં મુખ્ય કામગીરી તે મનોવૈજ્ઞાનિક છે. શું શાળામાં, શું મહાશાળામાં, ઊછરતા કિશોરોના અને યુવાનોના માનવજીવનના પ્રશ્નો સૌથી આગળ પડતા હોય છે. એમને એમના માનવજીવનમાં પગભર કરવામાં ગૃહપતિની મદદ અચૂક મળી રહે એ ખાસ જોવું જોઈએ. ભણવા માટે જે થોડા કલાકો તે શાળા-કૉલેજમાં જાય તે સિવાય બધો વખત એ છાત્રાલયમાં રહે છે. એના બધા સમયનો ઉપયોગ એના વ્યક્તિત્વઘડતરમાં ઉત્તમ રીતે થાય એ જોવાનું છે.

એટલે ગૃહપતિ એ છાત્રાલયની કેન્દ્રીય વ્યક્તિ છે. યુવાન માનસને સહાનુભૂતિથી સમજી શકે એવી વ્યક્તિઓ ગૃહપતિ–રેક્ટર-પદ સંભાળે તે જોવું જોઈએ. મુખ્ય ગૃહપતિ અને સંખ્યા પ્રમાણે મદદનીશ ગૃહપતિઓ પણ રાખી શકાય. વર્ગોમાં ઔપચારિક (ફૉર્મલ) અધ્યાપન થતું હોય છે, ખરો સ્વાધ્યાય અને સૌથી મુખ્ય તો વ્યક્તિઘડતર છાત્રાવાસમાં થતાં હોય. (ઑક્સફર્ડ જેવી સદીઓ-જૂની યુનિવર્સિટીમાં કૉલેજોના નામે ઓળખાતી સંસ્થાઓ છાત્રાવાસો છે અને ત્યાંના ટ્યૂટરોની કામગીરી એ પ્રમુખ વિદ્યાકીય કામગીરી છે એ લક્ષમાં લેવા જેવું છે.) આ દૃષ્ટિએ વિચારતાં છાત્રાલયોનું અત્યંત મહત્ત્વનાં સંસ્કારકેન્દ્ર તરીકેનું સ્થાન સમજાશે અને એ રીતે એમને ખીલવવાની દિશામાં આગળ વધવાની અનિવાર્યતા મનમાં વસશે.

આપણા ઉત્તમ શિક્ષકોને વીણી વીણીને છાત્રાલયોની ભાળવણી કરવી જોઈશે. મારી નજર સામે નાનાભાઈની મૂર્તિ હંમેશાં રહી છે. મારે ભાતભાતનાં છાત્રાલયોમાં રહેવાનું થયું છે. મારા જમાનાનાઓને સત્યાગ્રહ છાવણીઓ અને જેલો રૂપી અન્ય પ્રકારનાં છાત્રાલયોનો પણ અનુભવ મળ્યો છે. વીરમગામ છાવણીના શિબિરાધિપતિ નાનાભાઈ હતા. અમે તરુણો કંઈ કંઈ પ્રશ્નો ઊભા કરી બેસતા. પહેલી વાર ખીચડી સાથે ઘી મળે. અને બીજી વાર આવે તેની સાથે પણ માગ્યું. નાનાભાઈ બારણામાં ઊભા હતા. સહજપણે એમણે બીજી વાર જ નહીં જેટલી વાર ખીચડી પીરસાય તે દરેક વખતે ઘી પીરસાવું જોઈએ એવી આજ્ઞા કરી. એ દિવસે અમે ઘી પામ્યા. પણ તે પછી ક્યારેય પણ બીજી વાર ખીચડી લેવાનું જ ભૂલી ગયા ! નાનાભાઈ તરુણ માનસનો તાગ પામેલા માણસ હતા. પ્રેમનો એમનો કીમિયો હતો.

વીરમગામ છાવણીમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રના સૈનિકો હતા. એમાં દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓની સંખ્યા ઠીક. દક્ષિણામૂર્તિનો વિદ્યાર્થી થયા વિના મને તે સૌની સંગતને લીધે એ સંસ્થાનો હોઉં એવું

ભાન તે પછી રહ્યાં કર્યું છે. એ વિદ્યાર્થીઓનાં જીવન ઉપર શ્રી હરભાઈની જે છાપ પડેલી જોવા મળતી તે આશ્ચર્યકારક હતી. શ્રી હરભાઈને પ્રત્યક્ષ તો કેટલાંક વરસો પછી હું મળ્યો. પણ એ બધા વિદ્યાર્થીઓના અંતરમાં એમની મૂર્તિ હું સુરેખ જોવા પામ્યો હતો. એક મહાન ગૃહપતિ શો કીમિયો કરે છે તેનો અંદાજ મેળવવા ઇચ્છનારે તરુણ કવિવર શ્રીધરાણીના પ્રથમ નાટક 'વડલો'નું અર્પણ વાંચવું જોઈએ.

એક કબૂલાત કરું ? નાનાભાઈ, હરભાઈ – એવા ગૃહપતિઓની પ્રતિમા અને છાત્રાલયોએ રાષ્ટ્રોત્થાનમાં આપેલા ફાળાનું મહત્ત્વ મનમાં એવાં વસેલાં કે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે મનમાં પણ એ જાતની કામગીરી અંગે વિચાર આવી ગયો. એ સમયમાં મેં સ્વેચ્છાએ નવરાશનો વ્યવસાય સ્વીકારેલો હતો. ગુજરાતમાં પ્રવાસો કરતાં ભૂમિશાળા સ્થાપવાનો વિચાર મનમાં ઊગેલો, પણ ભૂમિશાળા માટે જે વિદ્યા – બલકે વિદ્યાઓ જોઈએ, તેથી હું તદ્દન અજાણ એટલે એ વિચાર આગળ ચાલ્યો નહિ. આ નવી શરૂ થતી યુનિવર્સિટીના વિસ્તાર(કૅમ્પસ)માં અલ્પસાધન વિદ્યાર્થીઓ માટે (દરિયાપુર એ.જી. બોર્ડિંગ હાઉસમાં કે ગોવાલિયા ટૅંકના જી. ટી. બોર્ડિંગ હાઉસમાં જાય છે તેવાઓ માટે) છાત્રાલય ચલાવ્યું હોય તો મોટું કામ થાય એવું મનમાં આવ્યું. વિદ્યાર્થીઓને જે વિદ્યાશાખામાં ભણવા જવું હોય ત્યાં ભલે જાય, રહેશે તો આખો વખત છાત્રાવાસમાં. તેમની સાથે રહેવું અને તેમના ઘડતરમાં ભાગ ભજવવો. બદલામાં તેમની પાસેથી તાજગી મેળવવી. આવું છાત્રાલય ગુજરાતમાં ઠેર ઠેર પોતાની વડવાઈઓ નાખીને એક મોટું સંસ્કારબળ બની રહે. પણ એ વિચાર વિચાર જ રહ્યો...!

છાત્રાલયોની સુધારણા દ્વારા આપણે આપણી કેળવણીને જરૂર કસવાળી કરી શકીશું.

છાત્રનિવાસ સ્વચ્છ, આહ્લાદક હોવો જોઈએ. ગૃહપતિ બધા સાથે આત્મીયતાના સંબંધે સંકળાયેલા હોય એટલે છાત્રનિવાસ સંવાદિતાભર્યો પણ હશે જ. ચર્ચાસભાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા છાત્રગણ સામાજિક પ્રશ્નો અને માનવજીવનના મૂળ પ્રેરણાસ્રોતના સંપર્કમાં પણ મુકાતો હશે. છાત્રાવાસનું જીવન આનંદમય હોય.

છાત્રાલયનિવાસી વિદ્યાર્થીની થાળી સચવાવી જોઈએ. ઘણાં શિરશૂળ સારો ખોરાક ન મળવામાંથી ઊભાં થાય છે. સારો, રોચક, પૌષ્ટિક ખોરાક અપાવો જોઈએ. એવો ખોરાક મોંઘો હોવો જ જોઈએ એવું કાંઈ નથી. 'મેસ' (રસોડું)ને નિમિત્તે ઘણો 'મેસ' (ગોટાળો) થવા પામતો હોય છે. આપણી ગ્રૅજ્યુએટ માતાઓ અને મહિલા કાર્યકરો આમાં રસ લે તો મોટો લાભ થાય. આપણે હાર્યા છીએ ત્યાં તેઓ જરૂર ફાવશે.

છાત્રાલયનિવાસ દરમિયાન કોઈ કોઈ વિદ્યાર્થીઓને સ્વાવલંબનની થોડીક કમાણીની તકો મળી રહે એ પણ જોવું જોઈએ. કોઈ પણ કામ કરવામાં શરમ નથી બલકે ગૌરવ છે એ પરિપાટી ઊભી થવી જોઈએ. રૉકફેલરનો દીકરો મજૂરીનાં કામ કરવામાં માન સમજે અને આપણા જેવા આર્થિક રીતે વિકસતા સમાજમાં હાથ વડે કામ કરવામાં નાનમ સમજવાની વૃત્તિ રહે એ ઠીક નથી. ઉત્પાદક શ્રમનું ગૌરવ વધારવામાં પણ નમૂના પૂરા પાડીને ફાળો આપવો જરૂરી છે. હૉસ્ટેલોની આસપાસ રહેતાં કુટુંબોનું બાગકામ જરૂર સ્વીકારી શકાય. એક મોટા અધિકારીએ આવું કામ વિદ્યાર્થીઓને સોંપવાની પોતાની ઇચ્છા એક વાર મારી આગળ પ્રગટ કરેલી.*

સત્રારંભે છાત્રાલય શરૂ થાય તે વખતે

* આ જાણીને ઇજનેરી શાખાના એક વિદ્યાર્થી આવું કામ કરવા આગળ આવ્યા હતા.

સમૂહમિલનનો કાર્યક્રમ રાખી, અધ્યાપકો, આચાર્યશ્રી, સંચાલકમંડળના સભ્યો, અન્ય સંભાવિત વ્યક્તિઓ વગેરે સાથે પરિચય કરાવવાની તક ઊભી કરવી જોઈએ. કોઈ કોઈ કુટુંબોને બબ્બે ત્રણત્રણ વિદ્યાર્થીના યજમાન બનવાનું પણ સોંપી શકાય. છેવટે કૉલેજના અધ્યાપકોમાંથી આ પ્રવૃત્તિમાં રસ લેનારા હોય તેમને થોડા થોડા છાત્રોની ભાળવણી કરી શકાય.

વિદ્યાર્થી છાત્રાવાસમાંથી બહાર પડે ત્યારે પૂરતું ચૈતન્ય-પોષણ પામીને સમાજમાં પ્રવેશે એ ધ્યેય માટે મથનારા ઝિંદાદિલ ગૃહપતિઓ, ઝિંદાદિલ અધ્યાપકો નવા જમાનાને મળી રહો !

જુલાઈ ૨૯, ૧૯૭૦

(લેખક કૃત 'કેળવણીનો કીમિયો'
પૃ. ૮૬-૯૧માંથી સાભાર)

## ક્યા મોટે આ ખાઈ શકું ?

*૧૯૪૭ના ઉનાળામાં બિહારમાં કોમી દાવાનળ હોલવવા બાપુ ફરી રહ્યા હતા. ત્યાંથી દિલ્હી આવ્યા. એ દિવસોમાં એમનો ખોરાક ઓછો થઈ ગયો હતો.*

એક સવારે મનુબહેને કેરીના રસનો પ્યાલો ભરીને જમતી વખતે આપ્યો. બાપુએ પૂછ્યું : પણ મને કહે, પહેલાં તપાસ કર એ કે આ કેરીની કિંમત શી ?

મનુબહેને માન્યું કે બાપુ વિનોદ કરે છે. એ તો કાગળોની નકલ કરવાના કામે વળગ્યા.

થોડી વાર પછી જોયું તો બાપુએ રસ લીધો નહોતો, એટલે લેવા કહ્યું.

બાપુ : હું તો સમજતો હતો કે તું કેરીની કિંમત પૂછીને જ આવશે. કેરી ભેટ આવી હોય તોપણ તેની કિંમત પૂછ્યા પછી જ તારે મને ખાવા આપવી જોઈએ. એ તો તેં ન કર્યું, પણ મેં તને પૂછ્યા પછી પણ જવાબ ન લાવી. કેરીના ફળનું એક નંગ દસ આનાનું છે એમ મારા સાંભળવામાં આવ્યું. તો એ ફળ ખાધા વગર હું જીવી શકું તેમ છું. આ રીતે ફળ લેવાથી મારા શરીરમાં લોહી વધતું નથી, પણ ઊલટાનું ઘટે છે. આવી અસહ્ય મોંઘવારીમાં અને વ્યથામાં તેં ચાર કેરીના રસનો મને ખાસ્સો ગ્લાસ ભરી આપ્યો. એટલે અઢી રૂપિયાનો પ્યાલો થયો. એ કયા મોઢે હું ખાઈ શકું ?

તેવામાં જ બાપુજીને પ્રણામ કરવા એકબે નિરાશ્રિત બહેનો પોતાનાં બાળકોને લઈને આવી. બાપુજીએ તરત બે જુદા જુદા વાડકામાં બંને બાળકોને રસ પીવા આપી દીધો. એમના હૃદયમાંથી હાશ નીકળી ગઈ. મનુબહેનને કહેવા લાગ્યા : "ઈશ્વર મારી મદદે છે તેનો આ તાદૃશ દાખલો. પ્રભુએ આ બાળકોને મોકલી આપ્યાં અને તે પણ જેવાં બાળકોની હું ઇચ્છા રાખતો હતો તેવાં જ બાળકો આવ્યાં. કેવી ઈશ્વરની દયા છે તે તો તું જો !"

**ઉમાશંકર જોશી**

('ગાંધી-ગંગા' : ૧માંથી સાભાર)

# સ્મરણીય સ્વાનુભવ

## મોહનલાલ પટેલ

એક રોમાંચક અનુભવની વાત કરવી છે.

ઈ.સ.૧૯૬૫ના અરસાની એ ઘટના. ત્યારે હું કડીની જાણીતી સંસ્થા વિવિધલક્ષી સર્વ વિદ્યાલયનો આચાર્ય અને સર્વ વિદ્યાલયને સંલગ્ન છાત્રાલયનો મુખ્ય ગૃહપતિ પણ ખરો. ઉપરાંત યુનિસેફ, ભારત સરકારનું ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેશ્યલ સિક્યોરિટી, ગુજરાત સરકાર અને સર્વ વિદ્યાલયના સંયુક્ત સાહસ પ્રિ. વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરનો માનદ્ આચાર્ય પણ ખરો.

કડી રેલવે સ્ટેશન સામે ૩૦ એકરમાં પથરાયેલું સર્વ વિદ્યાલયનું આ શિક્ષણ સંકુલ. આ સંસ્થાનું ખરું હીર–ઝવેરાત એ એનું છાત્રાલય. સર્વ વિદ્યાલયની સ્થાપનાનાં બે વર્ષ અગાઉ એની સ્થાપના થયેલી. ઈ.સ. ૧૯૧૯માં. ઈ.સ. ૧૯૨૯માં મહાત્મા ગાંધીએ આ સંસ્થાની મુલાકાત લીધેલી અને એમણે સાડા ચાર કલાક સંસ્થામાં ગાળેલા. ત્યાં અપાતી રાષ્ટ્રીય કેળવણી અને તેની પદ્ધતિની મહાત્માજીએ પ્રશંસા કરેલી.

જે વર્ષની ઘટના વિશે વાત કરવી છે એ વર્ષે છાત્રાલયમાં ૩૬૫ છાત્રો હતા. ગામડેથી આવતા આ વિદ્યાર્થીઓમાંથી ઘણા તો એવા કે જેમને એમના વાલીઓએ મોટી ઉંમરે શાળામાં દાખલ કર્યા હોય. કેટલાક એવા પણ ખરા કે જેમને એમના વાલીઓએ વર્નાક્યુલર ફાઈનલ પાસ કરાવ્યા પછી હાઈસ્કૂલના પહેલા (હાલના પાંચમા) ધોરણમાં દાખલ કરાવ્યા હોય. આવા વિદ્યાર્થીઓ ઘણુખરું દેખાવે ઊંચા, પહોળા, મજબૂત અને ખડતલ. વળી છાત્રાલયના શુદ્ધ ખોરાક અને વ્યાયામના કારણે પણ એમનાં શરીર બરાબર પોષાયાં અને કસાયાં હોય....

આટલી પ્રસ્તાવના પછી મૂળ વાતઃ ગુજરાતના સાત જિલ્લાઓની માધ્યમિક શાળાઓની ફૂટબોલની સ્પર્ધા અમારી આ સંસ્થાના પટાંગણમાં યોજાઈ હતી. સંસ્થા પાસે રમતગમત માટે ત્રણ મોટાં મેદાન હતાં. એમાંના બે જે શાળાની નજીક હતાં તે રોજિંદા ઉપયોગમાં લેવામાં આવતાં હતાં. એમાંના એક ઉપર વિદ્યાર્થીઓ હોકી અને ફૂટબોલ રમતા હતા. પણ આ મેદાન ફૂટબોલની રમત માટે નિયત કરેલા ક્ષેત્રફળ કરતાં થોડું નાનું હતું. જ્યારે આંતરશાળેય સ્પર્ધાઓ હોય ત્યારે રમત અંગે નક્કી કરેલા નિયમમાં સહેજ પણ બાંધછોડ કેમ ચાલે ? સંસ્થાનું મોટું મેદાન છાત્રાલયની દક્ષિણે હતું. એ ઘણું મોટું હતું પણ એ મેદાનને આ સ્પર્ધાઓ માટે ઉપયોગમાં લેવામાં એક નડતર હતી. એ મેદાનની મધ્યમાં બે ઉત્સાહી શિક્ષકોએ એક વડ રોપ્યો હતો. એ બે મિત્રો એનું સારી રીતે જતન પણ કરતા હતા. સ્પર્ધાના વર્ષે એ પંદરેક ફૂટ જેટલી ઊંચાઈ અને વીસેક ફૂટ જેટલી પહોળાઈનો વિસ્તાર ધારણ કરી ચૂકયો હતો. એક નાનું સરખું ઘાટીલું વૃક્ષ જ જાણે !

આ વડ ન હોય તો એ મેદાન ઉપયોગમાં લઈ શકાય. ઉપરાંત ચારે તરફ ઘણી મોટી સંખ્યામાં પ્રેક્ષકોને પણ સમાવી શકાય. પણ હવે આ બાબતે કશો વિચાર કરવાનો રહેતો ન હતો કારણ કે અમે કોઈ જીવતું અને ફાલેલું વૃક્ષ કાપવાના મતના ન હતા.

કોઈ ઉત્સવની તૈયારીઓ ચાલતી હોય ત્યારે વિદ્યાર્થીઓની હાજરી હોય જ. વિદ્યાર્થીઓ –

છાત્રોની એની તૈયારીમાં ઊલટપૂર્વક ભાગ લે. યોજાયેલી ફૂટબોલની આ સ્પર્ધાઓ પણ અમારા માટે એક મોટો ઉત્સવ હતો. બનાસકાંઠા, સાબરકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓના સ્પર્ધકો આવવાના હતા. એમના રહેવા-જમવા વગેરેની તૈયારીઓ ખૂબ સારી રીતે થઈ ગઈ હતી. માત્ર ચિંતા મેદાન પૂરતી હતી.

આ પ્રશ્ન બાબતે અમે આ વડ નીચે જ વિચારણા કરી રહ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓ પણ ત્યાં ઉપસ્થિત હતા. એક વિદ્યાર્થીએ કહ્યું : 'આ વડને મૂળ સોતો ખસેડીને બીજે રોપીએ તો ?'

વાત હસી નાખવા જેવી હતી, પણ વિદ્યાર્થીનો સૂર હૈયાના ઉમળકાથી રંગાયેલો અને સચ્ચાઈભર્યો હતો એટલે ત્યાં ઊભેલા સૌ સાંભળી રહ્યા. કોઈ હસ્યું નહીં.

એ જ વિદ્યાર્થીએ પોતાની વાતમાં ઉમેર્યું : 'વ્યાયામશાળા આગળ ઘણી છૂટ છે. વડ ત્યાં હશે તો લેઝીમ, મગદળ વગેરેની પ્રેક્ટીસ માટે ઉનાળામાં ખૂબ ઉપયોગી થશે.'

વિદ્યાર્થીનો ઉત્સાહ આ બોલી રહ્યો હતો. એને ઉત્સાહભંગ કરવા હું ઈચ્છતો ન હતો. પણ વાસ્તવિકતા સમજાવવાના હેતુથી મેં કહ્યું : 'એ કંઈ રમત વાત છે, ભાઈ ? અશક્ય !'

'સાહેબ, એક વખત તમે મંજૂરી આપો પછી અમારું કામ.'

'આ સાથે જ બે ત્રણ છાત્રો એકી સાથે બોલી ઊઠ્યા : 'હા સાહેબ, તમે સંમતિ આપો.'

'એની ઊંચાઈ – પહોળાઈનો ખ્યાલ કર્યો ?'

'તે ભલેને મોટું ઝાડ હોય. અમે એને સમાલી લઈશું.' એક વિદ્યાર્થીએ ભારે આત્મશ્રદ્ધાથી આમ કહ્યું.

આ દરમ્યાન છાત્રોમાં ઉત્સાહનું એક મોજું ફરી વળ્યું હતું. સૌના ચહેરા ઉપર એક અદમ્ય થનગનાટ દેખાતો હતો.

આ ઉત્સાહ ઉપર ઠંડું પાણી રેડવા જેવું મને ન લાગ્યું. મેં કહ્યું : 'કસો કમર, ત્યારે.'

અને પછી આ છાત્રોએ જે કામ કર્યું એની સ્મૃતિમાત્રથી આજે પણ રોમાંચ થાય છે. છાત્રોએ સૌ પ્રથમ તો વડના થડથી ચારેક ફૂટના અંતર સુધી થડને ફરતી ખાઈ જેવો ઊંડો ખાડો કર્યો. અગાઉ ઉદ્યોગમાં ખેતીનો વિષય ચાલતો હતો તે સમયમાં કોદાળી, પાવડા, તબડકાં વગેરે ઘણાં સાધનો હતાં. એનો ઉપયોગ કરીને છાત્રોએ આ કાર્ય કર્યું.

એ જ સમયે સમાંતર કાર્ય તરીકે છાત્રોએ વ્યાયામશાળા આગળની જગ્યામાં એક કૂવા આકારનો ઊંડો અને પહોળો ખાડો તૈયાર કર્યો.

હું સ્થળ પર હાજર રહીને ધીરજપૂર્વક આ બધું નિહાળી રહ્યો હતો. બંને ખાડા તૈયાર થયા પછી છાત્રો એન્જિન રૂમમાંથી તેમ જ કોઠારમાંથી અને અન્ય સ્થળેથી, જ્યાંથી મળ્યા ત્યાંથી મોટાં મોટાં વરેડાં (દોરડાં) લઈ આવ્યાં. એ પછી વડનાં જુદાં જુદાં ડાળાં-ડાળીઓમાં એ દોરડાં એ છાત્રોએ સિફતથી પરોવ્યાં અને ગૂથ્યાં. દરેક દોરડાના બે લાંબા છેડા બહાર રાખ્યા. આ છાત્રોમાં મોટા ભાગના તો ખેડૂતોના દીકરાઓ હતા. બાળપણથી જ તાલીમ પામ્યા હોય એમ આ બધું સહજ આવડતથી કરી રહ્યાં હતાં. જે મારા માટે તો નવાઈનો જ વિષય હતો.

ખરી કરામતનો તબક્કો તો હવે આવતો હતો. ખેડૂતોનો છોડ અને વૃક્ષપ્રેમ આ તરુણોમાં સંસ્કાર રૂપે ઊતર્યો હોય એમ ભારે કાળજી અને સાવચેતીથી કામ કર્યું. આવા સમયે ઘણી હો-હા અને શોરબકોર થતો જોવા મળે છે પણ અત્યારે, કોઈ ઓપરેશન ચાલતું હોય અને સૌ ગંભીર બનીને મૌન સેવે એમ આ છાત્રો મૌન ધારણ કરીને

પુરુષાર્થ કરવા લાગ્યા હતા. દોરડાંના પેલા બબ્બે છેડા આ છાત્રો કાળજીપૂર્વક અને સંપૂર્ણ તાકાતથી ખેંચવા લાગ્યા. કેટલાક મૂળ ખેંચાયાં, કેટલાંક તૂટ્યાં પણ વડ જીવતો રહી શકે એટલા મૂળ સાથે આ છાત્રોએ એને જમીનમાંથી ખેંચી કાઢ્યો. અત્યાર સુધી કશાક ભાર હેઠળ છાત્રોની બંધ થઈ ગયેલી વાચા એક વિસ્ફોટ સાથે 'છગનભા કી જય'ના ગગનભેદી નાદ સાથે બહાર આવી. છગનભા સંસ્થાના સ્થાપક.

છાત્રો ખેંચાયેલા આ વડને કોઈ આત્મિયતાની લાગણીના ભાવથી તાણીને વ્યાયામશાળાના આગળના પેલા ખાડા સુધી લઈ ગયા. એમણે વડને ખાડામાં ઊતાર્યો. એ પછી કેટલાક છાત્રો વ્યાયામશાળાના છાપરા પર ચડ્યા અને કેટલાક બાજુના ઝાડ પર ચઢી ગયા. દોરડાં ખેંચીને એમણે વડને ખાડામાં ઊભો કર્યો.

ત્યાર પછી, કંઈક કરી છૂટવા થનગની રહેલા કિશોરવયના છાત્રો (અને મોટી ઉંમરના છાત્રો પણ) પેલા ખાડામાં માટી ધરબવા માંડ્યા. માટી નાંખ્યા પછી પચાસેક છાત્રોની હાર દ્વારા રસોડાની ટાંકીમાંથી બાલદીઓ દ્વારા માટીમાં પાણી સિંચવામાં આવ્યું.

અજવાળી રાત હતી. છાત્રોનો ઉત્સાહ અદમ્ય હતો. થાકનું નામ નિશાન ન હતું. બપોર પછી શરૂ થયેલ કામ અર્ધી રાત વીત્યે પૂરું થયું.

મેદાન ઉપર સ્પર્ધા બહુ સારી રીતે અને સુમેળમાં પૂરી થઈ.

સ્થળાંતર પામેલા વડ સંદર્ભે છાત્રોનાં કુતૂહલ અને ઉત્સાહ એવાં ને એવાં હતાં. છાત્રો રોજ એને પાણી પાતા અને વિસ્મયના ભાવથી નિરખી રહેતા.

પહેલાં તો વડનાં પાંદડાં ખરી પડ્યાં. પછી પંદરેક દિવસે ડાળીએ નવી કૂંપળો ફૂટવા લાગી. સહેજ નારંગી અને લાલાશના મિશ્ર રંગવાળી નાજુક કુંપળો !

અને રોજ રોજ નવી નવી ફૂટતી કૂંપળોને જોઈને છાત્રો રાજી થતા.

પણ એ રાજીપાને ઊધઈએ ટકવા ન દીધો. વડને મૂળમાં જ ઉધઈ લાગી અને પૂરો ખીલી ઊઠે એ પહેલાં જ મૂરઝાયો.

વડ ફરી પાંગરી ન શકયો એનો રંજ છાત્રોને અને અમને સૌને રહ્યો. પણ વિદ્યાર્થીઓએ જે સાહસ દાખવ્યું, અઘરા જણાતા કાર્યને હસતાં ખેલતાં ઉપાડી લીધું અને એને સમજદારી, કુનેહ અને જવાબદારીથી પાર પાડ્યું એણે છાત્રો–તરુણોમાં રહેલ શક્તિનું એક જવલંત ઉદાહરણ પૂરું પાડ્યું. અમારા અને એ છાત્રો માટે એ દિવસની એ ઘટના સ્મરણીય બની રહી છે.

(સંચય, સપ્ટેમ્બર, ૨૦૦૨
પૃ. ૧૮–૨૦માંથી સાભાર)

*મારા મિત્રો મારા કાર્યક્રમનું પોતાના જીવનમાં સંપૂર્ણ પાલન કરીને, અથવા તો તે વિષે તેમની શ્રદ્ધા ન હોય તો મારો સંપૂર્ણ વિરોધ કરીને જ, મને વધારેમાં વધારે માન આપી શકશે. આ કર્મયુગમાં અંધભક્તિ સદંતર નિરર્થક છે, ઘણીવાર મૂંઝવનારી છે અને તેટલી જ વાર દુ:ખદેણ છે.*

**મો૦ ક૦ ગાંધી** ['નવજીવન' : ૧૫-૬-૧૯૨૯]
('ગાંધી-ગંગા' : ૧માંથી સાભાર)

# ખરા વાચનવીર

**રજનીકુમાર પંડ્યા**

''બાપા, તમને આમાં મઝા નહીં આવે, આ તો સાહિત્યકારોનો મેળાવડો છે. મોરારિબાપુનું ધામ છે ઈ સાચું, પણ બાપુ કથા નથી કરવાના. માટે ઈ વરાહેં (સમજણથી) આવ્યા હો તો પાછા વળી જાઓ.'' સ્વયંસેવક બોલ્યો.

મહુવામાં નદીકિનારે મોરારિબાપુના કૈલાસ ગુરુકુળમાં ગુજરાતભરના સાહિત્યકારોનો ત્રણ દિવસનો મેળો હતો તે સાહિત્યરસિકો માટે જ હતો. એમાં મેલખાઉ લાંબી ચાળનું પહેરણ ને કાઠિયાવાડી ચોરણી ઠઠાડીને આવેલા, ખીચડિયા વાળ અને ધોળી મૂછવાળા ગામડિયા કણબીનું કામ નહીં.

પણ આવનાર ગામડિયા જણે જવાબ વાળ્યો : ''અરે, મારા વાલા, સાહિત્ય માટે જ આવ્યો છું. નકર આંયા કોની પાંહે ટાઇમ છે ? મારે તો મા સરસ્વતીના છોરું પાંહેથી બે વેણ સાંભળવાં છે.''

જૂનાગઢ જિલ્લાના ઉના ગામને અડીને આવેલા અને માત્ર પાંચસો માથાંની વસતિવાળા આંબાવડ ગામના છપ્પન વરસના, માંડ બે ચોપડી ભણેલા ઉકાભાઈ હરિભાઈ વઘાસિયા માટે જાકારાનો આવો અનુભવ પહેલો નથી. ૨૯ વરસ પહેલાં સ્વાધ્યાય પરિવાર દ્વારા જૂનાગઢમાં પાંડુરંગ શાસ્ત્રીની હાજરીમાં સ્નાતક સંમેલન ભરાયેલું. એ વખતે સાહિત્યપ્રેમી ભગવતસિંહ મોરીની સાથે ઉકાભાઈ ગયા ત્યારે પ્રવેશદ્વાર પાસે ઊભેલા સ્વયંસેવકે કહ્યું : ''આ તો ગ્રેજ્યુએટ માટે છે ભાઈ, આંઈ તમે નો હાલો.''

સાંભળીને તરત ઉકાભાઈએ સામો સવાલ પૂછ્યો : ''ગ્રેજ્યુએટ એટલે કેટલી ચોપડી ભણવી પડે ભાઈ ?''

સ્વયંસેવકે જવાબ આપ્યો : ''ટોટલ પંદર ચોપડી.'' એના અનુસંધાનમાં ઉકાભાઈ બોલે એ પહેલાં ભગવતસિંહજી બોલી ઊઠ્યા હતા : ''દોસ્ત, આપણે પંદર નહીં, પંદરસો ચોપડી પંડ્યે વાંચી છે. આ તો આપણો સાચો ગ્રેજ્યુએટ છે.''

ભગવતસિંહ મોરી ભલે અટકળે પંદરસો ચોપડી બોલ્યા હોય, પણ ઘરનાં કબાટોમાં કમ સે કમ પાંચ હજાર પુસ્તક હશે. અને આ પુસ્તકોય પાછાં કોઈ સામાન્ય કોટીનાં નહીં, લોકસાહિત્યના આદિગ્રંથ 'પ્રવીણ સાગર', 'ભૃગુસંહિતા'થી માંડીને ગુજરાતી સાહિત્યની ક્લાસિક ગણાય તેવી નવલકથાઓ, વાર્તાસંગ્રહો, લલિત નિબંધસંગ્રહો અને એવાં જ ઉત્કૃષ્ટ તેવાં સાહિત્યનાં પુસ્તકો છે. આવાં પુસ્તકોનું સતત વાચન-સેવન આ ખેતીવાડીમાં રચ્યાપચ્યા ઉકાભાઈ કરે છે.

માના પેટમાં હતા ત્યાં જ પિતા ગુમાવી બેઠેલા ઉકાભાઈ કાકા મોહનભાઈના આશરે મોટા થયા. આવા શ્રમજીવી પરિવારના ખોરડામાં ચોપડીના નામે પસ્તી પણ ન હોય. પણ પિતા નિશાળમાં ભણતા એ વખતની એક ગુજરાતી ચોપડી 'એડોલ્ફ હિટલર' ઉકાભાઈને હાથ ચડી ગઈ. તે વાંચી નાખી. મજા પડી. પછી તો જ્યાંથી જે પુસ્તક હાથ આવે તે વાંચવા માંડ્યા. પ્રેમાળ કાકાને ખબર પડી એટલે એ જ્યારે ઉના કે જૂનાગઢ હટાણે જાય ત્યારે નાની નાની બાળકથાઓની ચોપડીઓ ઝોળીમાં નાખતા આવે. એમાં બાળક ઉકાને વાચનનું વ્યસન પડી ગયું. રાતે બા

પુરાણની, 'રામાયણ'ની, 'મહાભારત'ની નાની-મોટી વાર્તા કરે.

ત્રણ ચોપડી ભણીને ખેતીના કામમાં જોતરાવાનો વારો આવ્યો પછી નવરાશ મળતી બંધ થઈ. એટલે ઉકાભાઈ ખેતરે કામે જાય ત્યારે ફાળિયામાં એકાદી ચોપડી સંતાડીને લઈ જાય. મિનિટ-બે મિનિટનો સમય મળે ત્યારે વાંચવા બેસી જાય. રાતે ઘેર આવે ત્યારે વાળુ કરીને પરસાળની થાંભલીને ફાનસ ટીંગાડી વાંચવા બેસી જાય. તે ઠેઠ ઝોલાં આવવા માંડે ત્યાં લગી વાંચતા રહે. વય વધવાની સાથોસાથ ઉકાભાઈના વાચનની રેન્જ વધી. પહેલાં 'ઝગમગ', 'બાલસંદેશ', 'રમકડું' જેવાં મૅગેઝિન વાંચતા, પછી 'કુમાર', 'અખંડઆનંદ' વાંચતા થયા. એ પછી પુસ્તકો ખરીદતા થયા. પૈસાની છત નહીં, પણ જેમ લૂગડાં માટે પૈસા ગમે ત્યાંથી કાઢવા પડે તેમ ચોપડાં માટેય કાઢવા જોઈએ તેમ માનતા ઉકાભાઈ ગમેત્યાંથી વેત કરીને પુસ્તકો વસાવવા મંડ્યા અને વાંચવા મંડ્યા. અરે, ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય થઈ ગયા. 'શબ્દસૃષ્ટિ' અને 'પરબ' જેવાં માસિક ભારે રસથી આ ખેડુ વાંચવા મંડ્યો. લેખકો સાથે પત્રવ્યવહાર કરતો થયો.

(વાચકની દીવાદાંડી ભાગ-૨,
પૃ. ૧૦૧-૧૦૩માંથી સાભાર)
('ચિત્રલેખા' અઠવાડિક : ૨૦૦૩)

## સંસ્કારિતાનો સ્પર્શ

*ઉમાશંકર જોશીને ગુજરાતના બધા રાજનેતાઓ ઓળખશે. કારણ એ નથી કે એ કવિ છે, કે ગુજરાતના સંસ્કારપુરુષ છે. તેઓ રાજ્યસભાના સભ્ય હતા. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ-ચેન્સેલર હતા. તેમણે થોડાંક તીખાં તમતમતાં ભાષણો કર્યાં છે, નિવેદનો કર્યાં છે, મોરારજી દેસાઈથી માંડી ચીમનભાઈ પટેલ જેવા સાથે ઝીંક ઝીલી છે. પણ તેમને કવિ તરીકે ઓળખનારા એકાદ ઘનશ્યામ ઓઝા કે એકાદ માધવસિંહ સોલંકી નીકળે તો ભયો ભયો ! અમારા મહારાષ્ટ્રની તાસીર જુદી. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન મહારાષ્ટ્રના પ્રસિદ્ધ કવિઓ-સર્જકોને દીઠે ઓળખે; મહારાષ્ટ્રનો અધિકારી વર્ગ સાહિત્યકાર હોય તો એની આમન્યા રાખે. રાજપુરુષોની ચિઠ્ઠીથી ગુજરાતના સચિવાલયમાં કામ કઢાવી શકાય. કવિનું નામ અને તેનો અવાજ સરકારી ખાતાંઓમાંથી સહકાર મેળવવામાં કારગત થતું હોય, એ મહારાષ્ટ્રમાં મેં જોયું-અનુભવ્યું છે. ગુજરાતની નેતાગીરી પાસે સંસ્કારિતાનો આ સ્પર્શ નથી.*

– હરીન્દ્ર દવે

**('જનશક્તિ' દૈનિક : ૧૯૭૬)**

# ઈન્ટરવ્યૂ આપતા સમયે ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓ

આર. એન. કોટક

**નોંધ :** ગુજરાત રાજ્યના નિવૃત્ત નાયબ રોજગાર નિયામક શ્રી આર. એન. કોટક નિવૃત્તિ બાદ યુવાનોને કારકિર્દી માટે માર્ગદર્શન આપવા અને ખાસ કરીને ઇન્ટરવ્યૂમાં યુવાનોને પડતી મુશ્કેલીના નિવારણ માટે ૪૩ જેટલા ટૂંકા અને સચોટ લેખો તૈયાર કરી "ઇન્ટરવ્યૂ ટેક્‌નિક્સ" નામક પુસ્તક તૈયાર કરી પ્રકાશિત કરેલ છે. આ પુસ્તકમાંથી પસંદગીના થોડા લેખો યુવાનોના માર્ગદર્શન માટે 'સુવિચાર' માસિક (મે, ૨૦૧૧)માં છપાયેલ તે અહીં પુનર્મુદ્રિત કરવાની અનુમતિ પ્રદાન કરવા માટે લેખકનો અને 'સુવિચાર'ના તંત્રી શ્રી પ્રવીણ ક. લહેરીનો આભાર. લેખકનું સરનામું : "શ્રી સાંઈ" બોમ્બે હાઉસિંગ મુખ્ય માર્ગ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ મો. ૯૪૨૬૪૨૩૩૩૯

**ઇન્ટરવ્યૂ કેમ આપશો ?** હલો, મિ. પાર્થ, સૌરભ પટેલ, અચાનક વેઈટીંગ રૂમમાં પ્રકાશ ઝળહળે છે અને જોબ ઇન્ટરવ્યૂ માટે આવેલ ઉમેદવારો પૈકી મિ. પાર્થ નામના રોજગારવાંછુ પર ઇન્ટરવ્યૂ વીડિયો ફોકસિંગ થાય છે અને તેને 'વીડિયો કૉન્ફરન્સ કમ ઇન્ટરવ્યૂ' માટે ઈન્ડિકેટ કરવામાં આવે છે. આ પછીના ઇન્ટરવ્યૂના પ્રશ્નોત્તર કાળ વિશે તો આપ જાણી ગયા હશો. આજના 'ઇન્ફોટેક' યુગનો આ છે ઇન્ટરવ્યૂ માહોલ !

મે આઈ સ્પીક ટુ મિસ નાન્સી ? અચાનક એક સવારે ૧૦ વાગે મિસ નાન્સી કિશોર ત્રિવેદીને ઘેર ટેલિફોનની ઘંટડી રણકે છે અને ઑપરેટર કહે છે કે મિસ નાન્સીએ મલ્ટીનેશનલ કંપનીમાં જે જોબ માટે એપ્લાય કર્યું છે તેનો 'ટેલી ઇન્ટરવ્યૂ' લેવાનો છે. નાન્સી પણ સ્વસ્થ થઈને ટેલિફોન પર 'પ્રશ્નોત્તર' સ્વરૂપે ઇન્ટરવ્યૂ આપે છે, આ બીજો ઇન્ટરવ્યૂ માહોલ. ઇન્ટરવ્યૂનો અર્થ સાક્ષાત્કાર થાય છે. (Face to Face) મુલાકાત કે રૂબરૂ મુલાકાત કે મૌખિક ઇન્ટરવ્યૂ એવો મર્યાદિત અર્થ હવે રહેતો નથી. પ્રાઈવેટ કે મલ્ટીનેશનલ ઓર્ગેનિઝેશનને ત્વરા એટલી છે કે ઉમેદવારોની ભરતી માટે લાંબી પ્રક્રિયાને તેઓ પસંદ કરતા નથી. આવા ઝડપી કે ફાસ્ટફૂડ જેવા ઇન્ટરવ્યૂની તૈયારી કેવી હોવી જોઈએ તે માટે કેટલાક મુદ્દાઓ કે (Tips) માટે મનન કરીએ, જે સફળતા તરફ દોરી જઈ શકે.

(૧) અભ્યાસ જે કંઈ કરેલ હોય તેના સિદ્ધાંતો (Principles) અને તેની ઉપયોગિતા (Application)ને શક્યતઃ યાદ રાખવા.

(૨) અભ્યાસના સ્પેશ્યાલાઈઝેશન કે પ્રોજેક્ટ્સ હોય તો તેના વિશે વિશેષ જાગૃતિ કેળવવી. અગ્રભાગ પરના ખાસ અપેક્ષિત પ્રશ્નો જવાબોનો મહાવરો રાખવો. આવી ટેવ પાડવી ઇચ્છનીય ગણાય.

(૩) જે કંપની એકમ (ઉત્પાદન) માટે એપ્લાય થયા હો તેની પ્રાથમિક જાણકારી આ કંપની કે અન્ય એ જ પ્રકારની કંપનીની જાહેરાત ડિરેક્ટરી કે મુલાકાત મારફત મેળવી લેવી. જે જાણકારી ઉપયોગી થાય છે.

(૪) જો સારી જોબ માટે અરજી કરી હોય અને હાલ જોબ ચાલુ હોય તો હાલની જોબની પૂરી

માહિતી આપની પાસે હોવી જોઈએ. હાલની આપની કંપનીનાં ઉત્પાદન કેન્દ્રો, પ્રક્રિયા, કાચા માલની જાણકારી, મશીનરીની વિગતો પણ હોવી જોઈએ. નવી જોબ માટે જૂની જોબ છોડવાનાં સ્પષ્ટ કારણો હોવાં જોઈએ. જોઈતા સંભવિત વેતનનો આંકડો સ્પષ્ટ કહેવો પડે. 'જે આપશો તે ચાલશે' તે વાતથી કોઈને સંતોષ નહિ થાય.

(૫) જનરલ નોલેજ 'જી.કે.', 'કરન્ટ ઈવેન્ટ્સ'ની જાણકારી ગમે તે પ્રકારની જોબ માટે જરૂરી છે. વર્તમાન પ્રવાહોની જાણકારી તથા દૈનિકપત્રો સામયિકોનું યોગ્ય વાચન જરૂરી છે તે ઇન્ટરવ્યૂમાં ઉપયોગી થાય જ છે.

(૬) આપના રસનો વિષય, વાચન, રમતગમત જે હોય તે, તેની જાણકારી-અભ્યાસ રાખવો. આ પ્રશ્ન હંમેશાં અપેક્ષિત છે જ.

(૭) પૂર્ણ તૈયારી સાથેની શ્રદ્ધા હિંમત ઇન્ટરવ્યૂમાં સફળતાનો પાયો છે. ઈશ્વર પર શ્રદ્ધા સાથે આત્મશ્રદ્ધા શક્તિ રાખીને કરેલા પ્રયત્નો જ ઉમેદવારને સફળતા અપાવે છે. આત્મશ્રદ્ધા ઇન્ટરવ્યૂ માટે ખાસ અતિ આવશ્યક છે.

**નોકરી માટે અરજી : (જોબ એપ્લિકેશન) :** ઉદારીકરણ અને વૈશ્વિકરણના નવા માહોલમાં વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા અને સ્પર્ધા વધી છે. અન્ય બજારોની સાથે જોબ માર્કેટમાં પણ તીવ્ર હરીફાઈ છે ત્યારે વ્યક્તિને રોજગારી મેળવવાના છેલ્લા પડાવ સમા 'ઇન્ટરવ્યૂ' સુધી પહોંચાડનાર છે – નોકરી માટેની અરજી (જોબ એપ્લિકેશન.)

૧૯૬૪માં ૩૮ વર્ષ પહેલાં એક જોબ ઇન્ટરવ્યૂમાં મને જગ્યાને લગતા એપ્લિકેશન સ્વહસ્તાક્ષરમાં અંગ્રેજી ભાષામાં લખાવેલ. તાજેતરમાં એક મોક ઇન્ટરવ્યૂ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓને અભ્યાસ લગતા જગ્યાની જોબ અરજીમાં લખાવેલ. આના ઉપરથી જોબ એપ્લિકેશન અને ઇન્ટરવ્યૂની મહત્તા જાણવા મળે છે. મારા સિનિયર સિટીઝન મિત્રો આ મહત્તા વિશેષ જાણે છે. જોબ માટેની અરજીની પ્રથા વર્ષોથી છે. જ્યારે જોબ કે કામની અછત ન હતી પણ યોગ્ય ઉમેદવારોની અછત કે તંગી પ્રવર્તતી હતી ત્યારે પણ એપ્લિકેશન પ્રથા તો હતી જ. વિનંતી.

અંગ્રેજી ઉક્તિ છે, 'એપ્લાય એપ્લાય બટ નો રિપ્લાય' આવી સ્થિતિને ટાળવા માટે જ આજ આપણે સૌ યોગ્ય અને ઉપયોગી માહિતીવાળી અરજી ઉપર વધુ ભાર મૂકીએ છીએ જેથી અરજીના ઢગલામાંથી ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં આપણી અરજી વ્યવસ્થિત હશે તો ઇન્ટરવ્યૂ ચાન્સ માટે પસંદ થાય અથવા જલદીથી નોકરી મળી શકે.

જોબ એપ્લિકેશન એટલે કામ નોકરી સેવા કે વેકેન્સી માટેની અરજી એવો અર્થ થાય છે. આ અરજી પદ્ધતિસરની હોવી આવશ્યક હોય છે. તેથી તેનું ફૉર્મેટ સ્વરૂપ થયું. તેમાંથી ફૉર્મ કે નિયત અરજીપત્ર અમલી બન્યું. આથી જોબ એપ્લિકેશનના બે ભાગ કે પ્રકાર છે : (૧) સ્વનિર્મિત (૨) નિયત અરજીપત્ર, નિયત અરજીપત્ર પદ્ધતિમાં રોજગારવાંચ્છુને તનાવ નથી. સુવાચ્ય-સારા અક્ષરે નિયત અરજીપત્ર ભરીને યોગ્ય બિડાણો સાથે સમયસર જે તે સ્થળે પહોંચાડીએ એટલે કાર્ય પૂર્ણ થાય છે. ઇન્ટરવ્યૂની રાહ જોવાની અને પૂર્વ તૈયારી કરવાની રહે છે. સ્વનિર્મિત અરજીમાં (૧) એપ્લિકેશન (૨) બાયોડેટા (૩) કરિક્યુલમ-વાઈટે (૪) રિઝ્યુમના સામાન્યત ચાર પ્રકાર છે. વિગત જોઈએ.

(૧) **એપ્લિકેશન (અરજી) :** આ જોબ એપ્લિકેશનનું સાદું સ્વરૂપ છે. બ્લેન્ક પેપરમાં હાંસિયો રાખીને જાહેરાત કે માગણી મુજબ સ્વહસ્તાક્ષર કે ટાઈપ / કમ્પ્યૂટરથી આ અરજી

તૈયાર થાય છે. જાહેરાતમાં નમૂનો ફોર્મેટ આપેલ હોય તો તે પ્રમાણે અરજી તૈયાર કરવી. માગ્યા સિવાયની કે વધુ પડતી વિગતો આપવાનું ટાળવું, સિવાય કે આપણે નોકરી મળવામાં લાભપ્રદ જણાતું હોય. બિડાણો – ફોટોગ્રાફ સૂચના મુજબ આપવાં જોઈએ.

(૨) **બાયોડેટા :** બાયોડેટા એટલે નોકરી વાંચ્છુની નોકરી મેળવવા સંબંધિત વિગતોનું પદ્ધતિસરનું જાતે જરૂરત મુજબ તૈયાર કરેલું ફોર્મેટ છે. આ તૈયાર રેડીમેડ પત્રક જાહેરાત વિના પણ નોકરીદાતા કંપનીને મોકલાય છે. આ ફોર્મેટનો આજકાલ વિશેષ ઉપયોગ નથી. કારણ કે દરેક કંપની સંસ્થા પોતાના અરજીપત્રકોની વિગતો નક્કી કરીને માહિતી માંગે છે.

(૩) **કરિક્યુલમ વાઈટે કે રિઝ્યુમ :** મેનપાવર મૅનેજમેન્ટમાં સીવી કે રિઝ્યુમ એ અદ્યતન એપ્લિકેશન પ્રકાર છે. જોબ માટે ધ્યાનાકર્ષક અરજી સાયન્ટિફિક મેથડથી તૈયાર થાય છે. ઉમેદવારની જોબ અપેક્ષા અને લાક્ષણિકતાને આવરી લેવાય છે. સીડી ઉપર પણ મોકલી શકાય છે. જોબ કન્સલન્ટ તો વેબસાઈટ ઉપર રિઝ્યુમ માટે વ્યવસ્થા કરે છે. વર્લ્ડ પ્રોસેસર ઉપર લેસર પ્રિન્ટથી આઈ-કેચિંગ રીતે તૈયાર થતી અરજીઓ ઉચ્ચકક્ષાની તથા ફોરેન જોબ માટે ઉપયોગી થાય છે. ઈમેજ બિલ્ડિંગ મહત્ત્વનું છે. ઇન્ટરવ્યૂ કલા છે તેમ ધ્યાનાકર્ષક અરજી કરવાની પણ કળા છે.

### ઇન્ટરવ્યૂ દરમિયાન પ્રશ્નો-ક્વેશ્ચન બ્રેન્ક :

ઇન્ટરવ્યૂ દરમિયાન ૩૩ ટકા ઉમેદવારો ખોટું બોલે છે તેવું એક રસપ્રદ સર્વેક્ષણનું આ તારણ છે. ભારતમાં મોનસ્ટર ઈન્ડિયા ડોટ કોમ કંપની એ ઓસ્ટ્રેલિયાની ઈકોર્પ લિમિટેડ તથા માન્સ્ટર ડોટ કોમનું સંયુક્ત સાહસ છે. નોકરી સહાય મેળવવા માટે ઉત્સુક ઉમેદવારો ઇન્ટરવ્યૂ દરમિયાન પોતે પસંદ થઈ જાય છે તે માટે પોતાની લાયકાત વગેરે વિશે ખોટું બોલતાં અચકાતાં નથી તેમ આ કંપનીના એક તાજેતરના સર્વેક્ષણમાં બહાર આવ્યું છે.

આ બાબતથી સૌને આશ્ચર્ય થાય પણ આ હકીકતને ઇન્ટરવ્યૂ પકડી પાડે છે અને તેથી ઇન્ટરવ્યૂ દરમિયાન પ્રશ્નો પણ એવા પૂછવામાં આવે છે. આપણે કેટલાક નમૂનારૂપ પ્રશ્નો જાણીએ. આદર્શ ઇન્ટરવ્યૂ દરમિયાન પુછાય તેવા પ્રશ્નો છે. (આવા પ્રશ્નોને ક્વેશ્ચન બૅન્ક કહેવાય છે.)

**(A) પરિચય :** (૧) આપના વિશે અમોને કંઈક જણાવો. (૨) આપની શક્તિ અંગે આપ શું માનો છો ? (૩) આપના રસના વિષયો કયા કયા છે ? (૪) આપની ખાસિયત શી શી છે ? (૫) આપની સૌથી મોટી મર્યાદા કઈ છે ? (૬) આપના કુટુંબ વિશે માહિતી આપો ? આ અંગે પૂરી વિગત જણાવશો.

**(B) સિદ્ધિઓ :** આપે કૉલેજનો આ અભ્યાસક્રમ કેમ પસંદ કર્યો ? (૨) શાળા-કૉલેજ કક્ષામાં આપના પ્રિય વિષયો કયા હતા ? (૩) શૈક્ષણિક ક્ષેત્રે આપની સિદ્ધિઓ કઈ છે ? (૪) આપની દૃષ્ટિથી શૈક્ષણિક લાયકાતનું શું મહત્ત્વ છે ? (૫) આપ કેવી નોકરીની શોધમાં છો ? (૬) આ ફિલ્ડમાં આવવાનો આપનો શો આશય છે ? (૭) આપને કર્મચારી મૅનેજમેન્ટમાં કોઈ કામગીરીનો અનુભવ છે ? (૮) આંકડાકીય કાર્ય વિશે આપ શું જાણો છો ? (૯) વાણિજ્યના સ્નાતક થયા તો CA કે CFA વિશે કેમ કંઈ વિચારેલ નથી. (૧૦) કમ્પ્યૂટર પર કાર્ય કરી શકો છો ?

**(C) હેતુલક્ષી પ્રશ્નો :** આ કંપની અંગે આપ કંઈ પ્રકાશ ફેંકો. (૨) આ કંપનીના ચેરમેનનું નામ કહેશો ? (૩) આપ અહીં શા માટે જોબ કરવા

ઇચ્છો છો ? (૪) આપના બોસ સાથે કેવી રીતે કાર્ય કરશો ? (૫) કેવા પ્રકારના લોકો સાથે કાર્યમાં આપને અડચણ આપને થાય તેમ છે ? (૬) કંપનીના મંદીના સમયે શું કરશો ? (૭) Can you work under pressure or not ? તમે તનાવભરી મુશ્કેલ સ્થિતિમાં કામ કરી શકો છો ? (૮) અન્યને પ્રેરણારૂપ આ કંપનીમાં કેમ થશો ?

**(D) કરન્ટ ઇવેન્ટ્સ :** આપની ઇતર પ્રવૃત્તિઓ જણાવો. (૨) Which English News papers do you read ? (૩) દેશમાં કેટલી ન્યૂઝ એજન્સીઓ છે ? (૪) પ્રસાર ભારતી શું છે ? (૫) વર્લ્ડ કપ ક્રિકેટ આ દેશમાં, ક્યારે રમાયો – કોણ જીત્યું ? (૬) તાજેતરની ગુજરાત વિધાનસભા ચૂંટણીની આગવી લાક્ષણિકતા સંક્ષિપ્તમાં જણાવી શકશો ?

**(E) સંવેદનશીલતા :** (૧) આપને અત્યાર સુધી જોબ કેમ મળી નથી ? (૨) તાજેતરમાં આપનું કંઈ સ્પેશ્યલ એચિવમેન્ટ છે ? (૩) મેડમ, આપ નારાજ ન થશો પણ હજુ સુધી અનમેરિડ કેમ રહ્યાં છો ? (૪) મિસ્ટર, આપનો કર્મચારી કામ બાબતે વધુ ગુસ્સે થઈ આપને લાફો મારી દે તો શું કરશો ? (અમેરિકા જેવા દેશમાં પ્રશ્ન ૩-૪ સામાન્ય રીતે પૂછી શકાતા નથી.)

**(F) અપેક્ષાઓ :** (૧) આ કંપનીમાં પાંચ-સાત વર્ષે ક્યાં સુધી પહોંચવાની આકાંક્ષા છે ? (૨) આ કંપનીમાં કોઈ પસંદગીના કાર્યની અપેક્ષા છે ? (ઉમેદવારને પ્રશ્નો પૂછવાનું કહે તો) (૩) મારી કામગીરીનો માપદંડ શું હશે ? (૪) કંપનીની રમતગમત જેવી પ્રવૃત્તિમાં મને રસ લેવાની તક મળશે ?

યુવા મિત્રો, આ સંક્ષિપ્ત ૪૦ જેટલા પ્રશ્નોમાં આપને ક્યાંય ખોટું બોલવા જેવું લાગે છે. ઇન્ટરવ્યૂમાં આટલા પ્રશ્નો આવતા નથી. સમય પણ નથી રહેતો. આ આદર્શ કાલ્પનિક પ્રશ્નો છે. ઇન્ટરવ્યૂઅર પોતાની સ્ટાઈલથી આ પ્રશ્નોમાં પેટા પ્રશ્નો, ચર્ચામાં લાવી શકે છે. સ્વસ્થતા, સતર્કતા અને સચ્ચાઈ જાળવવાથી સફળતા તરફ જઈ શકાય છે તે યાદ રાખવું. એક ખાસ વાત, ઇન્ટરવ્યૂના વેઈટીંગ હૉલમાં ખાસ ઉમેદવારને વાંચન માટે કેટલાક સામયિકો ઈરાદાપૂર્વક રખાય છે તેમાંથી પણ પ્રશ્નો આવી શકે છે. અશિષ્ટ પ્રકારનું સાહિત્ય હોય તો તે જોવાનું ટાળવું.

**બાયોડેટા લખતાં પહેલાં સાવધાન !** યુવાનો માટે નોકરીની શોધના પ્રારંભનો પાયો, નોકરી માટેની અરજી છે. આ અરજી સાથે ઉમેદવારોએ પોતાની સંપૂર્ણ માહિતી આપતું 'બાયોડેટા' જોડવું પડે છે. 'જેટલું આકર્ષક બાયોડેટા એટલી નોકરી મેળવવાની ચોક્કસ તક' અને 'હમ કિસી સે કમ નહિ' સાબિત કરવા ઘણી વાર ઉમેદવારે જૂઠ કે અર્ધસત્ય વિગતોનો સહારો લેવો પડે છે પણ તેમાં સાવધાની રાખવી પડે. ખરેખર તો ખોટી માહિતી આપવી જ ન જોઈએ.

પણ હવે અસત્ય કે ખોટી માહિતી આપતાં ચેતજો ! કારણ દરેક મોટી કંપનીઓ તેમના હ્યુમન રિસોર્સિસ ડીપાર્ટમેન્ટ દ્વારા આપનું બાયોડેટા ચેક કરે છે. અમુક બીજી કંપનીઓ આવા 'બાયોડેટા ક્રોસચેક' કરવાની સેવા સાથે સંકળાયેલી છે પણ હવે આ કંપનીઓ તમને નોકરી આપવાની બાબતે એક ડગલું આગળ ભરી રહી છે. સાવધાન ! હવે કદાચ તમારા બાયોડેટા 'ડિટેક્ટીવ કંપનીઓ' દ્વારા ક્રોસ ચેક કરાવે છે.

આ કંપનીઓ બાયોડેટામાં રહેલ અમુક મુખ્ય બાબતોને ખાસ ચેક કરાવડાવે છે. આ બાબતો મુખ્યત્વે નીચે પ્રમાણે છે :

- પાછલી કંપનીમાં મળતા વેતનની બાબત.
- જૂની નોકરી છોડવાનું મૂળ કારણ.

• જૂની નોકરીમાં ઉમેદવારના કામકાજની રીતભાત.
• જાહેર કરાયેલ ડિગ્રીઓની યોગ્યતા સત્યતા.
• ઘરમાં તથા મિત્રો સાથેનો ઉમેદવારનો વ્યવહાર.
• જૂની નોકરીમાંથી રજૂ કરાયેલ અનુભવનું પ્રમાણપત્ર.

આથી નોકરી માટે કરેલ અરજીમાં જૂઠાણું નહિ ચાલે. અગર કંઈ પણ ખોટી માહિતી પકડાઈ તો લેવાના દેવા પડી જશે. બાયોડેટાને આકર્ષક બનાવો પણ સાચી હકીકત હશે તો જ ફાયદામાં રહેશો. અગાઉ ઉલ્લેખ કરેલ છે તે સર્વેક્ષણના રસપ્રદ મુદ્દાઓ જોઈએ.

૧. ૨૪ ટકા લોકો પોતાની કાર્ય યોગ્યતા વિષયક માહિતી ખોટી રજૂ કરે છે.
૨. ૩૦ ટકા લોકો પોતાના અભ્યાસ ડિગ્રી લાયકાત બાબતે અયોગ્ય માહિતી આપે છે.
૩. ૬૫ ટકા લોકો જૂની નોકરી છોડવાનાં સાચાં કારણો છુપાવે છે. વગેરે વગેરે.

તો આ એક જ વાક્યમાં સમજી લેજો. "જૂઠ બોલે નૌકરી છૂટે... લિખને સે પહલે ડરિયો."

**વિદેશગમન ઇન્ટરવ્યૂ :** સૈકાઓથી આપણે ત્યાં ધંધા-રોજગાર અભ્યાસાર્થે વિદેશગમનની પ્રથા છે. વ્યાપારીઓ, સાહસિકો અને જ્ઞાનપિપાસુઓ વાહન-વ્યવહારની અગવડો વચ્ચે અનેક તકલીફો વેઠીને પણ વેપારવણજ ખેડતા. કેટલાક સફળતાથી પરત થતા કે કેટલાક જીવનભર વિદેશમાં જ સ્થાયી થતા. દેશના ઘણા આગેવાન નેતાઓ, તજ્જ્ઞોએ વર્ષોથી ICS, બેરિસ્ટર, વૈજ્ઞાનિક થવા કે તે પ્રકારના ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશની સફર કરેલી છે. આ પ્રથા સમયે અમુક ડૉક્યુમેન્ટેશન, રસીકરણ વગેરે પ્રક્રિયા થતી પણ પાસપોર્ટ, વિઝા વગેરે દસ્તાવેજીકરણ પ્રક્રિયા અને વિદેશોના તેમના દેશમાં પ્રવેશવાના કડક નિયંત્રણોને પરિણામે વિદેશગમનના આ ક્ષેત્રમાં પણ ક્વૉલિફાઇંગ પરીક્ષાઓ અને ઇન્ટરવ્યૂ પદ્ધતિ જુદા જુદા સ્વરૂપે આવી છે.

(૧) **ઉચ્ચ અભ્યાસ :** વિદેશમાં U.S., U.K. જર્મની, ફ્રાંસ, રશિયા, જાપાન જેવા અનેક દેશોમાં ઉચ્ચ અભ્યાસની સવલતો અને આકર્ષણ છે. મોટાભાગે IT, તબીબી, ઇજનેરી, વિજ્ઞાન, ભાષા, મૅનેજમેન્ટ જેવા ક્ષેત્રમાં ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએશન, Ph.D. સંશોધન માટે વિદ્યાર્થીઓ સહેતુક મર્યાદિત સમય માટે વિદેશ જાય છે. કેટલાક ત્યાં સ્થાયી થાય છે. કેટલાક પરત આવે છે. આ વિદેશગમન માટે કેટલીક ભાષાકીય અને અન્ય પરીક્ષાઓ જેવી કે TOEFL, SAT, GRE વગેરે થાય છે. જે તે યુનિવર્સિટીના સ્ટડી ઓફર કે એડમિશન લેટર બાદની પ્રક્રિયા સમયે જુદા જુદા દેશની એમ્બેસેડર કે કોન્સ્યુલેટ જનરલની કચેરીઓ મારફત રૂબરૂ મુલાકાત ઇન્ટરવ્યૂ જેવી પ્રક્રિયા થાય છે. જો કોઈ ફેલોશિપ યોજના હેઠળ પસંદગી થાય તો પ્રક્રિયા વધુ સરળ થાય છે. વધુ વિગતો અમારા પુસ્તક કૅરિયર ગાઇડન્સ ઓન લાઈન તથા શિષ્યવૃત્તિ સહાય કેમ મેળવશો ? (લિબર્ટી પ્રકાશન)માં પ્રાપ્ય થશે.

(૨) **વ્યાપાર-વાણિજ્ય રોજગારી :** વિદેશમાં વર્ષોથી વ્યાપાર-વાણિજ્ય નોકરીની તકો ખૂબ છે. આફ્રિકા, રંગુન, અમેરિકા, દુબઈ, ઇરાક જેવા વિકસિત કે વિકાસશીલ દેશોમાં સમયાંતરે વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો, ઇજનેરો, ડૉક્ટરો, આઈ. ટી. તજ્જ્ઞો, કુશળ અને બિનકુશલ કારીગરો, નર્સો, ઇત્યાદિની તંગી અને માંગ મુજબ દેશમાંથી અસંખ્ય લોકો વિદેશ જાય છે. આ પ્રક્રિયામાં બ્લડ રિલેશન, જોબ ઑફર, કોન્ટ્રાક્ટ, જાહેરાતના માધ્યમથી

લોકો એજન્ટો, એમ્બેસીઓ મારફત વિદેશ જાય છે. તે માટે મેળવવા પડતા વિઝા, પાસપોર્ટ, પરમીટની પ્રક્રિયામાં એમ્બેસી અને અન્ય કચેરીઓની મુલાકાત ઇન્ટરવ્યૂ થાય છે.

(૩) **સાંસ્કૃતિક, કલા, મૂડીરોકાણ પ્રચાર કાર્યક્રમો :** દેશમાંથી પ્રચારાત્મક કાર્યના મિશન હેઠળ વિદેશગમન મુલાકાતો (Visits) ટૂંકાગાળા માટે થાય છે. તેમાં નેતાઓ, અભિનેતાઓ, ઉદ્યોગપતિઓ, વી.આઈ.પીઓ., ધર્મગુરુઓ ઇત્યાદિનો પ્રવાસ જુદા જુદા દેશોમાં વારંવાર યોજાય છે. તેમાં કલા, સંસ્કૃતિ, મૂડીરોકાણ જેવા કાર્યક્રમોના સહભાગી સ્વતંત્ર અને મધ્યમ ગ્રૂપની વ્યક્તિઓને અવારનવાર મુલાકાત ઇન્ટરવ્યૂ પ્રક્રિયામાં સામેલ થવું પડે છે.

**સૂચના :** વિદેશગમનની મંજૂરીની આ પ્રક્રિયામાં કેટલાંક સૂચનો જોઈએ :

(૧) વિદેશગમનના કોઈ પણ હેતુ માટેની ઉમેદવારની યોગ્યતા સ્પષ્ટ હોવી જોઈએ. નાની એવી ટૅક્નિકલ ક્ષતિ પણ અરજી પ્રક્રિયા અટકાવી શકે છે. આ અંગે જરૂરી તમામ તકેદારી રાખવી.

(૨) જે તે દેશ, ત્યાંના અભ્યાસક્રમો, કરવાની થતી પ્રવૃત્તિ, ત્યાંની સુવિધા, વાતાવરણ, ત્યાંના રીલેશન્સ વગેરેનો અભ્યાસ કરવો. અધિકૃત માહિતી મેળવવી. ભળતી માહિતીની યોગ્ય ચકાસણી કરવી.

(૩) લલચામણી જાહેરાતો : નોકરી, લગ્ન જેવી જાહેરાતો અંગે સાવચેતી રાખવી. જ્યાં જરૂરી જણાય ત્યાં માન્ય, અધિકૃત એજન્ટની મદદ લઈ શકાય. એજન્ટ સાથેના વ્યવહારમાં છેતરાઈ ન જવાય તેની કાળજી રાખવી.

(૪) વિદેશનો મોહ ઇન્ટરવ્યૂમાં છતો ન કરવો. ખોટી માહિતી ન આપવી. ગેરકાયદેસર ઘુસણખોરીના કોઈ પ્રયાસ ન કરવા.

(૫) વિદેશની ભારત સ્થિત જે તે એમ્બેસી કે કોન્સ્યુલેટ કચેરી કે તેની અન્ય માન્ય પ્રાદેશિક કચેરીના સંપર્કમાં રહેવું. આ અંગે મહત્ત્વના દેશોની મુંબઈની કચેરીઓની સરનામાં, ફોન નંબર સાથેની યાદી નીચે મુજબ છે :

## મુંબઈ ખાતેની વિદેશી એલચી કચેરીઓનાં સરનામાં

૧. **અફઘાનિસ્તાન :** ૧૧૫, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦૦૦૬ ફોન : ૨૩૬૩૩૭૭૭.

૨. **ઑસ્ટ્રેલિયા :** મેકર ટાવર્સ, 'ઈ', ૧૬મો માળ, કફ પરેડ, મુંબઈ-૪૦૦૦૦૫. ફોન : ૨૨૧૮૧૦૭૧ / ૨૨૧૮૧૦૭૨, ફૅક્સ : ૨૨૧૮૮૧૮૯.

૩. **ઑસ્ટ્રિયા :** ૨૦૬-૨૧૦, બાલારામ બિલ્ડિંગ, બીજો માળ, બાન્દ્રા કુર્લા કૉમ્પ્લેક્ષ, મુંબઈ-૪૦૦૦૫૧, ફોન : ૨૬૪૪૨૨૯૧ / ૨૬૪૪૨૨૯૨, ફૅક્સ : ૨૬૪૦૨૧૧૭.

૪. **બહેરીન :** ૫૩, મેંકર ટાવર, 'એફ' પાંચમો માળ, કફ પરેડ, મુંબઈ-૫. ફોન : ૨૨૧૮૫૮૫૬ / ૨૨૧૮૫૮૫૭ / ૨૨૧૮૫૮૫૮.

૫. **બૅલ્જિયમ :** મોરેના, ૧૧, કારમાઈકલ રોડ, એમ. એલ. ડહાણુકર માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૬. ફોન : ૨૪૯૩૯૨૬૧ / ૨૪૯૨૯૨૦૨.

૬. **બ્રાઝિલ :** ૪૦૬, શારદા ચેમ્બર્સ, ૩૩, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦૦૨૦. ફોન : ૨૨૦૦૨૨૫૬ / ૨૨૦૦૨૨૩૬.

૭. **કેનેડા (ટ્રેડ ડેસ્ક) :** ચોથો માળ, મેકર ચેમ્બર-૬, નરીમાન પોઇન્ટ, મુંબઈ-૨૧, ફોન : ૨૨૮૭૬૦૨૭ / ૨૨૮૭૬૦૨૮ / ૨૨૮૭૬૦૨૯.

૮. **જર્મની :** હોક્સટ હાઉસ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. ફોન : ૨૨૮૩૨૪૨૨ / ૨૨૮૩૨૬૬૧ / ૨૨૮૩૨૫૧૭.

૯. **ગ્રીસ :** મહેતા મહલ, ૧૧મો માળ, ૧૫ મેથ્યુ રોડ, ઑપેરા હાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૨૩૬૩૭૦૬૬, ફેક્સ : ૨૩૬૮૫૮૩૦.

૧૦. **હંગેરી :** ૩૩, મલબાર વિયુ નો. ૧, છટ્ઠો માળ, ચોપાટી સી ફેસ, મુંબઈ-૪૦૦૦૦૭. ફોન : ૨૩૬૯૪૫૧૩.

૧૧. **ઇન્ડોનેશિયા :** ૧૯, અલ્ટામાઉન્ટ રોડ, કુંબાલા હિલ, કેમ્પસ કોર્નર, મુંબઈ-૪૦૦૦૨૬. ફોન : ૨૩૮૦૦૯૪૦ / ૨૩૮૯૧૨૫૫.

૧૨. **ઇરાન :** સ્વપ્નલોક, એલ. જગમોહનદાસ રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ફોન : ૨૩૬૩૧૦૨૯ / ૨૩૬૩૦૦૭૩ / ૨૩૬૩૪૧૦૨.

૧૩. **આયર્લેન્ડ :** રોયલ બોમ્બે યાક ક્લબ ચેમ્બર્સ, એપોલો બંદર, મુંબઈ-૧. ફોન : ૨૨૦૨૪૬૦૭, ફેક્સ : ૨૨૮૭૧૦૮૭.

૧૪. **ઇઝરાયેલ :** કૈલાસ, ૫૦, જી. દેશમુખ માર્ગ, મુંબઈ-૨૬. ફોન : ૨૩૮૬૨૭૯૩, ૨૩૮૬૨૭૯૪, ૨૩૮૬૨૭૯૫.

૧૫. **ઇટાલી :** કંચનજંગા બિલ્ડિંગ, ૭૨, જી. દેશમુખ રોડ, નિયર કેમ્પસ કોર્નર ઓવરબ્રીજ, પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ફોન : ૨૩૮૭૪૦૭૧, ૨૩૮૭૪૦૭૨, ૨૩૮૭૪૦૭૩.

૧૬. **જાપાન :** ૧, એમ. એલ. ડહાણુકર માર્ગ, કુંબાલા હિલ, મુંબઈ-૨૬. ફોન : ૨૪૯૩૩૮૪૩, ૨૪૯૩૩૮૫૭, ફેક્સ : ૨૪૯૩૨૧૪૬.

૧૭. **કુવૈત :** ૧૨૦, દિનશા વશા રોડ, કે. સી. કૉલેજની સામે, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૭૧૮૯૭, ૨૨૮૮૪૧૭૯.

૧૮. **મલેશિયા :** રહીમતુલા હાઉસ, હોમજી સ્ટ્રીટ, મુંબઈ-૧, મહારાષ્ટ્ર. ફોન : ૨૨૬૬૦૦૫૬, ૨૨૬૬૦૦૯૦, ફેક્સ : ૨૨૬૬૪૯૫૩.

૧૯. **મોરિશિયસ :** ૧૧૫, સી વિંગ, ૧૧ મો માળ, મિત્તલ ટાવર્સ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧. ફોન : ૨૨૮૪૫૪૬૬, ૨૨૮૪૫૪૬૮.

૨૦. **નેધરલેન્ડ :** ધ ઈન્ટરનેશનલ, મરીન લાઈન્સ ક્રોસ રોડ નં. ૧, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૧. ફોન : ૨૨૦૧૬૭૫૦, ફેક્સ : ૨૨૦૬૯૪૩૬.

૨૧. **નોર્વે :** ૧૬, નવરોજી મેન્શન, ૩૧, નાથાલાલ પારેખ માર્ગ, મુંબઈ-૧. ફોન : ૨૨૮૪૧૩૬૮, ૨૨૮૪૨૦૪૨, ૨૨૮૪૨૦૯૮.

૨૨. **ઓમાન :** ૧૧૨, મેકર ચેમ્બર્સ-૫, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. ફોન : ૨૨૮૭૬૦૩૭, ૨૨૮૭૬૦૩૮, ફેક્સ : ૨૨૦૪૨૫૨૩

૨૩. **પેરુ :** અડોર હાઉસ, ૬-કે, દુભાષ માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન : ૨૨૮૭૧૦૮૯, ફેક્સ : ૨૨૦૪૩૬૨૫.

૨૪. **ફિલિપાઇન્સ :** ૧૧૬, ફ્રી પ્રેસ હાઉસ, ૨૧૫, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૨૧. ફોન : ૨૨૦૨૪૭૯૨, ૨૨૦૨૦૩૭૫, ફેક્સ : ૨૨૦૨૦૨૯૫.

૨૫. **પોલેન્ડ :** મનાવી એપાર્ટમેન્ટ, બીજો માળ, ૩૬, બી. જી. ખેર માર્ગ, મલબાર હિલ, મુંબઈ-૪૦૦૦૦૬. ફોન : ૨૩૬૩૩૮૬૩, ૨૩૬૩૩૮૬૪, ફેક્સ : ૨૩૬૩૩૩૭૬.

૨૬. **કાંટર :** બજાજ ભવન, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. ફોન : ૨૨૦૨૭૧૯૨, ૨૨૦૨૬૭૦૧.

૨૭. **રશિયા ફેડરેશન (રશિયા) :** ૪૨, એલ. જગમોહનદાસ માર્ગ, મુંબઈ-૪૦૦૦૩૬. ફોન : ૨૩૬૩૩૬૨૭, ફેક્સ : ૨૩૬૩૦૪૦૩.

૨૮. **સાઉદી અરેબિયા :** મેકર ટાવર્સ, ચોથો માળ, કફ પરેડ, મુંબઈ-૪૦૦૦૦૫. ફોન : ૨૨૧૮૭૭૨૫.

૨૯. **સિંગાપોર :** ૯૪, સાખર ભવન, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. ફોન : ૨૨૦૪૩૨૦૫, ૨૨૦૪૩૨૦૯, ૨૨૦૪૩૨૧૧.

૩૦. **સ્પેન :** એડોર હાઉસ, ત્રીજો માળ, ૬-કે, દુભાષ માર્ગ, મુંબઈ-૧. ફોન : ૨૨૮૭૪૭૯૭, ફેક્સ : ૨૨૦૪૩૬૨૫.

૩૧. **શ્રીલંકા :** ૩૪, હોમી મોડી સ્ટ્રીટ, ફ્લોરા ફાઉન્ટન, મુંબઈ-૪૦૦૦૨૩, ફોન : ૨૨૦૪૫૮૬૧, ૨૨૦૪૮૩૦૩, ફેક્સ : ૨૨૮૭૬૧૩૨.

૩૨. **સ્વિડન :** ભૂપેન ગુપ્તા ભવન, ૮૫, સયાની રોડ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫, મહારાષ્ટ્ર, ફોન : ૨૪૩૬૦૪૯૩, ફેક્સ : ૨૪૨૨૨૭૦૩.

૩૩. **થાઈલેન્ડ :** મલબાર વિયુ, ચોથો માળ, ડૉ. પુરંદરે માર્ગ, ચોપાટી, મુંબઈ-૪૦૦૦૦૭. ફોન : ૨૩૬૩૧૪૦૪.

૩૪. **યુ.એ.ઈ. :** ૧, જોલી મેકર એપાર્ટમેન્ટસ, બંગલો નં. ૭, કફ પરેડ, મુંબઈ-૪૦૦૦૦૫. ફોન : ૨૨૧૮૩૦૨૧, ફેક્સ : ૨૨૧૮૦૯૮૬.

૩૫. **યુ.એસ. :** લિંકન હાઉસ, ભુલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. ફોન : ૨૩૬૩૭૪૦૭, ૨૩૬૩૭૪૦૮.

૩૬. **યુનાઇટેડ કિંગ્ડમ (બ્રિટન) :** મેકર ચેમ્બર-૪, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. ફોન : ૨૨૮૩૦૫૧૭, ૨૨૮૩૨૩૩૦, ૨૨૮૧૩૬૧૬.

૩૭. **યુગોસ્લાવિયા :** જીવન સહકાર, પાંચમો માળ, હોમજી સ્ટેશન, મુંબઈ-૧. ફોન : ૨૨૬૬૦૯૨૨, ૨૨૬૬૧૩૫૨, ફેક્સ : ૨૨૬૬૨૭૫૫.

**વિકલાંગો માટે ઇન્ટરવ્યૂ :** એક અભ્યાસ મુજબ દેશમાં આશરે ૨.૧૯ કરોડ વિકલાંગ વ્યક્તિઓ (ડીસેબલ્ડ પર્સન્સ) છે. તે પૈકી ૪૯ ટકા જેટલા પ્રજ્ઞાચક્ષુઓ છે. ગુજરાતમાં વિકલાંગોની સંખ્યા ૧૭.૪૫ લાખ જેટલી છે. કેન્દ્ર અને ગુજરાતની સરકારી અને સહાયક સેવાઓમાં રિક્રુટમેન્ટમાં અનુક્રમે ૪ અને ૩ ટકા અનામતની પણ વિકલાંગો માટે જોગવાઈ છે. દેશમાં વિકલાંગો માટેની સમાન તકો અંગેના અધિનિયમ ૧૯૯૫ની જોગવાઈઓ લાગુ છે. ગુજરાતમાં વિકલાંગ રોજગારી અધિનિયમ ૧૯૮૨ હેઠળ ૨૦૦થી વધુ કાર્યકરોમાં, ફેક્ટરીમાં ૧ ટકા નોકરીની સુવિધા રાખી છે. વિકલાંગો માટે દેશમાં ખાસ રોજગાર વિનિમય કચેરીઓ છે. ગુજરાતમાં પણ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે આવી કચેરીઓ કાર્યરત છે. સમાજ સુરક્ષા વિભાગ પણ અંશતઃ આવી કામગીરી કરે છે. અંધજન મંડળ જેવી સંસ્થાઓમાં ખાસ પ્લેસમેન્ટ ઑફિસરો હોય છે. વિકલાંગ વ્યક્તિઓમાં પ્રજ્ઞાચક્ષુ (બ્લાઈન્ડ), મુકબધિર (હીયરિંગ હેન્ડીકેપ્ડ), શારીરિક ક્ષતિયુક્ત (ઓર્થોહેન્ડીકેપ્ડ) તથા માનસિક ક્ષતિયુક્ત વ્યક્તિઓનો સમાવેશ થાય છે. રોજગારી બાબતમાં અનામત સિવાય પણ સામાન્ય ઉમેદવારને પ્રાપ્ય તકો આ વ્યક્તિઓને પ્રાપ્ય છે ત્યારે સ્વાભાવિક રીતે તે સમૂહને ઇન્ટરવ્યૂ આપવાના થાય છે.

**વિકલાંગોને ઇન્ટરવ્યૂ :** વિકલાંગ ઉમેદવારમાં YH, HH, OH, MH એમ ૪ કેટેગરી પ્રમાણે સરકારમાં દરેકનો ૧ ટકો, કેન્દ્ર સરકારમાં ૪ ટકા

તથા રાજ્ય સરકારમાં ૩ ટકા (MH સિવાય) અનામત મળે છે. કેટલીક ખાસ જગ્યાઓ સંગીત શિક્ષક, લિફ્ટમેન, નેતરવણાટ ઉદ્યોગ, મસાજ કાર્ય માટે પણ તક અપાય છે ત્યારે જે તે જગ્યા માટે વિકલાંગોને તેમના ખાસ ક્ષેત્રનું જ્ઞાન હોય છે પણ અન્ય સામાન્ય ઉમેદવાર જેટલી લાયકાત કે અનુભવ ન હોય તો તેના પ્રત્યે ઇન્ટરવ્યૂમાં નોકરીદાતાએ સહાનુભૂતિયુક્ત વલણ અખત્યાર કરવા ભાર મુકાય છે. વિકલાંગોને દયા, દાન કે ફક્ત સહાનુભૂતિ આપવાનો આ સમય રહ્યો નથી પણ તેઓને સ્વમાનપૂર્વક યોગ્ય રોજગારીની તક આપવાની સમાજની ફરજ છે. નોકરીદાતાઓએ સુયોગ્ય વલણ અપનાવી અનામત ઉપરાંતની જગ્યાઓ પર તક આપવી ઇચ્છનીય છે, કેમ કે હવે વિકલાંગો પણ પોસ્ટ ગ્રેજ્યુએટ, કમ્પ્યૂટર જાણકારી જેવી લાયકાત ધરાવે છે.

**વિકલાંગ ઉમેદવારોને સૂચન :** વિકલાંગ ઉમેદવારોને જે તે જગ્યા માટે મળતી ઇન્ટરવ્યૂ માટે પોતાની રીતે શક્ય તૈયારી કરવી આવશ્યક છે. સવાલોના જવાબ ઇન્ટરવ્યૂમાં સામાન્ય વ્યક્તિની રૂએ આપવા ક્યાંય પણ વિકલાંગનો અધિકાર કે સહાનુભૂતિ માટેનો બિનજરૂરી પ્રયાસો ન કરવા. વિકલાંગતાની તથા કાર્યશક્તિની માહિતી આપી દેવી. અન્ય ઉમેદવારની જેમ જ તાલીમબદ્ધ થઈ યોગ્ય પહેરવેશ, સુયોગ્ય બોડી લૅંગ્વેજ, સારી મેનરથી ઇન્ટરવ્યૂ આપવા. ઇન્ટરવ્યૂની નિષ્ફળતા માટે બિનજરૂરી રાવ-ફરિયાદ ટાળવી. યાદ રહે કે વિકલાંગ એ ખાસ કેટેગરી હોવા છતાં કેટલાંક કાર્યો માટે નોકરીદાતા તેમની પસંદગીમાં રસ લે છે. વિકલાંગ સંસ્થાઓએ પણ આવા પ્લેસમેન્ટ, પુનઃસ્થાપનમાં રસ લેવો જરૂરી છે.

**સફળ ઇન્ટરવ્યૂ :** ઇવેન્ટ મૅનેજમેન્ટના આજના યુગમાં સમાજમાં દરેક પ્રસંગોના આયોજનમાં સતત સફળતા ઉપર ભાર મૂકવામાં આવે છે. કોઈ પણ ઇવેન્ટની ગોઠવણી સફળતાનો પાયો છે. ઇન્ટરવ્યૂ પણ એક ઈવેન્ટ છે. ઉમેદવારને ઇન્ટરવ્યૂમાં સફળ થવું જેટલું અગત્યનું છે તેથી વધુ અગત્યનું એમ્પ્લોયર માટે ઇન્ટરવ્યૂમાં 'બેસ્ટ મેનપાવર' મળી રહે તે છે. કંપનીઓ, ઉદ્યોગોને ઇન્ટરવ્યૂ અવારનવાર ગોઠવવા પોસાતા હોતા નથી કેમ કે તે ખર્ચાળ અને સમય માગી લેતી પ્રક્રિયા છે. વળી કોર્પોરેટ બોડીને 'મેનપાવર'ની જરૂરિયાત પણ તાત્કાલિક હોય છે. આથી 'સફળ ઇન્ટરવ્યૂ'ના આગવા વિચારને મૂર્તિમંત કરવામાં આવ્યો છે.

કોર્પોરેટ કે ખાનગી ઉદ્યોગ ક્ષેત્રોમાં આજકાલ હવે 'મીનિંગફુલ ઇન્ટરવ્યૂ' શબ્દ ઉપર ભાર મૂકવામાં આવે છે. હવે કર્મચારી કે યસમેનની ભરતી થતી નથી પણ ધંધારોજગારના પાર્ટનરની રિક્રુટમેન્ટ સારા પગાર અને સવલતો સાથે કંપની / સંસ્થાને થાય છે. તેથી ઇન્ટરવ્યૂ લેનાર પણ ઇન્ટરવ્યૂ પ્રોસેસ માટે યોગ્ય પૂર્વતૈયારી ન રાખે તો નુકસાન થાય છે. તાજેતરના એક ઇન્ટરવ્યૂમાં કંપનીએ ઉમેદવારોને એક નાની મૅનેજમેન્ટ બુક શરૂઆતમાં આપી હતી. દરેક નોકરીદાતા આવું ન કરી શકે પણ અનુકૂળતા મુજબ ઉમેદવારને લઈ જઈ કચેરી-કારખાનાની મુલાકાત કરાવી શકે છે. આવી સવલતો-સુવિધાઓ કંપનીઓ 'મીનિંગફુલ' ઇન્ટરવ્યૂના ભાગ તરીકે નીચે મુજબ રાખી શકે છે. જેથી ઇન્ટરવ્યૂ ઇવેન્ટ વધુ સફળ થાય. આ બાબતે મૅનેજમેન્ટ ગુરુઓ, ઉદ્યોગકારો, મેનેજરો વધુ પ્રકાશ પાડી શકે છે. સફળ અને અર્થપૂર્ણ ઇન્ટરવ્યૂ આયોજનની કેટલીક ''ટિપ્સ'' જોઈએ :

(૧) **રિસેપ્શન :** ઇન્ટરવ્યૂ માટે આવતા ઉમેદવારોનું શક્ય તે યોગ્ય સ્વાગત, બેઠક વ્યવસ્થા, ડ્રિન્કિંગ વોટર વગેરે સવલત રાખવી પડે. રિસેપ્શનને ઇન્ટરવ્યૂના કાર્યક્રમની તથા ઉમેદવારોની માહિતી આપવી જોઈએ. કેટલીક વખતે રિસેપ્શન કાઉન્ટરને જાણ ન હોવાથી ઉમેદવારોમાં દ્વિધા અને ખોટી છાપ ઉત્પન્ન થાય છે. રિસેપ્શન કેન્દ્રને સંકલન કામગીરી

સ્ટાફ સાથે સોંપી શકાય. કંપની માહિતી પત્રક (બ્રોચર) તથા અન્ય ઉપયોગી સાહિત્ય આપી શકાય.

(૨) **પ્રાથમિક જાણકારી :** ઇન્ટરવ્યૂ શરૂ થતાં પહેલાં હૉલમાં સામૂહિક રીતે ઉમેદવારોને ભરવાપાત્ર જગ્યાઓ અને અપેક્ષાપાત્ર ઉમેદવારની યોગ્ય લાયકાત સંક્ષિપ્તમાં વર્ણવી શકાય.

(૩) **ઇન્ટરવ્યૂઅર :** ઇન્ટરવ્યૂ પ્રોસેસમાં ઇન્ટરવ્યૂઅર પેનલની ભૂમિકા અગત્યની છે. તેઓએ ઉમેદવાર ઉપર સંસ્થાની સારી કે યોગ્ય છાપ ઉપસાવવી પડે છે. પૂછવા ધારેલા પ્રશ્નો કે ચર્ચાના મુદ્દાઓની કાળજીપૂર્વક નોંધ રાખવી પડે. ઉમેદવાર ઇન્ટરવ્યૂ દરમિયાન ચિંતાગ્રસ્ત હોઈ શકે છે. તેથી ઉમેદવાર તનાવમુક્ત રહે અને યોગ્ય રીતે ઇન્ટરવ્યૂ આપી શકે તે ફરજ ઇન્ટરવ્યૂ પેનલની છે. આનો અર્થ એવો નથી કે ઉમેદવારને પ્રશ્નો પૂછવાનું કોઈ બંધન રાખવું કે વધુ પડતું પ્રોત્સાહન આપવું. સંસ્થાને જરૂરત મુજબની કામગીરીને લગતા કે અન્ય જાણકારીના પ્રશ્નો કે ચર્ચા આવકાર્ય છે જ.

(૪) **ઇન્ટરવ્યૂ પ્રોસેસ :** ઇન્ટરવ્યૂ રુમ કે હોલ અલગ અને ચહલપહલ મુક્ત હોય તે જરૂરી છે. તે પ્રોસેસ બંધબારણે આવશ્યક છે. લોકોની કે ટેલિફોન વાતચીત ટાળવી પડે તેવી ખાસ કાળજી ઈચ્છનીય છે. ઉમેદવાર અને પેનલ વચ્ચે વધુ પડતું અંતર ફર્નિચરની દૃષ્ટિએ ટાળવું. એક્ષપર્ટ ઉક્તિ છે કે "interviews shall not be conducted sitting across the table" ઘણી જગ્યાએ રાઉન્ડ ટેબલ ઇન્ટરવ્યૂની વ્યવસ્થા હોય છે જે ઉમેદવાર અને પ્રશ્નકર્તાને સમાન સ્તરે મૂકે છે. ચર્ચા દરમિયાન વિરોધાભાસી પ્રશ્નો ટાળવા, સિવાય કે તેવી બાબતે ઉમેદવારના વિચારો જાણતા હોય. મુખ્ય કે leading પ્રશ્નો ઉમેદવારને અનુકૂળ રહે તેવા હોવા જોઈએ. આ પ્રોસેસના લીડર કે એન્કર હ્યુમન રિસોર્સના જાણકાર ઇચ્છનીય છે.

(૫) **ઇન્ટરવ્યૂ પેનલની એકમતિ :** કોર્પોરેટ કે ખાનગી ક્ષેત્રે તો માલિક કે CEO એ મૂકેલી ઇન્ટરવ્યૂ પેનલમાં એકમતિ જ હોય, પણ જાહેર ક્ષેત્રના નોકરીદાતાની પેનલમાં ક્યારેક મતભેદ થતા હોય છે. ઇન્ટરવ્યૂના એક સમાન હેતુ માટે પ્રશ્નોત્તરી દરમિયાન પેનલ સહમતિ થવી જરૂરી છે.

"SLOC" સ્લોક મેથડ :

મેનેજમેન્ટના નવા અભિગમમાં ઇન્ટરવ્યૂની નવી મેથડ SLOC સ્લોક નિયંત્રિત કે સરળ સંચાલન માટે અમલમાં આવેલ છે. આ થિયરીથી ઇન્ટરવ્યૂના યોગ્ય આયોજનની ગાઈડ લાઈન્સ આપવામાં આવી છે. વિગતો સંક્ષિપ્તમાં જોઈએ.

(૧) **સ્ટેટમેન્ટ્સ (Statements) :** ઇન્ટરવ્યૂનો આરંભ આ થિયરી મુજબ કોઈ સ્ટેટમેન્ટ કે નિવેદનથી કરવો ઇચ્છનીય છે. જેમ કે 'અરે, તમે તમારું ગ્રેજ્યુએશન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ છે.' આવા હળવા પ્રશ્નોથી ઉમેદવારને રાહત થાય છે. અઘરા પ્રશ્નોની શરૂઆતથી ઉમેદવાર મૂંઝવણમાં મુકાઈ શકે છે. ઉમેદવારને જરૂર પૂરતી રાહત માટે સામાન્ય પ્રકારના આવા વધુ પ્રશ્નો સ્ટેટમેન્ટ રૂપે કરી શકાય છે.

(૨) **લિમિટેડ એન્ડ ક્વેશ્ચન્સ (Limited end questions) :** આ પ્રકારના પ્રશ્નોનો ઉદ્દેશ્ય ઇન્ટરવ્યૂના હાર્દ સમી ચર્ચા વચ્ચેના સેતુ સમાન છે. વિગતવાર ચર્ચા શરૂ થતાં પહેલાં ઉમેદવાર હા કે નામાં જવાબ આપીને રાહત અનુભવી શકે છે. દા.ત., 'તમો રાજકોટના વતની છો ?' આવા સરળ પ્રશ્નોથી ઉમેદવારનો વિશ્વાસ ઊભો કરી શકાય છે.

(૩) **ઓપન એન્ડેડ ક્વેશ્ચન્સ (Open ended questions) :** આ વિભાગમાં ઓપન એન્ડેડ કે વિગતવાર પ્રશ્નો હોય છે. ઇન્ટરવ્યૂનો અને ઉમેદવારની ખરી કસોટીનો આ પ્રસંગ છે. આ સમયે વિગતવાર અને વર્ણનાત્મક પ્રશ્નો પુછાય છે. શું ?, કેમ ?, શા માટે ?, મને કહેશો ?., 'What', 'Why', 'How', 'Which', 'Tell me' વગેરેથી શરૂ થતા આ પ્રશ્નો હોય છે. દા.ત. 'મને જણાવશો કે તમારી હાલની જોબમાં તમો શું યોગદાન આપો છો ?' અથવા 'What are remedies of Kashmir's present situation ?' વગેરે. આ પ્રશ્નો લોકલ કે અંગ્રેજી ભાષામાં પૂછી શકાય છે. આ પ્રકારના પ્રશ્નોથી જરૂરત મુજબની મુખ્ય માહિતી અને ઉમેદવારની જે તે વિષય કે અન્ય બાબતની જાણકારી મેળવી શકાય છે.

(૪) **કન્કલૂડિંગ ઇન્ટરવ્યૂ (Concluding the interview) :** આ સમાપન તબક્કો છે. ઉમેદવારને હળવાશનો અનુભવ થાય છે. ઉમેદવારને સતત જવાબ આપતા અટકાવવા માટે 'Ok', 'Fine' જેવા શબ્દોનો ઉપયોગ કરવો પડે છે. દા.ત. 'ઓકે, તમારી પસંદગી આ જોબ માટે થાય તો ક્યારે જોઈન કરશો ? ('Please, tell me about your present salary' વગેરે.

આ સ્લોક ઇન્ટરવ્યૂ મેથડમાં ઇન્ટરવ્યૂઅર્સનો 'ઈગો' અને ઉમેદવારનું યોગ્ય 'રિસ્પેક્ટ' જળવાઈ રહે તેમ સંચાલન થાય કે કરવાના પ્રયત્ન પર ભાર મુકાયો છે. જેથી ઇન્ટરવ્યૂ અર્થપૂર્ણ કે મીનિંગફુલ થઈ શકે. આવા ઇન્ટરવ્યૂની ગોઠવણી સંસ્થાના કદ અને ઉમેદવારોના સંભવિત વલણ કે કેપેસિટી મુજબની થાય તે યોગ્ય ગણાય. જેથી 'સફળ ઇન્ટરવ્યૂ'નો કન્સેપ્ટ જળવાઈ રહે. ઇન્ટરવ્યૂની સફળતાનો સારાંશ ઉમેદવારોની પસંદગી યોગ્ય અને ઝડપી થાય તેવી કોઈ પણ મેથડથી જો કે કરી શકાય છે. ઉમેદવારોએ પણ મોક ઇન્ટરવ્યૂ કે સેલ્ફ પ્રેક્ટિસથી ઇન્ટરવ્યૂમાં આવવું જોઈએ જેથી ઇન્ટરવ્યૂ મોર મીનિંગફુલ બને અને યોગ્ય સફળતા મેળવે. ઇન્ટરવ્યૂ એ ઉમેદવાર તથા નોકરીદાતાના સહકારયુક્ત વલણ અને પ્રયાસનો એક આદર્શ ઇવેન્ટ હોવો ઘટે.

**ઇન્ટરવ્યૂ ટિપ્સ :** આપણે ત્યાં વિવિધ પ્રસંગોએ સામાન્યતઃ સંક્ષિપ્ત પણ ઉપયોગી સૂચના (ટિપ્સ) આપવાની પ્રથા છે. ટિપ્સને અન્ય રીતે શિખામણ કે સલાહ સ્વરૂપે પણ અપાય છે. એકંદરે ટિપ્સ એ કોઈ પણ વિષય પરનાં સોનેરી સલાહ સૂચનો છે. ઇન્ટરવ્યૂ ટેક્નિકનો રસદાયક વિષય વિદ્યાર્થીઓ, ઉમેદવારો માટે જાણકારીનો, જ્ઞાનસંપાદનનો છે. કેમ કે તેમાં તેઓની ભાવિ કારકિર્દી ઘડતરની ચર્ચા-નિચોડ હોય છે. તેથી જ વિષયના સંક્ષિપ્ત માર્ગદર્શક તરીકે કેટલીક ટિપ્સ કોઈ પણ ગ્રંથના કર્તા માટે આવશ્યક છે. આથી આવી જરૂરી કેટલીક ટિપ્સ પ્રસ્તુત છે :

### ઇન્ટરવ્યૂ પહેલાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખીએ :

૧. ઇન્ટરવ્યૂ માટે માનસિક રીતે સજ્જ રહેવું અને ચિંતા છોડવી.
૨. ભયનો ત્યાગ કરવો અને આત્મવિશ્વાસ કેળવવો.
૩. જે શૈક્ષણિક ક્ષેત્રનો અભ્યાસ હોય તેનું સંપૂર્ણ જ્ઞાન રાખવું.
૪. રસના વિષયોથી સતત માહિતગાર રહેવું.
૫. જે જગ્યાનું ઇન્ટરવ્યૂ હોય તેના કાર્યક્ષેત્ર અને કંપનીની જાણકારી રાખવી.
૬. પ્રાદેશિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સાંપ્રત પ્રવાહોની સામાન્ય જાણકારી મેળવવી.
૭. પોશાક સ્વચ્છ, સુઘડ અને યોગ્ય હોવો

જરૂરી છે.

૮. જરૂરી પ્રમાણપત્રો, નકલો, અન્ય સામગ્રી માગે ત્યારે સાથે રજૂ કરવી.

૯. ઇન્ટરવ્યૂના સમયથી થોડા વહેલા પહોંચવું.

૧૦. ઇન્ટરવ્યૂ સ્થળે પ્રાથમિક વ્યવસ્થા જાણકારી મેળવવી ને યોગ્ય જગ્યા-સ્થળે શાંતિથી બેસવું.

## ઇન્ટરવ્યૂ દરમિયાન ધ્યાને રાખીએ :

૧. ઇન્ટરવ્યૂના પ્રારંભથી અંત સુધી સમજપૂર્વકનો સંબંધ ઊભો કરવા યોગ્ય પ્રયત્નો કરવા.

૨. દરેક પ્રસંગે-તબક્કે મેનર્સ, શિષ્ટાચાર જાળવવા.

૩. પ્રશ્નોને સાંભળી સમજી જવાબો આપવા, માહિતી-જાણકાર ન હોય તો સવિનય એ મુજબ જણાવવું.

૪. પોતાની ક્ષમતા ઉજાગર (Capacity Highilighi) કરવા પૂરા પ્રયત્ન કરવા, કોઈપણ નબળાઈ આપોઆપ ઢંકાઈ જશે.

૫. ઇન્ટરવ્યૂ પેનલ મેમ્બર સાથે પ્રસંગોપાત હસ્તધૂનન થાય તો હાથ મજબૂત, સૂકો અને ગરમાવો ધરાવતો હોવો જોઈએ.

૬. અતિશય ક્રૂર રીતે પ્રશ્ન પૂછવાનો (Killing question) યુગ છે : તનાવ લાવી દે તો પણ CALM શાંત સ્વસ્થ રહેવું. મૌન કે સ્મિતથી ચાલે તો ચલાવતા શીખવું.

૭. કોઈ પણ સંજોગોમાં 'નર્વસ' ન થવું. શારીરિક સ્વસ્થતા જાળવવી, હેડેક, પેઈન, ગેસની સામાન્ય દવા રાખવી અને જરૂર લાગે તો લેવી.

૮. પોઝિટિવ થવું, રહેવું, એકંદર છાપ 'હકારાત્મક' હોવી જરૂરી છે. positive Attitude Always Pays.

૯. આત્મવિશ્વાસ, જોમ, જુસ્સો સતત ટકાવો. ઇન્ટરવ્યૂમાંથી વિદાય થયા પછી પાછું વળી કદાપિ ન જોવું.

૧૦. ઇન્ટરવ્યૂ ખંડ બહાર બિનજરૂરી ચર્ચા ટાળવી. સલુકાઈથી મિત્રો વચ્ચેથી દૂર ચાલી જવું.

## પ્રકીર્ણ મુદ્દાઓ :

૧. ઇન્ટરવ્યૂને લગતી પૂરતી તૈયારી આવકાર્ય છે પણ છેલ્લે સુધીનું વાચન, ઓળખાણ માટે દોડાદોડી, છેલ્લી ઘડી સુધીની લાંબી મુસાફરી, અનિયમિત ખોરાક ઇત્યાદિ તેમજ બિનજરૂરી શારીરિક હાડમારી ટાળવી.

૨. વાચન ટેવ સારી છે, પણ વિષય પૂરતું અને શિષ્ટ વાચન તથા જનરલ નોલેજની લેટેસ્ટ જાણકારી રાખી શકાય.

૩. ઇન્ટરવ્યૂમાં જવાના-પરત થવાના ખર્ચ, મુસાફરી, ભાડું, કુપન કે અન્ય જે કંઈ પણ આર્થિક સવલત મળવાપાત્ર હોય તેનાથી માહિતગાર રહેવું અને જે કંઈ ચૂકવણું પેમેન્ટ થાય કે થવાનું હોય તેની વિધિ વ્યવસ્થિત ઇન્ટરવ્યૂ સ્થળે જ કરી લેવી. પેમેન્ટ બાકી હોય તો નોંધ કે આધાર રાખવો.

૪. ઇન્ટરવ્યૂ દરમિયાન ખૂબ સ્વસ્થતાથી વર્તન કર્યું હોય તો સફળતાની શક્યતા વધે છે.

૫. યોગ્ય જોબ, નોકરી કે વ્યવસાયમાં સ્થિરતા ન આવે તો લાયકાત વધારવી અને માહિતી માર્ગદર્શન રૂપ સાહિત્ય અવશ્ય વાંચવા, વસાવવા તથા ઇન્ટરવ્યૂ આપવાના પ્રયત્ન કરવા. સારી નોકરી પ્રાપ્ત થયા પછી ઉમેદવારોને ઇન્ટરવ્યૂ પ્રસંગે મદદરૂપ થવાની ભાવના સદૈવ રાખવી.


# ગ્રંથસૌરભ

## વાચકની દીવાદાંડી

**સંકલન-સંપાદન : બી. એમ. પટેલ**

પ્રકાશક : અમદાવાદ : આર્થિક વિકાસ (11, ચુનીભાઈ કૉલોની, કાંકરિયા, જૂની પાયલોટ ડેરી પાસે, અમદાવાદ–22), 2007–2009.

3 ભાગ (xii, 510; xv, 498; ix, 497p.) કિં. 1686/–




પ્રસ્તુત ગ્રંથએ માત્ર દીવાદાંડી જ નહીં, પરંતુ વાચક અર્થાત્ માનવ માત્રના જીવનના ઉર્ધ્વીકરણ માટેનો રાહ ચીંધતો રાજમાર્ગ છે. અહીં વિશ્વના અને સવિશેષતઃ ભારતીય અને ગુજરાતી ભાષા-સાહિત્યના સર્જકો, ચિંતકો, રાજનીતિજ્ઞો ઉદા. તરીકે મહાત્મા ગાંધી, આનંદશંકર ધ્રુવ, ગો. મા. ત્રિપાઠી, કાકા કાલેલકર, ઉમાશંકર જોશી, મનુભાઈ પંચોલી, ધીરુભાઈ ઠાકર, મહેન્દ્ર મેઘાણી, શ્રી અરવિંદ – શ્રી માતાજી, કરણસિંહ, અબ્રાહમ લિંકન, બર્ટ્રાન્ડ રસેલ, આંદ્રે મોરેવા, ફ્રાંઝ કાફકા વગેરેએ પોતાની જીવનયાત્રા દરમ્યાન ગ્રંથોના સથવારે જે અનુભવ્યું, જીવનની સાર્થકતા અનુભવી કે પોતાના જીવનને એક સાર્થક દિશા આપી શકયા, તેમજ કયાં પુસ્તકો અને કયા સર્જકોથી તેઓ પ્રભાવિત થયા તે સંબંધી સંસ્મરણાત્મક લેખો અને અન્ય આનુષંગિક સામગ્રી સંકલિત કરવામાં આવી છે. ત્રણ ખંડો અને ૧૫૦૦ થી અધિક પૃષ્ઠો ધરાવતા આ ગ્રંથમાં ૨૭૫ લેખો ગ્રંથસ્થ છે, જે પ્રત્યક્ષ રીતે ૨૦૦ જેટલા લેખકોનું સર્જનકર્મ જણાય છે. પરંતુ, આ બધા લેખોમાંથી પસાર થતાં આ બધા લેખકોએ અન્ય કર્તાઓની કૃતિઓમાંથી ઉર્ધ્ધૃત કરેલાં ટાંચણો, ઉલ્લેખો, ઉત્તમ ગ્રંથોના પરિચયો તેમજ સંપાદકે વિશ્વસાહિત્યમાંથી પસંદ કરેલ ગ્રંથ અને વાંચન મહિમા વર્ણવતાં અવતરણોનો ધોધ વગેરે ના આધારે ૧૦૦૦ થી અધિક સર્જકોના ચિંતનનો વાચકને લાભ મળે છે.

અન્ય આનુસંગિક માહિતી પૈકી કેટલાંક ઉત્તમ પુસ્તકોના રસદર્શી પરિચયો અને સમીક્ષાઓ જેમકે 'મહાભારત', 'મહાદેવભાઈની ડાયરી', 'અરધી સદીની વાચનયાત્રા', 'સત્યના પ્રયોગો', 'હિંદ સ્વરાજ', 'મારું જીવન એ જ મારી વાણી', 'ગુજરાતી વિશ્વકોશ' વગેરે, વિવિધ વિષયોનાં ઉત્તમ પુસ્તકોની યાદીઓ ઉદા. તરીકે 'વર્ષ ૨૦૦૧નાં ૧૦૦ પુસ્તકો', 'World Famous Books' આપણી દૈવી ગ્રંથ સંપદા, 'ગાંધીજીએ ૧૯૨૨–૨૪માં વાંચેલાં પુસ્તકો', 'મને ગમતાં પાંચ પુસ્તકો', 'આપણો અક્ષર વારસો', 'જગતનાં ઉત્તમ પુસ્તકો', 'વિવિધ અકાદમીઓ દ્વારા પુરસ્કૃત પુસ્તકોની યાદીઓ' વગેરે, કનુભાઈ શાહ સંપાદિત ૫૦૦થી અધિક ગુજરાતી સંદર્ભગ્રંથોની સૂચિ તથા અંગ્રેજી અને ભારતીય ભાષાઓમાં પ્રગટ થયેલા ૨૫૦ થી અધિક વિશ્વકોશોની સૂચિ, ગુજરાતી મુદ્રણકલાનો ઈતિહાસ, ગુજરાતી મુદ્રણકલાના પિતા ફરદુનજી મર્ઝબાનજીનું ચરિત્ર, ગુજરાતી પ્રકાશન પ્રવૃત્તિ અને અગ્રણી પ્રકાશકોનો પરિચય વગેરે, કેટલાંક મહત્ત્વપૂર્ણ ગ્રંથાલયો અને વિદ્વત સંસ્થાઓ જેમકે અલેકઝાન્ડ્રિયા લાઈબ્રેરી, લાઈબ્રેરી ઑફ કાંગ્રેસ, રાષ્ટ્રીય પુસ્તકાલય, એશિયાટિક સોસાયટી, સાહિત્ય અકાદમી, નેશનલ બુક ટ્રસ્ટ, હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટ લાઈબ્રેરી, ગુજરાત વિદ્યાપીઠ, શેઠ મા. જે. પુસ્તકાલય

વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, અહીં સંપાદકે વાચનયાત્રાનો વિશ્વકોશ ખડો કરી દીધો છે. આ ગ્રંથત્રયીના માધ્યમથી સંપાદકની મધુકરવૃત્તિ અને વર્ષોની સાહિત્ય ઉપાસનાનાં દર્શન થાય છે. તેમજ સંપાદકશ્રી કેટકેટલા સ્રોતોમાંથી પસાર થયા હશે અને કઈ રીતે ઈચ્છિત વાચનસામગ્રી એકઠી કરી હશે તેની તો કલ્પના જ કરવી રહી.

આ પૂર્વે આ વિષય ક્ષેત્રે ડૉ. પ્રીતિ શાહ સંપાદિત 'પીધો અમીરસ અક્ષરનો', ગુજરાતના માહિતી ખાતા તરફથી 'પંચતીર્થી', સુરેશ દલાલ સંપાદિત 'મારું પ્રિય પુસ્તક', કિશોર પારેખ સંપાદિત 'આપણો અમૂલ્ય ગ્રંથવારસો' અને 'આપણો અક્ષરવારસો' વગેરે પ્રકાશિત ગ્રંથોમાંથી આપણા પ્રમુખ સર્જકો, સારસ્વતો વગેરેની ગ્રંથપ્રીતિ, વાંચન ટેવ, પસંદગીનાં પુસ્તકો વગેરે સંબંધી રસપ્રદ માહિતી મળી રહે છે. આ જ પ્રકારની માહિતી ઉપરાંત ઘણી બધી વૈવિધ્યપૂર્ણ અને જીવતરનું ભાથું પૂરું પાડે તેવી સંતર્પક વાચન સામગ્રી 'વાચકની દીવાદાંડી'માં સંગૃહીત છે. ઉદા. તરીકે મહેશ દવે કૃત ઈંગ્લેંડના વેલ્સ વિસ્તારમાં આવેલ પુસ્તકોનું ગામ 'હે-ઓન-વાય'ની ગાથા (ભા.૩, પૃ. ૨૯૮-૩૨૧) કે જે ઑક્સફર્ડના સ્નાતક રિચાર્ડ બુથના પ્રયાસોથી ટુરિસ્ટ આકર્ષણના કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવેલ છે. આ ગામમાં ૩૯ જેટલા બુક સ્ટોર્સ છે, કે જે પ્રાયઃ અપ્રાપ્ય પુસ્તકો માટે જાણીતા છે. સેકન્ડ હેન્ડ પુસ્તકો માટેનો દુનિયાનો સૌથી મોટો બુક સ્ટોર 'રિચાર્ડ બુથ્સ બુક સ્ટોર' અહીં આવેલો છે. ગુજરાતના 'હે – ઓન – વાય'નું બિરૂદ ભાવનગરને આપી શકાય. મેઘાણીબંધુઓ – મહેન્દ્રભાઈ મેઘાણી અને જયંતભાઈ મેઘાણી આપણા રિચાર્ડ બુથ. જો કે બુથ જેવા વ્યાપારી નહીં પરંતુ ગ્રંથસંસ્કૃતિના પ્રચાર-પ્રસારના ઉપાસકો. તો બીજી બાજુ હ્યુ એન સંગ બંગાળની ખાડીના માર્ગે ચીન પરત થતાં સમયે પોતાની સાથે ૬૫૭ ગ્રંથોનું પોટલું લઈને નીકળેલો. આ સમયે નાવમાં નાલંદા વિદ્યાપીઠના તેના બે સહપાઠીઓ જ્ઞાનગુપ્ત અને ત્યાગરાજ સહયાત્રી હતા. સમુદ્રમાં તોફાન શરૂ થતાં વધારાનો સામાન દરિયામાં ફેંકવાનો ખલાસી તરફથી આદેશ થતાં જ્ઞાનના સંરક્ષણ અર્થે આ બે ભારતીય વિદ્યાર્થીઓએ સ્વેચ્છાએ સમુદ્રમાં ઝંપલાવીને પ્રાણત્યાગ કરીને નાવનો ભાર હળવો કરી ગ્રંથોને બચાવી લીધા સંબંધી હૃદયદ્રાવક કથા (ભાગ-૨, પૃ. ૩૫૧-૩૫૨), ભારત યાત્રા બાદ ચીન પરત થયેલા હ્યુએનસંગને ચીનના શહેનશાહે એક પ્રાંતનો હાકેમ બનાવવાનો પ્રસ્તાવ કરેલો, પરંતુ તેણે તે ન સ્વીકારી ચીનની સેવા માટે શેષ જીવન ભારતીય ગ્રંથોના ચીની અનુવાદ માટે ગાળ્યું, નિઝામના પુરાતન ગ્રંથસંગ્રહની વિગતો વગેરે અહીં ગ્રંથસ્થ છે. હસમુખ રાવળના લેખ 'કેટલાક લેખન, લેખક અને પુસ્તકોનો સંક્ષિપ્ત ઈતિહાસ'માં જેલમાં રચાયેલાં કેટલાંક ઉત્તમ પુસ્તકો ઉદા. તરીકે વૉલ્ટર ટેલે – જગતનો ઈતિહાસ, ઓ હેનરીની વાર્તાઓ, લેનિનના ગ્રંથો, માર્કો પોલોના યાત્રા-વૃત્તાંતો અને કુબલાઈખાન, દોસ્તોયેવ્સકી – ફેમિલી ફ્રેન્ડ, સરવેંતિસ – ડોન કિવહોટ, તિલક – કર્મયોગ, નહેરૂ – ડિસ્કવરી ઑફ ઈંડિયા વગેરે, સ્વપ્નલોકમાં અનુભવેલ કૃતિઓની વાસ્તવમાં રચના કરનાર લેખકો ઉદા. તરીકે મેટરલિંક, જ્હૉન નેસફિલ્ડ, રોબર્ડ લુઈ સ્ટીવન્સન વગેરે, રાલ્ફ મૂડી કઈ રીતે લેખક થયો તેની વિગતો, કેટલાક ગ્રંથપ્રેમીઓનાં ગ્રંથસંગ્રહો વચ્ચે થયેલાં અવસાનની વિગતો વગેરે જાણવા જેવી રસપ્રદ વિગતો અહીં જોવા મળે છે. સંજય ભાવે કૃત ગ્રંથપાલોના અને સાથે સાથે પુસ્તક વિક્રેતાઓના આદર્શ જ્ઞાનમાળી જયંત મેઘાણીનું ચરિત્ર, કિરણ ચાંપાનેરી કૃત 'સંતસાહિત્યની ગામઠી યુનિવર્સિટી આનંદ આશ્રમ, ઘોઘાવદર'માં સંત સાહિત્યના સંશોધક-આરાધક નિજાનંદી ડૉ. નિરંજન રાજ્યગુરુની ઋષિકુળના તપસ્વી સમ પ્રવૃત્તિઓની ઝાંખી, જગપ્રસિદ્ધ પેંગ્વિન પેપરબેકના સર્જક એલન લિનનું ચરિત્ર, ગિરીશ ગણાત્રાના લેખમાં ફૂટપાથ ઉપર બેસી જૂનાં પુસ્તકો

વેચતા અભણ મનુભાઈનું પુસ્તકો વિશેનું જ્ઞાન, રજનીકુમાર પંડ્યાના લેખમાં બે ચોપડી ભણેલા ખેડૂત ઉકાભાઈની મોરારિબાપુ આયોજિત સાહિત્યકારોના મેળાવડામાં ઉપસ્થિતિ અને તેમની વાંચનપ્રીતિ, 'મુંબઈના દૂધવાળા' તરીકે જાણીતા ઢોરવાડો ચલાવતા જશુભાઈનો મફતમાં પુસ્તકોના અને વિતરણનો શોખ વગેરે લેખો વાચકનું ઘડતર અને ચણતર કરનારા છે. આ ઉપરાંત જ્ઞાનસંગ્રહવાનાં સાધનો, વિશ્વનાં શ્રેષ્ઠ ગ્રંથાલયો, ગુજરાતનાં શતાબ્દિ ગ્રંથાલયો, પુસ્તક પ્રકાશનના આંકડા, ગુજરાતી સામયિકોની વિકાસરેખા અને 'અખંડઆનંદ', પરિચય પુસ્તિકાઓની સૂચિ વગેરે લેખો અનેકવિધ રીતે ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

સંપાદકીય મર્યાદા એ કે કેટલાક લેખોના લેખકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ તેના મૂળ સ્રોતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઉદા. તરીકે ખંડ-૧માં બટ્રાર્ન્ડ રસેલ, જવાહરલાલ નહેરૂ, સફદર હાશમી, રમેશ પારેખ, ઉશનસ વગેરેનાં ગ્રંથમહિમા વર્ણવતાં કાવ્યો મૂળ કયા ગ્રંથમાંથી અહીં મૂકયાં છે તેના કોઈ આધારસ્રોતનો ઉલ્લેખ કર્યો નથી, તેમજ ક્વચિત મૂળ કર્તાઓના નામનો અભાવ પણ જોવા મળે છે. બીજું અહીં વાચક – વાંચનની સાથે સમગ્ર મુદ્રણ-પ્રકાશન જગત સંબંધી પસંદગીનું જે કંઈ હાથવગું થયું તેનો સમાવેશ કરવાથી અને પ્રાપ્ત માહિતીને પ્રમુખ વિષયો હેઠળ વિભાજિત ન કરવાથી ત્રણેય ગ્રંથોમાં સંકલિત માહિતીનો કોઈ ચોક્કસ ક્રમ જળવાઈ શકયો નથી, પરિણામે પ્રત્યેક વાચકને ઇચ્છિત માહિતીની શોધ માટે ત્રણેય ગ્રંથોના અનુક્રમમાંથી પસાર થવું જ રહ્યું. ગ્રન્થાન્તે સામાન્ય સૂચિ પણ આપવામાં આવી નથી. અહીં કેટલાક પ્રકાશકોનાં પુસ્તકોની સૂચિઓ, શેઠ મા. જે. પુસ્તકાલયનો વર્ષ ૨૦૦૨-૦૩નો અહેવાલ, કેટલાક લેખકોનાં પુસ્તકોની યાદીઓ વગેરેનો સમાવેશ ટાળી શકાયો હોત.

આમ છતાં, વાંચનની ઉપયોગિતા અને મહત્તા, આપણા સાક્ષરો વાંચન વિશે શું વિચારે છે, ભારતીય અને વિશ્વ સાહિત્યના ઉત્તમ ગ્રંથોની જાણકારી, વાંચન અને ગ્રંથના મહિમાગાનની સુક્તિઓ – અવતરણો, ગુજરાતી મુદ્રણકલા અને પ્રકાશન-પ્રવૃત્તિ વગેરેની જાણકારી માટેનો આ એક નિજાનંદની મસ્તીમાં – સ્વાન્તઃ સુખાય રઘુનાથગાથાની જેમ – તૈયાર કરવામાં આવેલો વિશ્વકોશીય ગ્રંથ છે. માહિતીની ખાણ છે.

પ્રસ્તુત ગ્રંથત્રયીની બાંધણી, સુઘડ મુદ્રણ અને સાજસજ્જા ધ્યાનાકર્ષક છે. આ ગ્રંથો કોઈપણ સાર્વજનિક, શાળા – કૉલેજ કે યુનિવર્સિટીના ગ્રંથાલયોમાં, તેમજ અંગત ગ્રંથસંગ્રહોની છાજલીઓ શોભાવે તેવા સત્ત્વશીલ છે, તેથી વસાવવા રહ્યા. માત્ર વસાવવા જ નહીં તેનું વાંચન પણ કરવું રહ્યું અને વિદ્યાર્થીઓને વંચાવવા પણ જોઈએ. ગ્રંથાલય વ્યવસાયિકો માટે આ ગ્રંથો દીવાંદાંડી સમાન છે. ગ્રંથાલયવિત્વની પાયાની ખરી કેળવણી માટેના આધારસ્રોતની ગરજ સારે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફુલબ્રાઈટ સ્કૉલર પ્રા. બી. એમ. પટેલ અર્થશાસ્ત્રના સેવા-નિવૃત્ત અધ્યાપક છે. અમેરિકા નિવાસ દરમ્યાન અમેરિકાના તત્કાલીન પ્રમુખ જ્હોન એફ. કેનેડીના આર્થિક સલાહકાર ડૉ. જ્હોન વી. લુઈસના Special Research Assistant તરીકે પણ તેમણે કામગીરી બજાવી હતી. છેલ્લા ચાર દશકાથી 'આર્થિક વિકાસ'નું સંપાદન – પ્રકાશન કરી રહ્યા છે. તેમના ૭૦થી અધિક મૌલિક – સંપાદિત ગ્રંથો પ્રકાશિત થયા છે. આ પૈકી ૨૦ જેટલી પુસ્તિકાઓ ગ્રંથ, ગ્રંથાલય, ગ્રંથપાલ અને વાચકનો મહિમા વર્ણવતી સુક્તિઓના સંચયો છે. અધ્યાપકીય નિષ્ઠા અને પુસ્તકો પ્રત્યેની વિશેષ રસ-રુચિ અને લગાવના કારણે ૨૫૦૦૦ જેટલાં અણમોલ અને કેટલાંક પ્રાયઃ અપ્રાપ્ય (Rare) પુસ્તકોનો તેઓશ્રી અંગત ગ્રંથસંગ્રહ પણ ધરાવે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા-વૃત્ત

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અલમ્નસ એસોસિએશિન

એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગરના (MBAના અલમ્નસ એસોસિએશન (SKAA)ના ૧૫૦ વિદ્યાર્થીઓ સભ્ય છે. પ્રા. વિપીન વાલેરાએ SKAA વેબ પેજ ઉપર SKAA વેબ પેજનું રજિસ્ટ્રેશન કરાવેલ છે. જેમાં વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ, સોશ્યલ પ્રોજેક્ટ વગેરે સંબંધી માહિતી આપવામાં આવી છે. http: //groups.google.com / group / bveleraskp છે અને e-mail address : bveleraskp@googlegroups.com છે.

### College with Potential for Excellence

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, સેક્ટર-૨૩, ગાંધીનગર કે જે NAAC દ્વારા B++ (ફાઈવ સ્ટાર)નો ગૌરવપૂર્ણ દરજ્જો ધરાવતી ગુજરાત યુનિવર્સિટીની અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત કૉલેજો પૈકીની એક છે. આ કૉલેજને તાજેતરમાં UGC દ્વારા College with Potential for Excellenceનું બિરુદ આપવામાં આવ્યું, તેમજ કૉલેજને રૂપિયા એક કરોડનું ખાસ અનુદાન ફાળવવામાં આવ્યું છે. કૉલેજ દ્વારા આ અનુદાનનો ઉપયોગ બહુવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સંશોધન પ્રવૃત્તિઓ, પરીક્ષા સુધારણા, મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટેની અન્ય અનેક Extention activities – વિસ્તરણ પ્રવૃત્તિઓ તથા ઈ-ગર્વનન્સના ભાગરૂપે લાઈબ્રેરી ઑટોમેશન, નેશનલ નૉલેજ નેટવર્કના નૉલેજ સર્વિસ સેન્ટર સ્થાપવા તથા Smart campusના ભાગરૂપે વિવિધ software/hardware વસાવી કૉલેજનું વહીવટી સંચાલન સ્વયંસંચાલિત સ્તરે ચલાવવા માટે કરવામાં આવશે.

### T.E.T. અને T.A.T. નિઃશુલ્ક ટ્રેનિંગ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી માણેકલાલ પટેલની સૂચનાથી યુનિવર્સિટીની એજ્યુકેશન ફેકલ્ટી દ્વારા ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની ભરતી માટે યોજવામાં આવનાર જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓ T.E.T. અને T.A.T.ની અગોતરી તૈયારીના ભાગ રૂપે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગરના પી.ટી.સી. અને બી.એડ્. કૉલેજોના કુલ ૬૩૮ પ્રશિક્ષણાર્થીઓ માટે નિઃશુલ્ક પ્રશિક્ષણનું આયોજન તા. ૧થી ૧૦ મે, ૨૦૧૧ દરમ્યાન કરવામાં આવ્યું હતું. મંડળે પ્રશિક્ષણાર્થીઓના નિવાસ અને ભોજનની વિનામૂલ્યે વ્યવસ્થા પેટે અંદાજિત રૂ. ૨.૫૦ લાખનો ખર્ચ વહન કર્યો.

### પીએચ.ડી.

ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ, કડીના પ્રિન્સિપાલ શ્રી બાબુલાલ આર. પટેલે રજૂ કરેલ શોધપ્રબંધ 'કન્સ્ટ્રકશન ઍન્ડ ટ્રાય આઉટ ઑફ સી.એ.આઈ. પ્રોગ્રામ ફોર સરટન યુનિટ્સ ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નોલોજી સબ્જેક્ટસ ઑફ સ્ટાન્ડર્ડ સેવન'ને માન્ય કરીને ગણપત

યુનિવર્સિટી, ખેરવા (મહેસાણા) એ તેમને શિક્ષણશાસ્ત્રમાં પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી છે. તેમણે પ્રસ્તુત શોધપ્રબંધ ડૉ. એમ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ છે. અભિનંદન.

### સોશ્યલ પ્રોજેક્ટસ

એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગરના (MBA)ના વિદ્યાર્થીઓ સામાજિક જવાબદારી સમજી શકે તે હેતુસર ગાંધીનગરની આસપાસની કેટલીક NGOની મુલાકાત ગોઠવવામાં આવી હતી. પરિણામસ્વરૂપે MBAના કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા NGOની કાર્યપદ્ધતિ વિશે પ્રોજેક્ટસ તૈયાર કરવામાં આવ્યા. આ મુલાકાત ઉભયપક્ષે લાભદાયી અને ઉપયોગી બની રહી હતી.

### પ્લેસમેન્ટ

એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગરના (MBA)ના વિદ્યાર્થીઓ માટે આયોજિત કેમ્પસ ઈન્ટરવ્યૂમાં કોટક મહિન્દ્રા, કોકા-કોલા ઈંડિયા લિમિટેડ, વાડીલાલ, ટીસીએસ, ફેડરલ બેંક, નેસ્લે, એક્સિસ બેંક વગેરે જેવી ૫૫ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે ૧૧૫ જેટલા વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા.

### સંશોધન પ્રોજેક્ટ

Friends of Women World Banking (FWWB) દ્વારા ભારતના ગામડાંઓમાં સોશ્યલ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા એસ. કે. પટેલ ઈનિસ્ટટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ઍન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગરને કેટલાક માયનોર અને મેજર રિસર્ચ પ્રોજેક્ટસ આપવામાં આવ્યા.

## શાળા વિભાગ

### વૃદ્ધાશ્રમની મુલાકાત

તા. ૨૧ જૂનના રોજ શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા. શાળાની ઉચ્ચતર માધ્યમિક વિભાગની આર્ટ્સ અને કૉમર્સની વિદ્યાર્થિનીઓએ પેથાપુરમાં આવેલ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. ધો.૧૧ના અંગ્રેજી વિષયના પાઠ્યપુસ્તકના યુનિટ-૧ 'Somebody's Mother'ને જીવંત અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દ્વારા શીખવવા માટે આ મુલાકાત યોજાઈ હતી. વિદ્યાર્થિનીઓએ વૃદ્ધોને રૂબરૂ મળી તેમની સાથે આત્મીયતા પૂર્વક વાર્તાલાપ કર્યો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીનીઓએ શાળાના શિક્ષકોના માર્ગદર્શન અને સહકારથી રોકડ ફાળો એકત્રિત કરી વૃદ્ધોને જીવનોપયોગી ચીજવસ્તુઓની કીટનું વિતરણ કર્યું હતું.

### શાળા પ્રવેશોત્સવ

રાજ્યભરમાં સરકારશ્રી તથા પંચાયતો દ્વારા ચાલતા શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ અંતર્ગત શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા.૨૪/૦૬/૨૦૧૧ના રોજ નવા દાખલ થયેલા ધોરણ-૧ના બાળકોના પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વિદ્યા અમારી શકિત છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે', 'દરેક બાળકને ભણાવો, આવો સ્વર્ણિમ પ્રવેશોત્સવ મનાવો.' – જેવા નારા સાથે વિદ્યાર્થીઓને કુમકુમનો ચાંદલો કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો અને દરેક બાળકે વિદ્યાની દેવી મા સરસ્વતીને વંદન સહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે બાળકોને શૈક્ષણિક કાર્ટૂન ફિલ્મ બતાવવામાં આવી હતી. બાળકોએ ફિલ્મ જોઈ મનોરંજન સહ જ્ઞાન પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓને પેન્સિલ તથા ચોકલેટ અર્પણ કરી તેમનું ભાવી તેજસ્વી બને અને શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# વિનોદ માધુરી

પહેલો કેદી : "ચહેરો પણ દગો દે છે. એક વાર એક સાહેબ મને દિલીપકુમાર સમજી બેઠા."

બીજો કેદી : "મારી સાથે પણ એવું જ થયું. મને જોઈ એક સાહેબ મને જવાહરલાલ નેહરુ સમજી બેઠા."

ત્રીજો કેદી : "આ તો કંઈ જ નથી. જ્યારે હું ચોથી વખત જેલમાં આવ્યો તો જેલરસાહેબ બોલ્યા, હે ભગવાન ! તું પાછો આવી ગયો."

✳

એક મહિલા : "બહેન, મારા પતિ રોજ સાંજે ઘેર આવે ત્યારે તેમના શર્ટ, ખભા અને કોલર પર લાલ-ગુલાબી કલરના ડાઘ જોવા મળે છે. મેં તેમને પૂછ્યું, 'આ શેના ડાઘ છે ?' તેઓ કહે ટમેટાની ચટણીના ! તમારા પતિ આવું કહે તો તમે શું કરો ?"

બીજી મહિલા : 'સૌથી પહેલાં તો હું એ ટમેટાની શોધ કરું."

✳

લેક્ચરર : "બારીની બહાર જોયા કરે છે તો કૉલેજમાં શા માટે આવે છે."

વિદ્યાર્થી : "વિદ્યા માટે મેડમ."

લેક્ચરર : "તો બારીની બહાર શા માટે જુએ છે ?"

વિદ્યાર્થી : "વિદ્યા હજી સુધી આવી નથી !"

✳

બે તોફાની બારકસોનાં માતા-પિતાએ ધર્મગુરુને છોકરાઓ વિશે ફરિયાદ કરી અને એમને સુધારવાના આશીર્વાદ માગ્યા. ધર્મગુરુએ છોકરાઓને બોલાવીને પૂછ્યું. "ભગવાન ક્યાં છે ?" બંને ચૂપ રહ્યા. ફરી ધર્મગુરુએ મોટા અવાજે કહ્યું, 'ભગવાન ક્યાં છે ?' બંને ચૂપ. ફરી ધર્મગુરુએ વધુ જોરથી પૂછ્યું, 'ભગવાન ક્યાં છે ?' આ સાંભળી નાના છોકરાએ મોટાને ધીમેથી કહ્યું, "આ વખતે ફસાઈ ગયા. ભગવાનનો પત્તો નથી એટલે આપણા ઉપર આરોપ આવશે."

✳

ચોર ચોરી કરવા ગયો તો તિજોરી ઉપર લખ્યું હતું. તિજોરી તોડવાની જરૂર નથી ચાર નંબર દબાવશો કે તિજોરી ઊઘડી જશે.

ચોરે એમ કર્યું તો પોલીસે આવીને એને પકડી લીધો.

ચોરે કહ્યું : 'મારો માણસ ઉપરથી વિશ્વાસ ઊઠી ગયો !'

✳

પતિ : "હું મરી જઈશ ત્યારે તને મારા જેવો બીજો માણસ નહીં મળે."

પત્ની : "તમારા જેવો બીજો માણસ મને જોઈએ છે એવું તમને કેમ લાગ્યું ?"

✳

શિક્ષક : "તેં ઘુવડ જોયું છે ?"

વિદ્યાર્થી : (નીચું જોઈને) "ના. સાહેબ !"

શિક્ષક : "નીચું શું જુએ છે ? મારી સામે જો !"

('નવનીત-સમર્પણ'માંથી સાભાર)

**ટાઈપસેટિંગ અને મુદ્રક :** શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯

**પ્રકાશક :** કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

ફોન : ૨૩૨૪૪૬૯૦




ડાહીબહેન નારણભાઈ ગોપાલદાસ પટેલ
ઈંગ્લિશ મીડિયમ હૉસ્ટેલ, કડી



પસીબહેન શંભુભાઈ એચ. પટેલ હાયર એજ્યુકેશન
બૉઈઝ હૉસ્ટેલ, કડી




સી. કે. પટેલ અને યુ. કે. પટેલ (યુ.એસ.એ.)
ઉચ્ચ શિક્ષણ બૉઈઝ હૉસ્ટેલ, ગાંધીનગર, સેક્ટર-૧૫



જયશ્રીબહેન વિનોદભાઈ અને શર્મિષ્ઠાબહેન હર્ષદભાઈ
ઉચ્ચ શિક્ષણ બૉઈઝ હૉસ્ટેલ, ગાંધીનગર, સેક્ટર-૧૫



ડાહીબહેન પ્રહ્લાદભાઈ રણછોડદાસ પટેલ (યુ.એસ.એ.)
ઉચ્ચ શિક્ષણ બૉઈઝ હૉસ્ટેલ, ગાંધીનગર, સેક્ટર-૧૫



રાઈબહેન નરસિંહભાઈ મહિલા હૉસ્ટેલ,
ગાંધીનગર, સેક્ટર-૨૩



લોદરીયા પરિવાર ઉમિયા કન્યા છાત્રાલય,
ગાંધીનગર, સેક્ટર-૨૩



બળદેવભાઈ ગોપાળદાસ પટેલ ઉમિયા કન્યા છાત્રાલય,
ગાંધીનગર, સેક્ટર-૨૩

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 1, Issue No. 3 May-June, 2011
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382015



સર્વ વિદ્યાલય
ઉચ્ચ શિક્ષણ
ઉમિયા કુમાર છાત્રાલય,
ગાંધીનગર, સેક્ટર-૨૩




ચંચળબહેન મફતલાલ પટેલ
કૉલેજ ઑફ નર્સિંગ હૉસ્ટેલ,
ગાંધીનગર, સેક્ટર-૧૨

